ISSN-0971-8397

# યોજના

જુલાઈ-૨૦૧૭ | વિકાસને સમર્પિત માસિક | ₹ ૩૦

વિશેષાંક

## ભારતમાં પ્રૌઢ વયની વ્યક્તિઓ માટે સામાજિક સલામતીઃ પડકારો અને ચિંતાઓ

સુમતિ કુલકર્ણી

## સૌના માટે આરોગ્ય સુરક્ષિત કરવાનો પ્રયાસ

કે સીતા પ્રભુ

## અલગ રીતે સક્ષમ લોકો માટે સામાજિક સુરક્ષા

સંધ્યા લિમયે

## ખેડૂતોના કલ્યાણની સલામતી : વાસ્તવિક્તાથી વિઝન સુધી

નિલાબ્જ ઘોષ

સૌરભ સાન્યાલ, રણજીત મહેતા




# સામાજિક સલામતી

ફોકસ લેખ

**વયોવૃદ્ધ લોકો માટે આવકની સુરક્ષા**

બદરી સિંહ ભંડારી

ખાસ લેખ

**સામાજિક સુરક્ષામાં આંતરરાષ્ટ્રીય કામગીરી અને ભારત માટે ભવિષ્યનો માર્ગ**

ચંદ્રકાંત લાહરિયા

## શું તમે જાણો છો?

# ટોપોગ્રાફી



‘ટોપોગ્રાફી’ શબ્દનો વિસ્તૃતપણે ઉપયોગ પૃથ્વીની સપાટીના વિસ્તૃત અભ્યાસને પ્રસ્તુત કરવા માટે થાય છે. તે જમીનના વિસ્તારની ભૌતિક ખાસિયતો સાથે સંબંધિત છે. તેમાં પર્વત, ખીણો, નદીઓ, સરોવરો, દરિયા અને સમુદ્રો તેમજ માર્ગો, પુલો, ડેમ, રેલવે લાઇન અને શહેરો જેવાં માનવસર્જિત ભૌતિક ફેરફારો સામેલ છે.

ટોપોગ્રાફીનો ઉદ્દેશ અક્ષાંક્ષ, રેખાંશ અને ઊંચાઈ જેવી કોઈ પણ લાક્ષણિકતા નક્કી કરવાનો છે. તે સર્વે કરવાની પદ્ધતિ સાથે ગાઢ રીતે જોડાયેલ છે, જે એકબીજાના સંબંધમાં પોઇન્ટની પોઝિશન નક્કી કરવાની અને રેકોર્ડ કરવાની પદ્ધતિ છે. ટોપોગ્રાફિક નકશાઓનો ઉપયોગ સિવિલ એન્જિનિયર્સ, એન્વાયર્ન્મેન્ટલ મેનેજર્સ અને અર્બન પ્લાનર્સ (શહેરી આયોજકો) તેમજ આઉટડોર ઉત્સાહીઓ, ઇમરજન્સી સર્વિસીસ એજન્સીઓ અને ઇતિહાસકારો કરે છે. ટોપોગ્રાફિક નકશો જમીનના ત્રિ-પરિમાણિય સ્તરની દ્વિ-પરિમાણિય રજૂઆત છે. રેખાઓ, રંગો, સંકેતો, લેબલ અને અન્ય ગ્રાફિકલ રજૂઆતોના સમન્વય સાથે ટોપોગ્રાફિક નકશાં પૃથ્વીની સપાટીની કુદરતી અને માનવસર્જિત ખાસિયતોના આકાર અને સ્થાનોનું ચિત્રણ છે.

ટોપોગ્રાફી માટે વિસ્તૃતપણે ડાયરેક્ટ સર્વે ટેકનિકનો ઉપયોગ થાય છે. આ પ્રક્રિયામાં થિયોડોલાઇટ્સ જેવાં લેવલિંગ ઉપકરણોનો ઉપયોગ અંતર અને ખૂણા માપવા માટે થાય છે. તે તમામ ટોપોગ્રાફિક મેપિંગ માટે મૂળભૂત ડેટા જનરેટ કરે છે, જેમાં ડિજિટલ ઇમેજિંગ સિસ્ટમ સામેલ છે. આ માહિતીનો ઉપયોગ કોઈ ખાસ સપાટી કે જમીનનાં ટુકડાનું સંપૂર્ણ ચિત્ર મેળવવા એરિયલ ફોટોગ્રાફી કે સેટેલાઇટ ઇમેજરી જેવી અન્ય સિસ્ટમ્સ સાથે સંયુક્તપણે થઈ શકશે. સમુદ્રનું માપન સોનાર મેપિંગ મારફતે થાય છે, જેમાં અંડરવોટર સ્પીકરમાંથી પાણી મારફતે અવાજના ધબકારા મોકલવામાં આવે છે. ધ્વનિના તરંગો પાણીમાં ચીજવસ્તુઓ દ્વારા પ્રતિબિંબિત થાય છે, જેમ કે દરિયાનું તળિયું, પરવાળાનાં સ્તરો કે સબમિરન. આ અવાજો માઇક્રોફોન્સ દ્વારા માપવામાં આવે છે. તેમાં પડઘો પરત ફરવામાં પ્રતિબિંબિત ચીજવસ્તુનાં અંતર જેટલો સમય લે છે. આ ડેટા પાણીની નીચેના વિસ્તારોનાં મેપિંગમાં પરિવર્તન કરવાની છૂટ આપે છે.

ટેકનોલોજીમાં પ્રગતિ થવાનાં કારણે અત્યારે નેવિગેશન સેટેલાઇટના સુસ્થાપિત નેટવર્કનું પીઠબળ ધરાવતી ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (જીપીએસ) ફિલ્ડ સર્વેયર્સને થોડાં ફીટની અંદર સમક્ષિતિજ સ્થિતિનો સચોટતાપૂર્વક નિર્ણય લેવાની સુવિધા આપે છે. તેઓ આ સુવિધા અતિ અંતરિયાળ વિસ્તારમાં પણ મેળવે છે, જ્યાં સર્વે કરવાની સામાન્ય ટેકનિકલનો ઉપયોગ કરવો શક્ય નથી. ૩-ડી રેન્ડરિંગ કમ્પ્યુટર સોફ્ટવેરનો ઉપયોગ કરીને ત્રિ-પરિમાણિય મોડલ પ્રસ્તુત કરવા સેટેલાઇટ કે એરિયલ ઇમેજનો ઉપયોગ કરે છે. એરિયલ ફોટોગ્રાફી અને ફોટોગ્રામેટ્રી વિવિધ ખૂણાઓમાંથી સંયુક્તપણે ફોટો લે છે અને પરિમાણોના સ્થાનની ગણતરી કરવા ત્રિકોણને માપવાની પ્રક્રિયાનો ઉપયોગ કરે છે. અન્ય સેટેલાઇટ્સ વિવિધ પ્રકારના સેન્સર્સનું વહન કરે છે, જેનું સ્થાન ટૂંક સમયમાં નકશા તૈયાર કરવા માટે એરિયલ ફોટોગ્રાફી પદ્ધતિ લેશે. આ નકશાઓ પ્રસ્તુત કરવા કે અપડેટ કરવા જરૂરી સમયમાં નોંધપાત્ર ઘટાડો કરશે અને સંપૂર્ણ સચોટતામાં વધારો કરશે.

આયોજન અને વિકાસને સમર્પિત

જુલાઈ-૨૦૧૭

વર્ષ : ૪૫ અંક : ૦૪ સળંગ અંક : ૭૯૯

# યોજના

મુખ્ય તંત્રી
દીપિકા કચ્છલ

આસિસ્ટન્ટ ડાયરેક્ટર
અજય ઈન્દ્રેકર

તંત્રી
જાન્હવી પટેલ

**યોજના કાર્યાલય**
લોંગ લાઈફ હૉસ્પિટલ બિલ્ડિંગ, યુ.કો. બૅંક ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૫૮ ૮૬૬૯, ૨૬૫૮ ૧૪૫૦
E-mail Address : yojanagujarati@gmail.com
Website : www.yojana.gov.in

## વિષયસૂચિ

**ભારતમાં પ્રૌઢ વયની વ્યક્તિઓ માટે સામાજિક સલામતીઃ પડકારો અને ચિંતાઓ**
**સુમતિ કુલકર્ણી** ........ ૫

**સૌના માટે આરોગ્ય સુરક્ષિત કરવાનો પ્રયાસ**
**કે સીતા પ્રભુ** ........ ૧૦

**અલગ રીતે સક્ષમ લોકો માટે સામાજિક સુરક્ષા**
**સંધ્યા લિમયે** ........ ૧૪

**ખેડૂતોના કલ્યાણની સલામતી : વાસ્તવિક્તાથી વિઝન સુધી**
**નિલાબ્જ ઘોષ** ........ ૧૯

**વયોવૃદ્ધ લોકો માટે આવકની સુરક્ષા**
**બદરી સિંહ ભંડારી** ........ ૨૩

**સામાજિક સુરક્ષામાં આંતરરાષ્ટ્રીય કામગીરી અને ભારત માટે ભવિષ્યનો માર્ગ**
**ચંદ્રકાંત લાહરિયા** ........ ૨૯

**ભારતમાં ખાદ્ય નીતિઃ એસડીજી માર્ગ પ્રશસ્ત કરવા કૃષિને પ્રાથમિકતા આપવી**
**ડો. મૌસમી દાસ** ........ ૩૫

**સામાજિક સુરક્ષાના પ્રકાર તરીકે મધ્યાહ્ન ભોજન યોજનાની જોગવાઈમાં બાયોમેટ્રિક્સની અસર**
**કિરણ ભાટી** ........ ૩૯

**ગરીબો અને વંચિત સમુદાયોનાં જીવનની ગુણવત્તા સુધારવા માટે પાયારૂપ પહેલો**
**ઊર્મિ ગોસ્વામી** ........ ૪૨

**કૉર્પોરેટ સામાજિક જવાબદારી – સમાજના નબળા વર્ગો સામાજિક – આર્થિક સશક્તિકરણમાં અગ્રેસર**
**જતીન્દર સિંગ** ........ ૪૫

**ભારતમાં છેવાડાના સમૂહો અને સામાજિક સુરક્ષા**
**ગૌરાંગ જાની** ........ ૪૮

**સ્વાવલંબન - સ્કીમ અને અટલ પેન્શન યોજના/NPS-Lite** ..... ૫૧

### ટાઈટલ

**૧. આવરણ ડિઝાઇન**
**૨. શું તમે જાણો છો ? - ટોપોગ્રાફી**
**૩. શ્રી વૈંકયા નાયડુએ અમદાવાદમાં ધ કલેક્ટેડ વર્ક્સ ઓફ મહાત્મા ગાંધી (સીડબલ્યુએમજી)નાં ૧૦૦ વોલ્યુમ સાબરમતી આશ્રમને અર્પણ કર્યા.**
**૪. પ્રકાશન વિભાગનાં પુસ્તકો**

છૂટક નકલ : રૂ. ૩૦-૦૦, વાર્ષિક લવાજમ : રૂ. ૨૩૦-૦૦, બે વર્ષ : રૂ. ૪૩૦-૦૦, ત્રણ વર્ષ : રૂ. ૬૧૦-૦૦
લવાજમની રકમ **"S.B.I. A/c. No. ૫૧૫-૦૮-૧૦, Yojana (Guj.)"**ના નામે મનીઑર્ડર/ચૅક/બૅંક ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલી શકાશે. યોજના તથા કુરુક્ષેત્રનું લવાજમ હવે ઑનલાઈન ભરી શકાશે. **www.yojana.gov.in**

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, મરાઠી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.
યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકોના પોતાનાં છે. તેની સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

# તંત્રીલેખ

## સામાજિક સલામતી – એક કરાર




દરેક જગ્યાએ ભારતની વસતિના લાભ વિશે ચર્ચા થાય છે. આ ચર્ચા ભારતની યુવા પેઢી કેવી રીતે ભારતને વહેલા મોડાં વિશ્વમાં આર્થિક ક્ષેત્રે ટોચ પર પહોંચાડશે જેવા મુદ્દાથી લઈને આ જ યુવા પેઢી રોજગારીની તકોના અભાવે અર્થતંત્ર પર કેવી રીતે બોજરૂપ બની શકે છે, એ મુદ્દા પર કેન્દ્રિત હોય છે.

વસતિ વિષયક લાભ પર આ તમામ ચર્ચાઓમાં આપણા આયોજનકર્તાઓ, અર્થશાસ્ત્રીઓ અને સામાજિક વિચારકોએ એક મહત્ત્વપૂર્ણ હકીકત ધ્યાનમાં રાખવી પડશે કે ભારતમાં વયોવૃદ્ધ લોકો કે વરિષ્ઠ નાગરિકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. એક અંદાજ મુજબ, વર્ષ ૨૦૨૬ સુધીમાં ભારતનાં વયોવૃદ્ધ લોકોની સંખ્યા ૧૭૩ મિલિયન થઈ જશે. તેમાંથી મોટાભાગના લોકો ગરીબ, વંચિત અને મહિલાઓ હશે, જેમને નાણાકીય અને માનસિક ટેકાની જરૂર પડશે. વળી મહિલાઓ, વિકલાંગો, વંચિતો, અસંગઠિત ક્ષેત્રના મજૂરો જેવાં અન્ય નબળાં જૂથો પણ છે, જે તમામને તેમનું જીવન ટકાવવા સરકાર પાસેથી એક યા બીજા પ્રકારની સહાયની જરૂર પડશે. સામાજિક સુરક્ષા એક કરાર છે, જે સમાજનાં આ નબળાં જૂથોને ટેકો આપવાની ખાતરી આપે છે. આ કરારને લોકતાંત્રિક સરકાર તોડી ન શકે અને તોડવો પણ ન જોઈએ. નસીબજોગે આપણા બંધારણના ઘડવૈયાઓએ બંધારણની કલમ ૪૩માં વસતિના વિવિધ વર્ગો માટે સામાજિક સુરક્ષાની જોગવાઈ કરી છે અને દેશમાં એક પછી એક સરકારોએ કલમની ભાવના જળવાય એવું સુનિશ્ચિત કર્યું છે.

ઇન્દિરા ગાંધી ઓલ્ડ એજ પેન્શન સ્કીમ અને ઇન્દિરા ગાંધી નૅશનલ વિડો પેન્શન સ્કીમ જેવી યોજનાઓ વયોવૃદ્ધ લોકો માટે સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરે છે. જ્યારે પેન્શન નિવૃત્તિ પછી તમામ સરકારી કર્મચારીઓ માટે જીવનધોરણ સુનિશ્ચિત કરતું હોવાથી સરકારી સેવાઓનાં મુખ્ય આકર્ષણો પૈકીનું એક હતું, ત્યારે ખાનગી ક્ષેત્ર આ પ્રકારની કોઈ સુવિધા ધરાવતું નથી. ખાનગી ક્ષેત્રમાંથી નિવૃત્ત થતા લોકો નોકરી કે સેવા દરમિયાન કરેલી બચત પર સંપૂર્ણપણે નિર્ભર હતા. તેનો અર્થ એ હતો કે નિવૃત્તિ પછી, જો બાળકોના શિક્ષણથી લઈને પુત્રીઓનાં લગ્નનો ખર્ચ આવે, તો આ બચતમાં મોટું ગાબડું પાડે અને કર્મચારી પાસે રોજિંદા ખર્ચ, સ્વાસ્થ્ય પર ખર્ચ વગેરે કરવા માટે બહુ ઓછી રકમ બાકી રહે. આ સમસ્યાનું સમાધાન કરવા સરકારે નૅશનલ પેન્શન સ્કીમ, અટલ પેન્શન યોજના, સ્વાવલંબન વગેરે જેવી યોજના શરૂ કરી હતી, જે નિવૃત્તિ પછી સ્થિર આવક સુનિશ્ચિત કરે છે.

ખેતીવાડી જોખમકારક વ્યવસાય છે. તેમાં પાકની સફળતા કે નિષ્ફળતાનો આધાર હવામાન, પાણીની ઉપલબ્ધતા કે અનુપલબ્ધતા, જંતુઓનું ઉપદ્રવ વગેરે જેવાં પરિબળો પર નિર્ભર હોય છે. ખેડૂતોનું કલ્યાણ આર્થિક સ્થિરતાની ચાવી છે એ હકીકતના અહેસાસ પછી સરકારે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, કૃષિ સિંચાઈ યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ જેવી યોજનાઓ પ્રસ્તુત કરી છે, જેનો ઉદ્દેશ ખેડૂતોને બિયારણ, પશુઓ માટે ઘાસચારા, ખાતરની ખરીદી વગેરે ખેતીવાડી સાથે સંબંધિત વિવિધ પ્રવૃત્તિઓ માટે નાણાકીય જોગવાઈ કરવાનો છે. આ તમામ યોજનાઓ દેશને અનાજ પૂરું પાડતાં ખેડૂત માટે સુરક્ષિતતા સુનિશ્ચિત કરશે તેવી અપેક્ષા છે. ખાદ્ય સુરક્ષા અન્ય સંબંધિત ક્ષેત્ર છે. ખાદ્ય સુરક્ષા એટલે અનાજ અને કઠોળ બજારભાવે ખરીદવાની ક્ષમતા ન ધરાવતા લાખો લોકો સુધી એ પહોંચે એવી સુનિશ્ચિતતા કરવી. સરકારી વિતરણ વ્યવસ્થાની શરૂઆત મૂળભૂત ખાદ્ય ઉત્પાદનો સબ્સિડાઇઝ્ડ કિંમતે ઉપલબ્ધ કરાવવાનો હતો. અત્યારે પીડીએસને ડીબીટી સાથે જોડી દેવામાં આવી છે, જેથી તેના લાભ ખરેખર જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચે.

વસતિના અન્ય નબળા વર્ગો વિકલાંગ, મહિલાઓ, વંચિતો અને અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં કામદારો છે, જેમની સમસ્યાઓનું સમાધાન ઇન્ક્લુઝિવ ઇન્ડિયા ઇનિશિયેટિવ જેવી સરકારની વિવિધ પહેલોમાં કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે, જેનો આશય રાષ્ટ્રનિર્માણમાં વિકલાંગ લોકો માટે સમાન તકો ઊભી કરવાનો છે. વળી લઘુમતિ અને વંચિત સમુદાય માટે નઈ મંઝિલ, ઉસ્તાદ અને નઈ રોશની જેવી યોજનાઓ શરૂ કરવામાં આવી છે. સરકારે તાજેતરમાં સામાજિક સુરક્ષા પર આચારસંહિતા અને શ્રમિકો માટે કલ્યાણકારક યોજનાઓ પ્રસ્તુત કરી છે, જે અસંગઠિત ક્ષેત્ર માટે સામાજિક સુરક્ષા પ્રદાન કરે છે. બેટીબચાવો, બેટીપઢાઓ અને સુકન્યા સમૃદ્ધિ યોજના કન્યાઓને શિક્ષણ પ્રદાન કરવા માટે પ્રસ્તુત કરવામાં આવી છે. ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓ માટે માતૃત્વ લાભ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો છે, જેને મંત્રીમંડળે મંજૂરી આપી છે. સરકારે વિવિધ નબળા સમુદાયોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે હેલ્થ ઇન્સ્યોરન્સ યોજનાઓ પણ પ્રસ્તુત કરી છે.

લોકશાહી રાષ્ટ્ર તેની વસતિની સમસ્યાઓ પ્રત્યે આંખ આડા કાન ન કરી શકે એ સમજી શકાય તેવી સ્વભાવિક બાબત છે. દેશની સરકાર તેના નબળાં સમુદાયોની સમસ્યાઓનું સમાધાન કરવા બંધાયેલી છે. એટલે સામાજિક સુરક્ષા સુશાસનમાં આવશ્યક પરિબળો પૈકીનું એક પરિબળ છે. જહૉન એફ કેનેડીએ કહ્યું હતું કે, “જો સ્વતંત્ર સમાજ ગરીબોની મદદ ન કરી શકે, તો તે થોડા ધનિકોને બચાવી નહીં શકે.” જે સરકાર ગરીબોનાં ઉત્થાન માટે શાસન કરવામાં માનતી હોય એ સરકારે નબળા વર્ગોની સામાજિક સુરક્ષા માટે નીતિઓ અને કાર્યક્રમોની યોજના બનાવવી અને તેનો અમલ કરવો આવશ્યક છે.

# ભારતમાં પ્રૌઢ વયની વ્યક્તિઓ માટે સામાજિક સલામતીઃ પડકારો અને ચિંતાઓ

સુમતિ કુલકર્ણી



*ભારતની કેન્દ્ર અને રાજ્ય સરકાર મોટી ઉંમરના લોકોને સામજિક સુરક્ષા પૂરી પાડે છે. (ઇંદિરા ગાંધી નેશનલ ઓલ્ડ એજ પેન્શન સ્કીમ i.e.IGNOAPS) અને (ઇંદિરા ગાંધી નેશનલ વીડો પેન્શન સ્કીમ i.e.IGNPWS) રોકડ સ્વરૂપે તથા ચીજવસ્તુ સ્વરૂપે સહાય કરે છે (જે માલ-સામાન અને સર્વિસીસ પૂરી પાડવામાં આવે છે, તેમાં આહાર સુરક્ષા, આરોગ્ય સુવિધાઓ વગેરે વૃદ્ધ વ્યક્તિઓ માટેના નેશનલ પ્રોગ્રામ (NPHCE) હેઠળ પૂરાં પાડવામાં આવે છે). એમાં રાહતો, સુવિધાઓ અને વિવિધ મંત્રાલયો દ્વારા અપાતી સર્વિસીસનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્ય સરકારો પણ વિવિધ યોજનાઓનો અમલ કરે છે, જેમાં કેરાલા, તામિલનાડુ જેવી સરકારોના લેબર વેલફેરબોર્ડની પેન્શન યોજનાઓ દ્વારા ત્યજી દેવાયેલી તથા અનાથ પત્નીઓને મધ્યાહ્ન ભોજન જેવી સર્વિસીસ પૂરી પાડવામાં આવે છે. પશ્ચિમ બંગાળમાં વૃદ્ધશ્રી, ઓડિશામાં મધુબાબુ પેન્શન સ્કીમ અને મહારાષ્ટ્રમાં સંજય ગાંધી અનાથ મહિલા પેન્શન સ્કીમનો તથા પંજાબમાં આટા-દાળ સ્કીમનો સમાવેશ થાય છે. ઘણાં રાજ્યોની પેન્શન યોજનાઓને IGNOAPS અને IGNPWS માં સમાવી લેવામાં આવી છે.*

સામાજિક સુરક્ષા યોજનાનો ઉદ્દેશ કામચલાઉ અથવા તો લાંબા ગાળા માટે જે લોકો કામ કરી શકતા નથી અને રોજી મેળવી શકતા નથી તેવી વ્યક્તિઓને ગુજરાન પૂરું પાડવાનો છે. વધુ વિકસિત દેશોમાં રાજ્યો દ્વારા (MDCs) સામાજિક સુરક્ષાની જોગવાઈઓ એ જીવનધોરણનો આંતરિક હિસ્સો છે. આમ છતાં, ઓછા વિકસિત દેશોમાં (LDCs) ભારે બેરોજગારી અને વિવિધ મુશ્કેલીઓ સામાજિક માળખાનો આંતરિક હિસ્સો બની રહેલી હોય છે. સામાન્ય રીતે સામજિક સુરક્ષાની યોજનાઓ દ્વારા જે જોખમોને આવરી લેવાય છે તેના કરતાં સ્થિતિ દારૂણ હોય છે. સામાજિક સુરક્ષા યોજનાઓની આર્થિક અર્થક્ષમતા (feasibility) ઓછા વિકસિત દેશો માટે એક મહત્વની અવરોધરૂપ બાબત છે. વિકસિત દેશોમાં પણ પ્રજનન ક્ષમતામાં ઘટાડાના કારણે લાંબો સમય પેન્શન આપવું પડતું હોવાથી લાભાર્થીઓની સંખ્યા વધવાને કારણે જાહેર પેન્શન પદ્ધતિ સમસ્યાઓનો સામનો કરી રહી છે. આનો અર્થ એ થયો કે મોટી વયના લોકો તથા યોગદાન આપનાર લોકોની ટકાવારીમાં ઘટાડો થઈ રહ્યો છે, એટલે કે કામ કરનાર વયના લોકો ઘટી રહ્યા છે. ૨૧મી સદીના મધ્યગાળા દરમિયાન આ દેશોની અંદાજે એક તૃતીયાંશ વસતિ ૬૦ વર્ષ કરતાં વધુ વય વટાવી ચૂકી હશે, તેવી ગણતરી છે.

અત્યંત ગરીબી, બેરોજગારી અને અર્ધ રોજગારીને કારણે તેમજ અનૌપચારિક ક્ષેત્રના મોટા સમુદાયને કારણે જે સમસ્યાઓનો સામનો કરવો પડે છે, તે ભારત જેવા દેશમાં ખૂબ જ અલગ પ્રકારની છે. આમ છતાં, તાજેતરમાં ઓછી આવક ધરાવતા દેશોની વસતિમાં જે ફેરફારો થઈ રહ્યા છે, તેને કારણે દારૂણ સ્થિતિમાં જીવન જીવતા પ્રૌઢ વયના લોકોને સામાજિક સુરક્ષા આપવાની જોગવાઈ તરફ ધ્યાન ખેંચાયું છે. યુરોપના કેટલાક દેશો (ફ્રાન્સ અને સ્વિડન)માં વયોવૃદ્ધ વ્યક્તિઓનું પ્રમાણ ૭ ટકા હતું. તે અંદાજે ૧૦૦ થી ૧૨૦ વર્ષના ગાળામાં ૧૪ ટકા જેટલું છે. ભારત, ચીન અને એશિયાના કેટલાક ઓછા વિકસિત દેશોમાં મૃત્યુદરમાં ઘટાડાના કારણે આવી સ્થિતિ માત્ર ૪૦ વર્ષમાં ઊભી થઈ છે.

### ૧. ભારતમાં વયોવૃદ્ધ લોકોની સામાજિક સુરક્ષાની સમસ્યાનું સ્વરૂપ

ભારત દુનિયાની પાંચમા ભાગની વસતિનું નિવાસસ્થાન છે અને તેમાં દુનિયાના એક તૃતીયાંશ ગરીબોનો અને દુનિયાના એક અષ્ટમાંશ વૃદ્ધોનો સમાવેશ થાય છે. આમ છતાં, હવે વયથી વૃદ્ધ વ્યક્તિઓને વૃદ્ધ લોકોનું આયુષ્ય વધવાને કારણે તથા અન્ય સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક કારણોથી સંયુક્ત પરિવારનું વિઘટન થવાને કારણે આ ઉપરાંત કાળજી રાખનાર લોકો ઘટવાને કારણે તેમજ નોકરી કરતી મહિલાઓની વધતી સંખ્યાને

કારણે તેમજ વિધવા બનવાના ઓછા પ્રમાણને કારણે હજુ હમણાં સુધી પરિવાર અને પુખ્તવયનાં બાળકોને વૃદ્ધ અવસ્થા માટે સલામતી પૂરી પાડવા માટેનું ભરોસાપાત્ર સાધન ગણવામાં આવતાં તે સામાજિક સુરક્ષાનો આ પરંપરાગત સ્રોત ગણાતો ભારતીય પરિવાર ભારે દબાણ નીચે આવી ગયો છે. આ ઉપરાંત યુવાનોનું વધતું સ્થળાંતર તથા બાળકોનો વધુ વ્યક્તિવાદી અભિગમ પણ સમસ્યારૂપ બની રહ્યાં છે.

ગરીબ વયની વૃદ્ધ વ્યક્તિઓમાં આ સમસ્યા ખૂબ જ તીવ્ર પ્રકારની હોય છે અને આવા લોકો પોતાના કથળતા જતા આરોગ્યને કારણે રોજી રળી શકતા નથી તથા તેમની પાસે ટકી રહેવા માટે ભાગ્યે જ કોઈ બચત હોય છે. ગરીબો હાંસિયામાં ધકેલાઈ જવાની સ્થિતિ એ વૈશ્વિકીકરણની નહી કલ્પેલો યોગાનુયોગ છે. આ ઉપરાંત ગરીબ મહિલાઓના વધતા જતા પ્રમાણને કારણે વૃદ્ધોને સામાજિક સુરક્ષા પૂરી પાડી શકે તેવા લક્ષિત પગલાં હાથ ધરવાનું પ્રમાણ ઘટી રહ્યું છે. ભારત સરકાર અને સાથે સાથે રાજ્યોની સરકારો પણ આ દિશામાં કેટલાક પ્રયાસો હાથ ધર્યા છે, પણ વધુ વિકસિત દેશોની તુલનામાં ભારત જેવા ઓછા વિકસિત દેશમાં સામાજિક સુરક્ષા યોજનોની ઓછી આર્થિક અર્થક્ષમતા (feasibility)ને તુલનાત્મક સ્તરે મૂકી શકાય તેમ નથી.

## ૨. BKPAI સર્વે

તાજેતરમાં UPNF નવી દિલ્હી, ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનૉમિક ગ્રોથ (IEG), નવી દિલ્હી, ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ ઍન્ડ ઇકોનોમિક ચેન્જ (ISEC), બૅંગાલુરુ અને ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સિસ (TISS), મુંબઈના ભારતમાં વધતી વયની વ્યક્તિઓ અંગે જાણકારી ઊભી કરવાના પ્રયાસના ભાગ તરીકે હાથ ધરાયેલા એક પ્રોજેકટના ભાગ તરીકે ‘‘ભારતમાં વયોવૃદ્ધ બનતા જતા લોકો અંગે જાણકારીનું નિર્માણ’’ (‘Building a Knowledge Base on Population Ageing in India’) ના હિસ્સા તરીકે ‘‘ભારતમાં વયોવૃદ્ધ લોકોના દરજ્જા’’ અંગે ( હિમાચલ પ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, મહારાષ્ટ્ર, કેરાલા અને તામિલનાડુ, સહિતનાં) ભારતના ૭ પસંદગીનાં રાજ્યોમાં મે થી સપ્ટેમ્બર ૨૦૧૧ દરમિયાન હાથ ધરાયેલા ૮૩૨૯ પરિવારોના સર્વેક્ષણમાં ૯૮૫૨ વૃદ્ધોની વિગત આપવામાં આવી છે. આ રાજ્યોમાં રાષ્ટ્રીય સરેરાશની તુલનામાં વૃદ્ધોની સંખ્યા વધારે છે.

આ સર્વેમાંથી મળેલા આંકડાઓનો અભ્યાસ કરીને આ લેખમાં ૧. ભારતમાં વયોવૃદ્ધ લોકોની સમસ્યાનો વ્યાપ કેટલો મોટો છે તે અંગે ૨. સામાજિક સુરક્ષા માટે સરકારના મુખ્ય પ્રયાસો ૩. ભારત સરકારની મહત્વની પેન્શન યોજનાઓ અંગે જાણકારી ૪. વય વૃદ્ધ લોકો દ્વારા આ યોજનાનો મર્યાદિત ઉપયોગ અને ૫. વૃદ્ધો માટેની સાર્વત્રિક પેન્શન યોજનાની અર્થક્ષમતા (feasibility) અંગે સમજ આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

## ૩. ભારતમાં આ સમસ્યાનો વ્યાપ

૧. વસતિ ગણતરીના આંકડા અનુસાર વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી અનુસાર ભારતમાં (૬૦ વર્ષથી) મોટી ઉંમરના લોકોની સંખ્યા ૧૦૪ મિલિયન હતી અને વર્ષ ૨૦૨૩ સુધીમાં આ સંખ્યા ૧૭૩ મિલિયનનો આંકડો પાર કરે તેવી સંભાવના છે. મોટી ઉંમરના લોકોની (૬૦ વર્ષથી) લોકોની સંખ્યા ૩૬૦ ટકાના દરે વૃદ્ધિ પામે તેવી શક્યતા છે. આથી અત્યંત વિરોધાભાસી રીતે સક્ષમ સહાયનો ગુણોત્તર ( કામ કરવાની ૧૫ થી ૫૯ વર્ષની વયના લોકોની સંખ્યાને આધારે ) ૨૦૦૧માં વ્યક્તિ દીઠ ૮.૪ હતો તે ઘટીને ૨૦૦૧માં ૭ થયો છે અને વર્ષ ૨૦૨૬માં ૫.૨ રહેશે.

**દારૂણ જીવન જીવતા લોકોમાં મહિલાઓનું વધતું પ્રમાણ :** વર્ષ ૨૦૫૦ સુધીમાં ૬૦ કે તેથી વધુ વય ધરાવતી વિધવા હોય તેવી મહિલાઓની સંખ્યા ભારતમાં ૧૮.૪ મિલિયન હતી. આ સમુદાયમાં વિધવા હોય તેવી ૬૦થી ૬૪ વર્ષની વય ધરાવતી મહિલાઓની સંખ્યા ૪૪.૫ ટકાથી માંડીને ૮૦ કે તેથી વધુ વય ધરાવતી મહિલાઓ ૮૮.૬ ટકા જેટલી હતી, આથી અત્યંત વિરોધાભાસી બાબત એ છે કે ૬૦થી ૬૪ વર્ષની વયના પુરુષોમાં ૧૦માંથી ૧ વિધુર હોય છે. અને ૮૦થી વધુ ઉંમર ધરાવનારા વિધુરની સંખ્યા માત્ર ૫ હોય છે.

૨. BKPAI સર્વેમાં પ્રતિબિંબિત થતી મોટી ઉંમરની વ્યક્તિઓની દારૂણ સ્થિતિનો વ્યાપ લગભગ ૪૫ ટકા લોકો કાં તો ગરીબીની જીવનરેખા નીચે લોકો માટેનું BPL અથવા તો અંત્યોદયકાર્ડ ધરાવતા હોય છે. મોટી ઉંમરની વ્યક્તિઓમાંથી એક તૃતીયાંશ માસિક માથા દીઠ રૂ.૧,૦૦૦થી ઓછો ખર્ચ કરતાં હોય છે. મોટી ઉંમરની વ્યક્તિઓમાંથી અડધા લોકો નાણાકીય બાબતોમાં અન્ય ઉપર આધાર રાખતા હોય છે. છેલ્લી બાબત એ છે કે મોટી ઉંમરની વ્યક્તિઓના આશરે ચોથા ભાગના લોકોને આર્થિક સહયોગની તાતી જરૂરિયાત ધરાવતા હોય છે. વ્યક્તિ વિવેક બુદ્ધિપૂર્વકની ચોકસાઈથી કહી શકે કે આશરે ૪૦ થી ૫૦ ટકા વૃદ્ધો અત્યંત દારૂણ આર્થિક હાલતમાં જિંદગી જીવી રહ્યા છે. (આ અંદાજ ગરીબીની જીવનરેખા (BPL) નીચે જીવતા લોકોની ટકાવારીને આધારે નક્કી કરાયો છે) અને તેમાંથી આશરે ૨૫ ટકા લોકોની જિંદગી અત્યંત દયનીય છે. પુરુષોની તુલનામાં મોટી ઉંમરની મહિલાઓ અને ખાસ કરીને વિધવાઓની હાલત તો કોઈ અસ્કામત નહી

હોવાને કારણે (પુરુષો ૩૩ ટકા મહિલાઓ ૬૬ ટકા) પુરુષોની તુલનામાં તેમની સ્થિતિ ખૂબ જ દયનીય છે. આવા તારણ માટે જે માપદંડો ધ્યાનમાં લેવાયા છે તેમાં (૧) આવકનો અભાવ (પુરુષો ૨૬ ટકા, મહિલાઓ ૫૯ ટકા), (૨) કોઈપણ પ્રકારની મિલકતનો અભાવ (પુરુષો ૧૧ ટકા, મહિલાઓ ૩૪ ટકા, વિધવાઓ ૨૮ ટકા, વિધુર ૧૪ ટકા) (૩) સંપૂર્ણપણે નાણાકીય રીતે પરાવલંબી (પુરુષો ૩૩ ટકા, મહિલાઓ ૬૦ ટકા). નસીબજોગે મોટી ઉંમરની વ્યક્તિઓમાંથી ૭૦ ટકા લોકો પુખ્ત વયના સંતાનની સાથે રહેતા હોય છે અને માત્ર ૬ ટકા એકલા રહેતા હોય છે. પરંતુ ત્રીજા ભાગની તમામ મહિલાઓની હાલત અત્યંત દયનીય હોય છે જેમની સંપત્તિ અત્યંત ઓછી હોય છે તેવા લોકો કાં તો એકલા રહે છે અથવા તો તેમના જીવનસાથીને સામાજિક સુરક્ષાની ખૂબ જ જરૂરિયાત હોય છે. મોટી ઉંમરના દર ૫ માંથી ૧ પુરુષ અને સ્ત્રીને એવું લાગે છે કે રાજ્ય સરકારે મોટી ઉંમરના લોકોને ટેકો આપવો જોઈએ.

### ૪. સરકારના પ્રયાસો

ભારતની કેન્દ્ર અને રાજ્ય સરકાર મોટી ઉંમરના લોકોને સામજિક સુરક્ષા પૂરી પાડે છે. (ઇંદિરા ગાંધી નેશનલ ઓલ્ડ એજ પેન્શન સ્કીમ i.e.IGNOAPS) અને (ઇંદિરા ગાંધી નેશનલ વીડો પેન્શન સ્કીમ i.e.IGNPWS) રોકડ સ્વરૂપે તથા ચીજવસ્તુ સ્વરૂપે સહાય કરે છે (જે માલ-સામાન અને સર્વિસીસ પૂરી પાડવામાં આવે છે, તેમાં આહાર સુરક્ષા, આરોગ્ય સુવિધાઓ વગેરે વૃદ્ધ વ્યક્તિઓ માટેના નેશનલ પ્રોગ્રામ (NPHCE) હેઠળ પૂરાં પાડવામાં આવે છે). એમાં રાહતો, સુવિધાઓ અને વિવિધ મંત્રાલયો દ્વારા અપાતી સર્વિસીસનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્ય સરકારો પણ વિવિધ યોજનાઓનો અમલ કરે છે, જેમાં કેરાલા, તામિલનાડુ જેવી સરકારોના લેબર વેલફેરબોર્ડની પેન્શન યોજનાઓ દ્વારા ત્યજી દેવાયેલી તથા અનાથ પત્નીઓને મધ્યાહ્ન ભોજન જેવી સર્વિસીસ પૂરી પાડવામાં આવે છે. પશ્ચિમ બંગાળમાં વૃદ્ધશ્રી, ઓડિશામાં મધુબાબુ પેન્શન સ્કીમ અને મહારાષ્ટ્રમાં સંજય ગાંધી અનાથ મહિલા પેન્શન સ્કીમનો તથા પંજાબમાં આટા-દાળ સ્કીમનો સમાવેશ થાય છે. ઘણાં રાજ્યોની પેન્શન યોજનાઓને IGNOAPS અને IGNPWS માં સમાવી લેવામાં આવી છે.

૧. IGNOAPS નો પ્રારંભ વર્ષ ૧૯૯૫માં GNOAPS તરીકે કરવામાં આવ્યો હતો, જેનાં મોટી ઉંમરના અનાથ લોકો માટે શરૂ કરવામાં આવી હતી, જેને વર્ષ ૨૦૦૭માં IGNOAPS નામ આપવામાં આવ્યું હતું અને ૬૦ થી ૭૯ વર્ષની વયના વૃદ્ધ લોકોને માસિક પેન્શન વધારીને રૂ.૨૦૦ કરવામાં આવ્યું હતું અને ૮૦થી વધુ વર્ષની વય ધરાવતા વૃદ્ધો માટે રૂ.૫૦૦ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર યોજના માટેનું ભંડોળ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને આપવામાં આવતું હતું અને આ યોજના હેઠળ ૬૫ વર્ષથી વધુ વય (હવે ૬૦ વર્ષ) ધરાવનાર ગરીબીની જીવનરેખા નીચે જીવતી વસતિના ૫૦ ટકા વસતિની મર્યાદાને આવરી લેવામાં આવી હતી. આ યોજના માટે લાભાર્થીઓની પસંદગી ગ્રામપંચાયતો દ્વારા રાજ્ય સરકારોએ તેમને આપેલા લક્ષ્યાંક મુજબ કરવામાં આવતી હતી. સંખ્યાની મર્યાદા અને રાજ્યો દ્વારા યોજનાનો લાભ લેવા માટે પાત્ર લોકોની સંખ્યા નક્કી કરવા માટે નીચેની ફૉર્મ્યુલા અપનાવવામાં આવતી હતી :

સંખ્યાની મર્યાદા = ૬૫થી વધુ વર્ષની ઉંમર ધરાવતી એક દ્વિતીયાંશ સંખ્યાનો રાજ્યના ગરીબીના ગુણોત્તર સાથે ગુણાકાર કરવામાં આવતો હતો. વર્ષ ૨૦૦૮ સુધીમાં અંદાજે ૬.૫ મિલિયન લોકોએ આ યોજનાનો લાભ લીધો હતો. સિનિયર સિટીઝન માટેની વર્ષ ૨૦૧૧ની નવી નીતિ મુજબ IGNOAPS યોજના હેઠળ પેન્શનની માસિક રકમ વધારીને રૂ.૧૦૦૦ કરવામાં આવી છે.

ઇંદિરા ગાંધી નેશનલ વીડો પેન્શન સ્કીમ (IGNPWS) નો પ્રારંભ વર્ષ ૨૦૦૯માં કરવામાં આવ્યો હતો. આ યોજના હેઠળ ૪૦થી ૬૪ વર્ષની ઉંમરની ગરીબીની જીવનરેખા નીચે જીવતી વિધવાઓને માસિક રૂ.૨૦૦નું પેન્શન લાભાર્થી દીઠ આપવામાં આવતું હતું. (પાછળથી આ વયમર્યાદા સુધારીને ૪૦ થી ૫૯ વર્ષ કરવામાં આવી હતી.) આવી મહિલાઓ ૬૦ વર્ષની ઉંમર પાર કરે તે પછી જ IGNOAPS યોજના હેઠળ પેન્શન મેળવવા માટે હક્કદાર બનતી હતી.

### ૫. IGNOAPS અને IGNPWS યોજનાઓ અંગે જાણકારી અને તેનો ઉપયોગ

મહત્ત્વનો મુદ્દો એ છે કે આવી યોજનાઓ અસ્તિત્વ ધરાવતી હોવા છતાં તે જરૂરિયાતમંદ મોટી ઉંમરના લોકો સુધી પહોંચે છે કે કેમ તે એક સવાલ છે. BKPAI સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે IGNOAPS અને IGNPWS યોજનાઓ અંગેની જાણકારી અનુક્રમે ૭૯ અને ૭૨ ટકા જેટલી હતી. આમ છતાં સર્વેક્ષણ હેઠળ આવરી લેવાયેલા લોકોમાંથી માત્ર ૧૩ ટકા લોકોને જ IGNOAPS પેન્શન મળતું હતું, જ્યારે IGNPWS પેન્શન માત્ર ૨૦ ટકા લોકોને જ મળતું હતું. IGNOAPS અંગે ગરીબીની

જીવનરેખા નીચે જીવતા ૮૧ ટકા પુરુષો અને ૭૨ ટકા જેટલી મહિલાઓમાંથી માત્ર ૨૨ ટકા મોટી ઉંમરના લોકો જ યોજનાનો લાભ લઈ શકતા હતા, જેમાં મહિલાઓનું પ્રમાણ માત્ર ૧૫ ટકા હતું. IGNPWS અંગે વાત કરીએ તો ગરીબીની જીવનરેખા નીચે જીવતી મોટી ઉંમરની વિધવા મહિલાઓમાંથી ૭૦ ટકા લોકોને યોજના અંગે જાણકારી હતી, પણ માત્ર ૨૦ ટકા લોકોને જ તેનો લાભ મળી શકતો હતો. વિવિધ રાજ્યોમાં આ યોજનાના લાભાર્થીઓના પ્રમાણ અંગે તફાવત જોવા મળે છે, પરંતુ મહદ્ અંશે IGNOAPS યોજનાનો અમલ પંજાબ, ઓડિશા અને હિમાચલ પ્રદેશમાં બહેતર રીતે થતો હતો જ્યારે IGNPWS યોજનાનો અમલ ઓડિશા, કેરાલા, પશ્ચિમ બંગાળ અને હિમાચલ પ્રદેશમાં બહેતર રીતે થતો હતો.

### ૬. યોજનાના ઓછા વપરાશ અંગેના કારણો :

BKPAI દ્વારા એકત્ર કરાયેલા ગુણાત્મક આંકડાઓ તથા અન્ય નાનાં સર્વેક્ષણોને આધારે જાણવા મળ્યું છે કે યોજનાના અમલીકરણના વિવિધ રાજ્યોમાં જે અનુભવો થયા છે. તેને આધારે નીચેનાં કારણો જાણવા મળ્યાં છે:

- મોટી ઉંમરના અભણ અને ગરીબ લોકોને ઓળખનો પુરાવો, ઉંમરનો પુરાવો, બીપીએલનો પુરાવો, પંચાયતના સભ્યની ભલામણ જેવા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં તકલીફોનો સામનો કરવો પડતો હતો. આને કારણે લાંચરુશવત, ભ્રષ્ટાચાર અને જાતિને આધારે લાભ આપવાની પ્રવૃત્તિ ઊભી થઈ હતી.

- બીપીએલ યાદીમાં ચોકસાઈની સમસ્યાને કારણે કૌભાંડો અને નકલી લાભાર્થી ઊભા કરવાનું પ્રમાણ વધ્યું હતું.

- પેન્શન મેળવવા માટે લાંબો સમય પ્રતિક્ષા કરવી પડતી હતી.

- પેન્શનની રકમ અપૂરતી હતી.

- યોજના માટે લાયક ઠરતા લાભાર્થીઓની ઓળખમાં નિષ્ફળતાને કારણે ફાળવવામાં આવેલા ભંડોળનો ઓછો ઉપયોગ થતો હતો. આવી મર્યાદાઓ હોવા છતાં કેટલાક સંશોધકોએ એવો આશાવાદ વ્યક્ત કર્યો છે કે આવી પેન્શન યોજનાની કામગીરી અસરકારક રહી હતી. ઓડીશા અને તામિલનાડુ જેવાં કેટલાંક રાજ્યો દ્વારા આવી યોજનાઓના મૉનિટરિંગ માટે અસરકારક તંત્રવ્યવસ્થા અને નવતર અભિગમ દાખવીને લાભને પાત્ર મોટી ઉંમરના લોકો સુધી બહેતર રીતે પહોંચી શકાયું હતું.

એક અંદાજ મુજબ ભારતમાં હાલમાં ૬ મિલિયન જેટલા મોટી ઉંમરના લોકો વૃદ્ધોને મળતું પેન્શન મેળવે છે અને અંદાજે ૩ મિલિયન જેટલી મહિલાઓને વિધવા પેન્શન મળે છે. NCAER દિલ્હી અને અમેરિકાની મેરીલૅન્ડ યુનિવર્સિટી દ્વારા કરાયેલા સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે મોટી ઉંમરના ૭ ટકા લોકોને પેન્શન સ્કીમમાં આવરી લઈ શકાયા છે (૫ મિલિયન લોકો પેન્શન મેળવે છે.)

### ૭. સાર્વત્રિક પેન્શન યોજનાની માંગ

આ બધી સમસ્યાઓ હલ કરી શકાય તે માટે પેન્શન પરિષદ દ્વારા એક સાર્વત્રિક, જેમાં યોગદાન આપવું પડતું ન હોય તેવી વૃદ્ધો માટેની પેન્શન યોજના ૫૫ વર્ષથી વધુ ઉંમર ધરાવતા પુરુષો અને ૫૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતી મહિલાઓ માટે રૂ.૨૦૦૦નું માસિક પેન્શન અથવા તો લઘુતમ વેતનના ૫૦ ટકા જેટલી રકમ, બંનેમાંથી જે વધુ હોય તે રકમ મળે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. મોટી ઉંમરના તમામ લોકો કે જેમની આવક, આવકવેરાની મર્યાદાની નજીક હોય અને જેમને અન્ય સ્રોતોમાંથી વધુ પેન્શન મળતું હોય. તેવા લોકોને આવી યોજનામાંથી બાકાત રાખવા જોઈએ.

એક સાદી ગણતરીમાં જણાયું છે કે ૬૦થી વધુ વર્ષની ઉંમર ધરાવતા વૃદ્ધોને માસિક રૂ.૨૦૦૦નું પેન્શન ચૂકવવાનો મહત્તમ ખર્ચ અંદાજે રૂ.૨,૪૯,૨૩૮ કરોડ જેટલો થઈ શકે છે. હાલમાં જે યોજનાઓ અમલમાં છે. તેમાં થતા વહીવટી ખર્ચની પણ નવી સાર્વત્રિક યોજના અમલમાં મૂકવાથી બચત થશે. અહી એ બાબત નોંધવી જોઈએ કે પેન્શન યોજનાનો વ્યાપ અને રકમ વધારવા જેવાં લોકરંજક પગલાંઓથી સરકારનાં સાધનો ઉપર બોજો પડી શકે છે અને તેના કારણે ઊંચા કરવેરા અથવા ફૂગાવાકારી પરિબળોને વેગ મળતાં વૃદ્ધોને પણ તેની માઠી અસર થઈ શકે છે. આવા કારણોથી યોજનામાંથી બાકાત રાખી શકાય તેવી પદ્ધતિ નક્કી કરવી મહત્ત્વની બની રહે છે. અહીં સૂચવવામાં આવી છે તેવી સાર્વત્રિક પેન્શન યોજનામાંથી આવકવેરો ભરતા લોકોને બાકાત રાખી શકાય, પરંતુ બાકાત રાખવાનો માપદંડ નક્કી કરવો મુશ્કેલ છે, કારણ કે મોટા ભાગના લાભાર્થીઓ કાં તો ગ્રામ્યવિસ્તારમાં વસે છે અથવા તો કૃષિક્ષેત્રમાંથી આવે છે. આ બધી સમસ્યાઓ ઉપરાંત આવકની સલામતીનું ખૂબ જ મહત્ત્વ છે અને તે ગરીબોને આરોગ્યની સલામતી તથા આહારની સલામતી પૂરી પાડતી સીધી સેવાઓનો વિકલ્પ બની શકે તેમ નથી.

### ૮. વર્તમાન સરકારના તાજેતરના પ્રયાસો

વર્તમાન સરકાર દ્વારા અટલ પેન્શન યોજના (APY) પ્રધાનમંત્રી જનધન યોજના, જીવન જ્યોતિ યોજના, પીએમ જનસુરક્ષા વીમા યોજના વગેરે યોજનાઓ શરૂ કરવામાં

આવી છે, પરંતુ તે યોજનાઓને અત્યાર સુધીમાં અહી જેની ચર્ચા કરવામાં આવી છે, તે યોજનાઓ સાથે સરખાવી શકાય તેમ નથી, કારણ કે અગાઉની યોજનાઓ યોગદાનને આધારે ચાલતી હતી અને તમામ યોજનાઓ માત્ર મોટી વયની વ્યક્તિઓ માટે ન હતી. આમ છતાં તેનાથી ભવિષ્યની મોટી ઉંમરની વસતિને ચોક્કસ અસર થશે.

APY એ અસંગઠિત વર્ગ માટેની એક એવી પેન્શન યોજના છે કે જેમાં યોજનામાં દાખલ થનારને રૂ.૧૦૦૦થી માંડીને રૂ.૫૦૦૦ સુધીનું પેન્શન આપવામાં આવે છે. સરકાર તરફથી યોજનામાં દાખલ થનાર માટે વાર્ષિક રૂ.૧,૦૦૦નું યોગદાન અથવા તો જે રકમ ઓછી હોય તે આપવામાં આવે છે. માત્ર આવકવેરો નહીં ભરતાં લોકો અને અન્ય વૈધાનિક પેન્શન યોજના સાથે નહી જોડાયેલા લોકો જ આવી પેન્શન યોજના માટે લાયક ઠરે છે. સરકાર આ યોજનામાં એટલે કે ૧ જૂનથી ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ સુધીમાં જોડાયેલા લોકોને માત્ર ૫ વર્ષ માટે યોગદાન આપશે.

વર્ષ ૨૦૧૫માં શરૂ કરાયેલી જનસુરક્ષા વીમા યોજના એ સરકારનું પીઠબળ ધરાવતી યોજના છે, જેમાં અકસ્માત વીમાનો લાભ આપવામાં આવે છે. ૧૮થી ૭૦ વર્ષની વય ધરાવનાર લોકો કે જેમનું બૅંકમાં પોતાનું ખાતું હોય તે રૂ.૧૨નું પ્રીમિયમ ચૂકવીને આ યોજનાનો લાભ લઈ શકે છે. આવી રકમ ચૂકવવાની રહે છે અથવા તો તેમના ખાતામાંથી કપાત કરાય છે. જો અકસ્માતને કારણે મૃત્યુ થાય અથવા તો સંપૂર્ણ અપંગતાની સ્થિતિ ઊભી થાય. તો રૂ.૨ લાખની ચૂકવણી કરવામાં આવે છે, જ્યારે અકસ્માતને કારણે અંશતઃ અપંગતા ઊભી થઈ હોય તો રૂ.૧ લાખની ચૂકવણી કરવામાં આવે છે. આ યોજનાને વર્ષ ૨૦૧૪માં શરૂ કરાયેલી પ્રધાનમંત્રી જનધન યોજના સાથે જોડી દેવામાં આવેલ છે.

જનધન યોજનામાં એ બાબતની ખાત્રી રાખવામાં આવે છે કે આ યોજનાનો લાભ લેનાર ખાતાધારકને વિવિધ નાણાકીય સેવાઓ જેવી આસાનીથી ઉપલબ્ધ યોજનાઓનો લાભ પણ મળવો જોઈએ, જેમાં જરૂરતને આધારે ધિરાણ, ઈન્સ્યોરન્સ, ચૂકવણીની સગવડ, ઓવરડ્રાફ્ટની સુવિધા વગેરેનો સમાવેશ થવો જોઈએ. આ પ્રકારની યોજના માટેનાં ખાતાં જિરો બૅલેન્સથી ખોલવામાં આવે છે. આ પ્રકારનાં ખાતા ખોલવાની પ્રક્રિયાને અત્યંત સરળ બનાવવામાં આવી છે. આ યોજના હેઠળ રૂ.૧ લાખનો અકસ્માત વીમો અને મૃત્યુ પછી રૂ.૩૦,૦૦૦નો જીવન વીમો ખાતેદારને ચૂકવવાની જોગવાઈ કરાઈ છે. ફેબ્રુઆરી, ૨૦૧૭ સુધીમાં આ પ્રકારનાં ૨૭ કરોડથી વધુ ખાતા ખોલવામાં આવ્યાં હતાં અને તેમાં રૂ.૬૬૫ અબજ જેટલી રકમ જમા થઈ હતી. ઓવરડ્રાફ્ટ તથા અન્ય સુવિધાઓનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં નકલી ખાતાં ખૂલી જવાને કારણે આ યોજનાની ટીકા થઈ હતી. જાહેરક્ષેત્રની બૅંકો ઉપર અતિશય બોજ લાદવાને કારણે પણ આ યોજનાની ટીકા થઈ રહી છે.

પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજનાનો પ્રારંભ વર્ષ ૨૦૧૫માં કરવામાં આવ્યો હતો. આ યોજનામાં જીવનવીમા પૉલિસી આપવામાં આવે છે, જેમાં પૉલિસી ધારણ કરનાર વ્યક્તિના પરિવારને પૉલિસી ધારકના મૃત્યુ પછી રૂ.૨ લાખની રકમ ચૂકવવામાં આવે છે. ૧૮થી ૫૦ વર્ષની વય ધરાવતા લોકો આ યોજનામાં જોડાઈ શકે છે. આ યોજનામાં ૩૧ મે પહેલાં દર વર્ષે રૂ.૩૩૦નું પ્રીમિયમ ચૂકવવાનું રહે છે.

આ યોજનાના મહત્ત્વ અંગેનું આકલન કરવાની બાબત ઘણી વહેલી ગણાશે. અન્ય યોજનાઓની જેમ કેટલાક મોટી ઉંમરના લોકોને પણ યોગદાનનો સમાવેશ ધરાવતી યોજનાઓનો લાભ મળ્યો હશે, પરંતુ મહત્ત્વનો મુદ્દો ગરીબ, સંપૂર્ણ પરાવલંબન ધરાવનાર લોકો, દયનીય સ્થિતિમાં જીવતાં વૃદ્ધો તથા કોઈ આવક કે મિલકત ધરાવતાં ન હોય તેવા લોકો માટે સલામતીની જોગવાઈનો છે. જરૂરિયાતમંદ લોકોને પસંદ કરવા અને તેવા લોકોને યોજનામાંથી બાકાત રાખવા તે નક્કી કરવાનું જરૂરી બને છે. આ ઉપરાંત અરજી કરવાની પ્રક્રિયાનું સરલીકરણ, લાભ આપવાની કાર્યક્ષમ વ્યવસ્થા વગેરે આ યોજના માટેના મોટા પડકારો છે. આખરે, કોઇપણ યોજના કે જેમાં નાણાકીય લાભ સંકળાયેલો હોય તેવી યોજના ગમે તેવી રીતે સારી રીતે ઘડવામાં આવી હોય તો પણ મૉનિટરિંગ માટેની કાર્યક્ષમ વ્યવસ્થા ગોઠવાય નહીં તો તેમાં ભ્રષ્ટાચાર થવાનો અને અછત ધરાવતાં નાણાકીય સાધનોનો બગાડ થવાનો ભય રહેતો જ હોય છે.

**લેખિકા મુંબઈની ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર પોપ્યુલેશન સાયન્સિસ (આઈઆઈપીએસ)માં ઓફિશિયટિંગ ડિરેક્ટર અને ડેવલપમેન્ટ સ્ટડીઝ ડિપાર્ટમેન્ટના હેડ છે. વસતિ અભ્યાસમાં સંશોધન અને શિક્ષણમાં પાંચ દાયકાના અનુભવ સાથે તેઓ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે — ૨ (એનએફએચએસ-૨) માટે ઓલ ઈન્ડિયા કો-ઓર્ડિનેટર હતાં અને યુએનએફપીએ, યુએનડીપી, યુનિસેફ, ઓઓરસી મેક્રો અમેરિકા દ્વારા સ્પોન્સર પ્રોજેક્ટના સલાહકાર છે.**

ઈ-મેલ : **Sumati2610@gmail.com**

# સૌના માટે આરોગ્ય  સુરક્ષિત કરવાનો પ્રયાસ

**કે સીતા પ્રભુ**

*આરોગ્ય સુરક્ષાને  સાર્વત્રિક આરોગ્ય સુરક્ષા સાથે જોડવામાં આવી અને ૧૯૮૧ની અલ્મા આટા ઘોષણા ૨ પછી તેને એક ઉકેલી શકાય નહીં તેવી સમસ્યા ગણીને સર્વોચ્ચ મહત્ત્વ આપવામાં આવ્યું અને વર્ષ ૨૦૦૦ સુધીમાં તમામના માટે આરોગ્યની સ્થિતિ હાંસલ કરવાની ઘોષણા કરવામાં આવી. ભારત સરકારે ૧૯૮૩માં નૅશનલ હેલ્થ પૉલિસીની જાહેરાત કરી જેને પાછળથી નેશનલ હેલ્થ પોલિસી ૨૦૦૨ દ્વારા તબદીલ કરવામાં આવી. નેશનલ રૂરલ હેલ્થ મિશન (NHRM) નો વર્ષ ૨૦૦૫માં પ્રારંભ કરવામાં આવ્યો અને તેનો ઉદ્દેશ દેશમાં પ્રાથમિક આરોગ્ય વ્યવસ્થાને મજબૂત કરવાનો હતો.  આ બધા પ્રયાસો છતાં સાર્વત્રિક આરોગ્ય સુવિધા પૂરા નહીં થયેલા એજન્ડાના સ્વરૂપે ચાલી રહી છે અને ભારતમાં પાયાના આરોગ્ય નિદર્શકો (indicatros) બાંગ્લાદેશ જેવા ઓછી આવક ધરાવતા દેશ કરતાં પણ નિમ્ન સ્વરૂપે રહ્યા છે અને અતિ મહત્વના MDGs ચૂકી જવામાં આવ્યા છે.*

**સામાજિક સુરક્ષા અને આરોગ્ય સુરક્ષાઃ** એક વિષય તરીકે સામાજિક સુરક્ષાને હંમેશાં આર્થિક અસ્થિરતા અને કટોકટી દરમિયાન હંમેશાં મહત્ત્વ મળતું રહ્યું છે. ૧૯૪૨ના સિમાચિન્હરૂપ બેવરીજ કમિટીના રિપોર્ટમાં પણ સામાજિક સુરક્ષાની વ્યાખ્યા શક્ય તેટલા વ્યાપક સ્વરૂપે “ઈચ્છામાંથી મુક્તિ” એવી કરવામાં આવી છે.  આ વ્યાખ્યાને અનુસરવામાં આવી નહોતી પણ સામાજિક સુરક્ષા અંગે ૧૯૫૦ના દાયકામાં જ ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન દ્વારા વધુ કામ આવે તેવી અને સંકીર્ણ પ્રકારે વ્યાખ્યા કરવામાં આવી અને તેને આકસ્મિકતા  સંબંધી પગલા તરીકે ઓળખવામાં આવી. ૧૯૮૯માં ડ્રેઝ એન્ડ સેન દ્વારા આ વ્યાખ્યાને વિકસિત દેશોના સંદર્ભમાં થોડી વિસ્તૃત બનાવવામાં આવી, તેને અનુસરીને ડ્રેઝ અને સેન દ્વારા આ વ્યાખ્યાને વિસ્તૃત બનાવાઈ અને પ્રભુ૧ દ્વારા પુનરોચ્ચાર કરવામાં આવ્યો કે  ભારત માટે જે સુસંગત છે, તે સામાજિક આર્થિક સલામતિ છે, જે સામાજિક ક્ષમતાઓ અને આર્થિક સલામતિની ખાત્રી આપે. આરોગ્ય સુરક્ષાએ આવી વ્યાપક ભાવનાનો આંતરિક હિસ્સો છે.

**સૌના માટે આરોગ્યઃ**

આરોગ્ય સુરક્ષાને  સાર્વત્રિક આરોગ્ય સુરક્ષા સાથે જોડવામાં આવી અને ૧૯૮૧ની અલ્મા આટા ઘોષણા ૨ પછી તેને એક ઉકેલી શકાય નહીં તેવી સમસ્યા ગણીને સર્વોચ્ચ મહત્ત્વ આપવામાં આવ્યું  અને વર્ષ ૨૦૦૦ સુધીમાં તમામના માટે આરોગ્યની સ્થિતિ હાંસલ કરવાની ઘોષણા કરવામાં આવી. ભારત સરકારે ૧૯૮૩માં નૅશનલ હેલ્થ પૉલિસીની જાહેરાત કરી જેને પાછળથી નેશનલ હેલ્થ પોલિસી ૨૦૦૨ દ્વારા તબદીલ કરવામાં આવી. નેશનલ રૂરલ હેલ્થ મિશન (NHRM) નો વર્ષ ૨૦૦૫માં પ્રારંભ કરવામાં આવ્યો અને તેનો ઉદ્દેશ દેશમાં પ્રાથમિક આરોગ્ય વ્યવસ્થાને મજબૂત કરવાનો હતો.  આ બધા પ્રયાસો છતાં સાર્વત્રિક આરોગ્ય સુવિધા પૂરા નહીં થયેલા એજન્ડાના સ્વરૂપે ચાલી રહી છે  અને ભારતમાં પાયાના આરોગ્ય નિદર્શકો (indicatros) બાંગ્લાદેશ જેવા ઓછી આવક ધરાવતા દેશ કરતાં પણ નિમ્ન સ્વરૂપે રહ્યા છે અને અતિ મહત્વના MDGs ચૂકી જવામાં આવ્યા છે.

ભારતની આરોગ્ય પ્રણાલી  દેશમાં વિકાસનું પેદા થયેલું અન્યાયી સ્વરૂપ દર્શાવે છે. ઊંચી આવકો અને સંપત્તિની અસમાનતાને પરિણામે  સેકન્ડરી લેવલે એક તરફ ઢળતી જણાય છે અને તેને કારણે ગરીબ માણસોને ટકી રહેવા માટે જેની વધુ જરૂર હતી તેવી  ઉપચારની સર્વિસીસ પાયાની

પ્રતિરોધાત્મક અને પ્રાથમિક સેવાઓને અવગણવામાં આવી હતી. વર્ષ ૨૦૦૮માં આ ઉપરાંત પાયાની મૂળભૂત પ્રતિરોધાત્મક આરોગ્ય સંભાળમાં રાજકીય નિષ્ઠાના અભાવને કારણે શિક્ષણથી વિપરીત રીતે સૌના માટે આરોગ્યનો મુદ્દો કયારેય પણ ચૂંટણી માટે મહત્ત્વનો મુદ્દો બની શક્યો નથી, જોકે આંધ્રપ્રદેશમાં ચૂંટણીમાં થયેલો નોંધપાત્ર લાભ સુસ્પષ્ટ હોવા છતાં આવું બનતું રહે છે. ૯.૧૦ આરોગ્ય બાબતે સ્થિતિ સુધારવા અંગે સામાન્યપણે જે રાજકીય ઉદાસીનતા જોવા મળે છે. તે આ ક્ષેત્ર માટે બજેટમાં ઓછી ફાળવણીમાં પણ પ્રતિબિંબિત થાય છે. અસરકારક આર્થિક વિકાસ છતાં આ ક્ષેત્ર માટે છેલ્લા દાયકામાં જીડીપીના ૧.૫ ટકાથી વધુ રકમ ફાળવવામાં આવી નથી. આનો અર્થ એ થયો કે દેશમાં આરોગ્ય અંગે જે ખર્ચ થાય છે તેની ૭૫ ટકા જેટલી રકમ ખિસ્સામાંથી ચૂકવવી પડે છે અને આવા આફત પેદા કરતા ખર્ચાઓ ઘણી મોટી સંખ્યામાં લોકોને ગરીબીની જીવનરેખાની નીચે લાવી મૂકે છે.

**વિશ્વના દેશોમાં આરોગ્ય વીમો**

બ્રાઝિલ, બોલિવીયા, ઇન્ડોનેશિયા અને થાઇલેન્ડ જેવા દેશોમાં પણ અગાઉ ભારે અસમાનતા અને આરોગ્ય સુવિધાઓ મેળવવામાં અસમતુલાની આ પ્રકારની જ હાલત હતી, પરંતુ તેમણે ૧૯૮૦ના દાયકા પછી સાર્વત્રિક આરોગ્ય સુવિધા ઉપલબ્ધ કરવા અંગેની પોતાની હાલતમાં સુધારો કર્યો છે. થાઇલેન્ડમાં ૩૦ બચતની યોજના, વિકેન્દ્રીકરણ બાબતે સુધારા તથા ઇન્ડોનેશિયામાં સામાજિક હેલ્થ ઇન્સ્યોરન્સ, બ્રાઝીલમાં સુધારેલી આરોગ્ય વ્યવસ્થાના સુધારા, આ બધાં ઉદાહરણ પૂરી પાડે છે કે અલગ અલગ દેશોએ કેવી રીતે સમગ્ર પ્રજા માટે જાહેર આરોગ્યના મુદ્દાને હલ કર્યો છે. આ દેશોનાં ઉદાહરણ દર્શાવે છે કે પ્રાથમિક આરોગ્ય વ્યવસ્થાને મજબૂત બનાવવાની બાબત સાર્વત્રિક આરોગ્યના વ્યાપ માટે કેટલું મહત્વ ધરાવે છે. ૧૧, ૧૨

**ભારતમાં આરોગ્ય વીમો**

ભારતમાં હેલ્થ ઇન્સ્યોરન્સની શરૂઆત એમ્પ્લોયમેન્ટ હેલ્થ ઇન્સ્યોરન્સ સ્કીમ (ESIS) સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કીમ (CGHS) થી થઈ. આ યોજના મારફતે માત્ર સરકારી કર્મચારીઓ અને તેમના આશ્રિતોને સેવા આપવામાં આવતી હતી. આ યોજનાઓ ઉચ્ચસ્તરની દ્વિતીય અને તૃતીય વર્ગની સર્વિસમાં ધ્યાન કેન્દ્રિત કરે છે અને બંને યોજનાઓ સાથે મળીને જાહેર ક્ષેત્રમાં કામ કરતી ભારતની ૧૦ ટકાથી પણ ઓછી વસતિને આવરી લે છે. ૧૩.૧૪

વર્ષ ૨૦૦૫માં ગ્રામ્ય વિસ્તારોની ગરીબ મહિલાઓમાં સંસ્થાગત પ્રસૂતિને પ્રોત્સાહન માટે જનની સુરક્ષા યોજના (JSY) રજૂ કરવામાં આવી હતી. માતાઓના મૃત્યુદરમાં ખાસ ઘટાડો નહીં થયો હોવા છતાં, આ યોજનાને કારણે સંસ્થાગત પ્રસૂતિની સંખ્યામાં અને ખાસ કરીને ગરીબ રાજ્યોમાં વધારો થયેલો જોવા મળ્યો હતો. ૧૫,૧૬

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમાયોજના (RSBY) ની શરૂઆત વર્ષ ૨૦૦૮માં દારૂણ સ્થિતિમાં જીવતા લોકોને આફતરૂપ સારવારના ખર્ચમાંથી બચાવવા માટે અને ગરીબીની જીવનરેખાથી નીચે જીવતા લોકોને ગુણવત્તાયુક્ત સારવાર મળી રહે તે માટે તેવા કેસ માત્ર ૧૧.૮ મિલિયન હતા તે બાબત દર્શાવે છે કે આ યોજનાના ઉપયોગનું પ્રમાણ ઓછું રહ્યું હતું. વધુમાં ક્ષેત્રમાંથી પ્રાપ્ત થયેલી માહિતી દર્શાવે છે કે આરએસબીવાય યોજનાનો ઉદ્દેશ મુખ્યત્વે ગરીબોમાં આરોગ્ય સુવિધા પાછળ થતો ખર્ચ ઘટાડવાનો છે, પરંતુ આ ઉદ્દેશ હાંસલ થયો હોય તેમ જણાતું નથી અને આ યોજનામાં ઔષધો અને નિદાનના ખર્ચને આવરી લેવામાં આવતો નહીં હોવાના કારણે તથા RSBYમાં અન્ય ગંભીર દર્દીઓને આવરી લેવાયલ નહીં હોવાના કારણે તથા વધારાના પરિવહન ખર્ચા નહી આપવાના કારણે OOP ખર્ચમાં ઘટાડો થયો નથી. ૧૮ જે રાજ્યોમાં RSBY નો દેખાવ બહેતર જોવા મળ્યો છે તેમાં કેરાલાનો સમાવેશ થાય છે. આ રાજયમાં આરોગ્યલક્ષી સારવારનું સારું માળખું રચવામાં આવ્યું છે.

ઓછામાં ઓછા ૮ રાજ્યો હેલ્થ ઇન્સ્યોરન્સની સ્કીમ ચલાવે છે. આ યોજનાઓમાં બીપીએલ પરિવારો માટે વાજપેયી આરોગ્યશ્રી સ્કીમ (VAS) તથા કર્ણાટકની યશસ્વીની કો-ઓપરેટિવ ફાર્મર્સ હેલ્થ કેર સ્કીમ, આંધ્રપ્રદેશ (તેલંગણા સહિત) ની રાજીવ ગાંધી આરોગ્યશ્રી સ્કીમ (RAS) તથા મહારાષ્ટ્રની આરોગ્યયોજના તથા ગુજરાતની મુખ્યમંત્રી અમૃતમ યોજના અને છત્તીસગઢની સંજીવની કોષયોજનાનો સમાવેશ થાય છે. આ બધી યોજનાઓમાં આંધ્રપ્રદેશની યોજના ૮૫ ટકા લોકોને આવરી લઈને સાર્વત્રિક આરોગ્ય સંભાળની નિકટ પહોંચી છે. આમ છતાં દ્વિતીય વર્ગ અને તૃતીય વર્ગની સારવાર અપાતી હોવાના કારણે લગભગ અડધા જેટલી ચૂકવણીઓ હૃદયરોગ, કેન્સર અને કિડની નિષ્ફળ જવાના કેસમાં કરવામાં આવતી હોય છે તથા સૌથી ગરીબ એવા ૪૦ ટકા લોકો માટે શ્વાસોચ્છ્વાસસની તકલીફો, ડાયેરિયા, ટીબી

અને હૃદયના અન્ય રોગોને કારણે નાની ઉંમરે મૃત્યુ અને અપંગતા જેવી સળગતી સમસ્યા ચાલુ રહે છે. આ તમામ રોગો ખૂબ જ ધ્યાન માંગી લે છે અને તેની સારવાર પ્રાથમિક સ્તરે જ થવી જોઈએ. એકંદર સ્થિતિ તપાસીએ, તો ૨૮૦ મિલિયન કરતાં વધુ લોકોને આરોગ્યસુરક્ષા પૂરી પાડવામાં આવે છે અથવા તો વસતિનો એક ચતુર્થાંશ વર્ગ સરકારી ઇન્સ્યોરન્સ પ્રોગ્રામનો લાભ CGHS, ESIC જેવી રાજ્ય સરકારની યોજનાઓ અને RSBY મારફતે મેળવે છે. આમ છતાં કેન્દ્ર સરકારની કે રાજ્ય સરકાર દ્વારા ચાલતી કોઈ યોજના ઇન્સ્યોરન્સના પૅકેજમાં પ્રાથમિક સારવારને આવરી લેતી નથી. આ મુદ્દે મેઘાલય એક અપવાદરૂપ રાજ્ય છે, જે આંશિકપણે આ સારવારને આવરી લે છે. તે સિવાયની તમામ યોજનાઓ મુખ્યત્વે દ્વિતીય અને/ અથવા તૃતીય પ્રકારની સારવારને આવરી લે છે.

**આગળનો માર્ગ:**

ભારતની નવી નેશનલ હેલ્થ પોલિસી-૨૦૧૭માં ઘનિષ્ઠ પ્રાથમિક સારવાર અંગે નોંધપાત્ર બદલાવ જોવા મળે છે અને આ યોજના બે કારણોથી મહત્ત્વની બની રહે છેઃ પ્રથમ યોજનામાં રોગના અભાવને બદલે શરીરસૌષ્ઠવ (Wellness)ને આવરી લેવામાં આવેલ છે. આ યોજનાઓથી ખૂબ મહત્ત્વની ગણાતી પ્રાથમિક સારવારનું મહત્ત્વ મળ્યું છે. અચરજ થાય તેવી બાબત એ છે કે જ્યારે આરોગ્ય વ્યવસ્થા પાસે અપેક્ષાઓ વધતી જાય છે ત્યારે આ યોજનાને કારણે પણ વર્ષ ૨૦૨૫ સુધીમાં જીડીપીની ૨.૫ ટકા જેટલી રકમ ખર્ચવાનો નમ્ર ઉદ્દેશ પણ પાછળ ધકેલાઈ ગયો છે. નાણાકીય અગવડ નિવારવા માટે ખાનગી અને જાહેરક્ષેત્રની ભાગીદારી ઉપર આધાર રાખવામાં આવે છે. આમ છતાં એવા દાખલા જોવા મળ્યા છે કે યોજના કાળજીપૂર્વક ઘડવામાં આવી ન હોય તો તેનાથી પ્રોત્સાહક પરિણામો પ્રાપ્ત થયા નથી. આ કારણે ઉદાર જાહેર સબસિડીનો લાભ મેળવી ખાનગી ક્ષેત્ર મજબૂત થતું જાય છે. આંતરરાષ્ટ્રીય અનુભવોમાં સ્પષ્ટપણે જોવા મળ્યું છે કે પાયાની માળખાગત સુવિધાઓ અસ્તિત્વ ધરાવતી હોય તો જ હેલ્થ ઇન્સ્યોરન્સની યોજનાઓ સફળ બની શકે છે. આ કામગીરી માત્ર સરકાર જ કરી શકે. હેલ્થ ફોર ઓલ નું ધ્યેય હાંસલ કરવું હોય તો સરકારે ભંડોળની યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ તથા આરોગ્ય ક્ષેત્રે ખર્ચ વધારવાની સાથે સાથે બહેતર કાર્યક્ષમતા હાંસલ થાય તે માટે કેટલાક સુધારા પણ હાથ ધરવા પડે. આ સિવાય અન્ય કોઈ ઉપાય નથી. રાવ (૨૦૧૭)૨૦ દ્વારા નિર્દેશ આપવામાં આવ્યો છે કે આવી યોજનાઓ માટે જરૂરી ભંડોળ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય. એક અંદાજ મુજબ સર્વિસ આપવાની વ્યવસ્થા સુધારવા માટે મૂડી ખર્ચ તરીકે જીડીપીના ૧ થી ૧.૫ ટકા જેટલી રકમનો ખર્ચ થાય અને એ દ્વારા આરોગ્ય અંગેની માળખાગત સુવિધાઓ સુધારી શકાય. જીડીપીની વધુ ૧ ટકા રકમનો ખર્ચ કરીને પ્રાથમિક સારવાર, દ્વિતીય અને તૃતીય વર્ગની સારવાર સાર્વત્રિક ધોરણે અમલમાં મૂકી શકાય તથા તૃતીય પ્રકારની સારવારમાં ૬૦ ટકા જેટલી વસતિને આવરી લઈ શકાય. વધુમાં જીડીપીની ઓછામાં ઓછી ૨ ટકા જેટલી રકમ પબ્લિક સેનિટેશન, કચરાના નિકાલની વ્યવસ્થા, પોષણ અને આવાસ યોજનાઓ જેવી સપોર્ટિંગ માળખાગત સુવિધાઓ સ્થાપવામાં ખર્ચવી પડે તેમ છે.

સાર્વત્રિક આરોગ્ય સુવિધાની બાબતને વર્ષ ૨૦૩૦ સુધીના સાતત્યપૂર્ણ વિકાસ ધ્યેયના એજન્ડામાં આવરી લેવામાં આવેલ છે. ભારત આ દિશામાં જે કામગીરી કરશે તે વિશ્વમાં આવું ધ્યેય હાંસલ કરવા માટે પ્રેરણારૂપ બનશે. ભારત સરકાર દ્વારા નેશનલ હેલ્થ પોલિસી ૨૦૧૭નો શબ્દશઃ અને ભાવનાથી અમલ થવો જોઈએ. તેવું થઈ શકે તો લાંબા સમયથી જેની અપેક્ષા રાખવામાં આવે છે તે તમામને માટે આરોગ્ય સુરક્ષાનું ધ્યેય હાંસલ કરી શકાશે.

**ટિપ્પણી:**

૧. પ્રભુ કે સીતા. ૨૦૦૧. સોશિયો ઇકોનૉમિક સિક્યોરિટી વ્યાપક ગરીબીના સંદર્ભમાં ભારત અંગે અભ્યાસલેખ, જીનિવાઃ ઇન્ટરનેશનલ લેબર ઑર્ગેનાઇઝેશન.

૨. ICSSR/ ICMR તમામને માટે આરોગ્યઃ વૈકલ્પિક વ્યૂહરચના. પૂનાઃ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશન-૧૯૮૧

૩. ભારત ક્રમશઃ મધ્યમ આવકના દરજ્જા તરફ આગળ વધતું જાય છે, પરંતુ ગરીબીના ભારે બોજ અને રોગોને કારણે આર્થિક દેખાવ અને સામાજિક નિર્દેશકોમાં સુધારા વચ્ચે અસમતુલા જોવા મળે છે.

૪. MoSPIc નો અહેવાલ અને વિશ્વ બૅંકના આંકડાઓ તથા NFHS3, દર્શાવે છે કે ૧૯૯૨-૯૩માં મૃત્યુદર ૫થી ઓછો હતો અને ૨૦૧૪-૧૫માં દર ૧૦૦૦ વ્યક્તિના જન્મમાં મૃત્યુનો દર ૧૦૯ થી ઘટીને ૫૦ થયો હતો. આમ છતાં આ દર ૨૭ના MDGના લક્ષ્યાંકને પહોંચી શકે તેમ નથી. સમાન

પ્રકારે MMR ૧૯૯૦માં ૪૩૭ હતો તે દર ૧ લાખના જન્મમાં ઘટીને ૧૭૪ સુધી પહોંચ્યો છે અને હાંસલ કરવાનો ૧૦૯નો લક્ષ્યાંક ચૂકી જવાયો છે. ભારતમાં અડધાથી વધુ બાળકો ઓછું વજન ધરાવે છે અને હાલના દરે જો ઘટાડો થવાનો હોય તો વર્ષ ૨૦૧૫ સુધીમાં માત્ર ૩૩ ટકાનો જ ઘટાડો થઈ શકે. એનો અર્થ એ થયો કે લક્ષ્યાંક હાંસલ કરવામાં ૨૬ ટકાનું અંતર રહી ગયું છે.

૫. આવકની અસમાનતાને (વપરાશ ખર્ચની દૃષ્ટિએ ગણનામાં લેવાય તો) જો આવકોની દૃષ્ટિએ તુલનામાં લેવાય તો ૦.૫૧નું સ્તર લેટિન અમેરિકાના દેશો કરતાં વધારે છે. ગિનીનું મૂલ્ય ૦.૭૦ થતાં આવકની અસમાનતા વધી છે.

૬. વિશ્વ આરોગ્યસંસ્થાના બિનચેપી રોગો અંગેના કન્ટ્રી પ્રોફાઈલ 2014 http://www.who.int/nmh/countries/ind_en.pdf માં ઉપલબ્ધ છે.

૭. અનુસૂચિત જાતિઓમાં અને અનુસૂચિત જનજાતિઓમાં બાળ મૃત્યુનો દર અનુક્રમે ૧૪ અને ૮ ટકા છે, જે ઊંચી આવક ધરાવતા જૂથો કરતાં વધુ છે (NFHS3). કેરાલામાં જન્મેલું બાળક ૭૪.૯ વર્ષ જીવે તેવી અપેક્ષા રહે છે, જ્યારે એ જ સમયે બિહારના ગ્રામ્ય વિસ્તારમાં જન્મેલું બાળક ૬૭.૮ વર્ષ જીવે તેવી અપેક્ષા રહે છે. (જીઈજી સંક્ષિપ્ત લાઈફ ટેબલ્સ ૨૦૧૦-૨૦૧૪) પુરુષ અને સ્ત્રી વચ્ચે જે ભેદભાવ રખાય છે તેની અસર અમીરવર્ગમાં પણ જોવા મળી છે. હરિયાણા અને પંજાબ જેવાં રાજ્યોમાં પણ અનુક્રમે છોકરાઓ અને છોકરીઓનો ગુણોત્તર અનુક્રમે ૮૮૦ અને ૯૦૬ જોવા મળ્યો છે.

૮. http://hdr.undp.rog/en/composit/IHDI

૯. દા.ત. આંધ્રપ્રદેશનો અહેવાલ જણાવે છે કે આરોગ્યશ્રી યોજનાને કારણે સત્તાધારી પક્ષને વર્ષ ૨૦૦૯ના મતદાનમાં ૫ ટકાનો ફાયદો થયો હતો.

૧૦. રાવ, એસ ૨૦૧૭ . Do we care : India's Health System : Oxfrod University Press.

11. Wrold Health Organisation-2003. Social Health Insurance, વિશ્વ આરોગ્ય સંસ્થા, નવી દિલ્હીનો પ્રાદેશિક નિષ્ણાંત જૂથનો અહેવાલ.

12. ભારતનું આયોજન પંચ 2011. High Level Expert Group Report, Universal Health Coverage fro India અહેવાલ.

13. Kumar et al. 2011 "Financing Healthcare fro All: Challenges and Opprotunities," The lancet, 377 (9766): 668- 679

14. Selvaraj, s. and Karan, A.K. 2012 "Why Publicly - Financed Health Insurance Schemes are ineffective in providing Financial Risk Protection", Economic & Political Weekly, 47 (11): 60-68

15. Lim SS Dandona L, Hoisington JA, James SL, Hogan et al 2010, Indian's Janani Suraksha Yojna : A Conditional Cash Transfer Programme to Increase Births in Health Facilities : An Impact Evaluation, The Lancert 375(9730):2009-2023

16. RanDive, B. Diwan V. .< &De Costa, A2013, India's Conditional Cash Transfer Programme ( the JSY) to promote Institutional Birth Proprotion and Maternal Mrotality Plus One 8(6):e67452

17. http://222.rsby.in/Overview.aspx

18. Karan,A.,Yip, W and Mahal, A2017." Extending g Health Insurance to poro in India: Am Impact Evaluation of Rashtriya Swasthy Bima Yojna on Out of Pocker Spending fro Healthcare", Social Science and Mediane:83-92

19. Rao, Sujatha.2017 Do we Care: India's Healthcare System, New Delhi: Oxford University Press

20. Rao, Sujatha, 2017, ibid

**લેખિકા અત્યારે ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ, મુંબઈમાં ચેર પ્રોફેસર છે. તેઓ ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયની પ્રધાનમંત્રીની ગ્રામીણ વિકાસ ફેલો સ્કીમમાં સીનિયર એડવાઈઝર પણ છે. તેઓ ઈન્ડિયન કાઉન્સિલ ફોર સોશિયલ સાયન્સ રિસર્ચ (આઈસીએસએસઆર)ની ગર્વનિંગ કાઉન્સિલના સભ્ય છે.**

ઈ-મેલ : **seeta.prabhu@tiss.edu**

# દિવ્યાંગોને સામાજિક સલામતી

## અલગ રીતે સક્ષમ લોકો માટે સામાજિક સુરક્ષા

**સંધ્યા લિમયે**



*શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓની ગતિવિધી સમજીને સમાવેશી વ્યૂહરચના અમલી બનાવવાની જરૂર જણાઈ રહી છે. આ હેતુથી શારીરિક ખોડ ધરાવતી વસતિ માટે ઘનિષ્ટ પ્રચાર તથા પ્રિવેન્ટિવ સામાજિક સુરક્ષા યોજનાઓ ડિઝાઈન કરવી જરૂરી છે. આ માટેનું પ્રથમ કદમ શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓની વસતિ સહિતના આંકડાઓ એકત્ર કરવા, ગરીબીની જીવન રેખા નીચે જીવતા પરિવારોમાં શારીરિક ખોડ ધરાવનારની સંખ્યા,નોકરી માટેની યોગ્યતા ધરાવતી શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓ, અતિ ગંભીર શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓ, ૬૦ વર્ષથી વધુ વય ધરાવતી શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓ વગેરેના આંકડા જરૂરી બને છે. આ ઉપરાંત શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓ માટે ઘનિષ્ઠ વહીવટી વ્યવસ્થા, વિવિધ સ્રોતોમાંથી ભંડોળ મેળવવાની વ્યવસ્થા તથા વ્યાવસાયિક સુપરવિઝન હેઠળ લાભો પહોંચે તથા યોજનાનું યોગ્ય નિયંત્રણ થાય તે બધાં તાકીદે ભરવા જેવાં મહત્ત્વનાં કદમ છે. આ ઉપરાંત સ્થાનિક, રાજ્યની તેમજ વિદેશી એજન્સીઓને સરકારી અને બિન-સરકારી સંસ્થાઓને પણ શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓને લાભ પહોંચે તે માટે ગતિશીલ બનાવવી જરૂરી છે.*

પરંપરાગત રીતે ભારતમાં પરિવાર એ એક બિનઔપચારિક સામાજિક સુરક્ષા પદ્ધતિ ગણાય છે. આ એક સંયુક્ત કુટુંબની એવી પ્રથા છે, જેમાં બધાં સાથે મળીને રહેતાં હતાં અને જે સભ્યો જરૂરિયાતમંદ હોય તેમની જવાબદારી પરિવારના સભ્યો ઉપાડી લેતા હતા. ઔદ્યોગિક ક્રાંતિ, આધુનિકીકરણ અને શહેરીકરણની જે અસર થઈ તે સંયુક્ત પરિવાર પ્રથાને તોડવા તરફ દોરી ગઈ અને સામાજિક સુરક્ષા પ્રણાલીને ખલેલ પહોંચાડતી ગઈ. આથી નાગરિકોની સુરક્ષાની જવાબદારી હવે રાજ્યએ લેવી પડે છે.

સામાજિક સુરક્ષા એ સરકારે લોકોના કલ્યાણ માટે હાથ ધરેલી કાર્યયોજના છે. આ રીતે સામજિક સુરક્ષાનો હેતુ બાળકો, વૃદ્ધ અને શારીરિક ખોડ ધરાવતા લોકોના જીવનની ગુણવત્તા સુધરે તે હેતુથી વિવિધ પ્રકારનો સહયોગ તથા સાધનો પૂરાં પાડવાનો કાર્યક્રમ છે. ભારતમાં સામાજિક સુરક્ષાને સામાજિક વીમા, નેશનલ પ્રોવિડન્ટ ફંડ, સામાજિક સહાય, માલિકોની જવાબદારી ધરાવતી યોજના અને સામાજિક સુરક્ષાની સાર્વત્રિક યોજના તરીકે ઓળખવામાં આવે છે. (મારુતી અને મુસ્તિયારી બેગમ, ૨૦૧૧)

આ દેશના નાગરિકોને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે ભારતના બંધારણના અનુચ્છેદ-૪૩માં રાજ્યની જવાબદારીની વાત કરવામાં આવી છે. અનુચ્છેદ-૧૪ (૭માં પરિશિષ્ટ) માં એવી ખાત્રી આપવામાં આવી છે કે કાયદા સમક્ષ આ દેશની કોઈ પણ વ્યક્તિની સમાનતાને નકારવામાં નહીં આવે. શારીરિક ખોડ ધરાવનાર અને બેરોજગાર લોકોને રાહત અને સહાય પૂરી પાડવાનો એમાં નિર્દેશ આપવામાં આવ્યો છે. અનુચ્છેદ-૪૧માં જણાવવામાં આવ્યું છે કે રાજ્ય તેની આર્થિક ક્ષમતા અને વિકાસની સીમામાં રહીને કામ કરવાનો અધિકાર, શિક્ષણનો અધિકાર, બેરોજગારી, વૃદ્ધાવસ્થા, માંદગી અને શારીરિક ખોડના કિસ્સામાં કામ કરવાના અધિકારની અસરકારક જોગવાઈઓ કરશે. (શંકર, ૨૦૦૬). આ અંગેના કાયદા (પર્સન વીથ ડિસેબિલિટી એકટ-૧૯૫૫ અને રાઈટસ ઑફ પર્સન્સ વીથ ડિસેબિલિટી એક્ટ્ ૨૦૧૬) માં બાળક અને માતા માટે જન્મ પહેલાં અને જન્મ પછી પ્રતિબંધક સામાજિક સુરક્ષાનાં પગલાં લેવાની જોગવાઈઓ છે અને એમાં જે સુરક્ષાત્મક પગલાંનો ઉલ્લેખ કરાયો છે તેમાં બેરોજગારી ભથ્થું અને વીમો તથા મહિલાઓ અને બાળકો સહિત ખોડ ધરાવતી વ્યક્તિઓના હક્કોનો સમાવેશ થાય છે, જેથી તે તમામ પ્રકારની હિંસા સામે સુરક્ષા મેળવીને પોતાનું સ્વતંત્ર જીવન જીવી શકે.

**સામાજિક સુરક્ષા યોજના**

દરેક રાજ્યમાં શારીરિક ક્ષતિ ધરાવતા, પોતાનો નિભાવ જ નહીં કરી શકતાં ગરીબ લોકો માટે સામાજિક સુરક્ષાની યોજનાઓ હોય છે અને સરકાર તેમને જે તે રાજ્યની માર્ગરેખાઓ અને અરજદારની માસિક આવકને આધારે માસિક નિભાવ ભથ્થુ આપે છે. સામાજિક સુરક્ષા યોજના હેઠળ કેટલીક યોજનાઓ/ કાર્યક્રમો હેઠળ ઈંદિરા ગાંધી નેશનલ ડિસેબિલિટી પેન્શન સ્કીમ, શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિના સશક્તિકરણ માટે નૅશનલ ઍવૉર્ડ્ઝ, શારીરિક ક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિઓ, મુખ્યમંત્રી નિઃશક્તિકરણ શિક્ષા યોજના, સાધનો અને ઉપકરણો ખરીદવામાં સહાયની યોજના તથા નોકરીઓમાં અનામતની જોગવાઈ હોય છે.

૧. પ્રતિબંધક સામાજિક સુરક્ષા યોજનાઓ એ એવી યોજનાઓ છે કે જેમાં તબીબી સંભાળ, રોગપ્રતિરોધક રસી, જન્મ પહેલાં અને જન્મ પછી માતા અને બાળકની સંભાળ વગેરે યોજનાઓનો સમાવેશ થાય છે.

૨. પ્રોત્સાહક સામાજિક સુરક્ષા યોજનાઓ દ્વારા શારીરિક ખોડ ધરાવતા લોકોને રાજ્ય અને કેન્દ્ર સરકારના વિવિધ કાર્યક્રમો હેઠળ આરોગ્ય, શિક્ષણ, પુનઃવસન સેવાઓ અને અનામત દ્વારા સહાય પૂરી પાડવામાં આવે છે કે જેથી શારીરિક ખોડ ધરાવતા લોકો સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓમાં સામેલ થઈ શકે.

(૧) **વેરા :** શારીરિક ક્ષતિ ધરાવતી વ્યક્તિને વ્યવસાયવેરા અને આવકવેરામાંથી કલમ-૮૦-U હેઠળ કપાતને પાત્ર બને છે અને શારીરિક ખોડ ધરાવતી આશ્રિત વ્યકિતના કાયદેસરના વાલીને પણ કલમ-૮૦ DD હેઠળ કરકપાતનો લાભ મળે છે. આવી કપાત શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિની ખોડની તીવ્રતાને આધારે મળતી હોય છે.

(૨) **શિક્ષણઃ**

a. શારીરિક ખોડ ધરાવતા જે વિદ્યાર્થીઓ એક વર્ષ કરતાં વધુ સમયના મૅટ્રિક પૂર્વેના/વ્યવસાયલક્ષી/ ટેક્નિકલ અભ્યાસક્રમો હાથ ધરવા માંગતા હોય તેમને નૅશનલ સ્કૉલરશિપ મળે છે. ઓટિઝમ /સેરેબ્રલ પાલ્સી/ મંદબુધ્ધીના/ બહુવિધ શારીરિક ખોડ ધરાવનારા વિદ્યાર્થીઓને ધોરણ-૯ પછી શિષ્યવૃત્તિની જોગવાઈ કરાઈ છે. આવી શિષ્યવૃત્તિ માટેનો માપદંડ એવો છે કે શારીરિક ખોડ ૪૦ ટકાથી વધુ હોવી જોઈએ અને પરિવારની માસિક આવક રૂ.૧૫,૦૦૦ થી વધુ નહીં હોવી જોઈએ.

b. દ્રષ્ટિની ખામી/ શ્રવણની ખામી ધરાવતી વ્યક્તિ સ્નાતક/ અનુસ્નાતક વ્યવસાયિક અભ્યાસક્રમો હાથ ધરવા માંગતી હોય તો ઍડિટિંગ સૉફ્ટવેર ધરાવતું કમ્પ્યૂટર અને સેરેબ્રલ પાલ્સી ધરાવતા વિદ્યાર્થીને સહયોગ માટે સૉફ્ટવેર પૂરું પાડવામાં આવે છે.

c. સરકારી અને સરકારી સહાય ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓમાં શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓ માટે ૩ ટકા અનામતની જોગવાઈ કરાઈ હોય છે.

d. શારીરિક ખોડ ધરાવતાં બાળકો માટે ઘનિષ્ઠ શિક્ષણ યોજના- આ યોજનામાં સુલભ બને તેવું અને અવરોધમુક્ત બિલ્ટ- ઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પરિવહનની સગવડો, પુસ્તકો, યુનિફૉર્મ અને સ્ટેશનરી, વિશેષ અભ્યાસ માટેનાં સાધનો તથા શારીરિક ખોડ ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની જોગવાઈ કરાઈ હોય છે. આ યોજનાની અન્ય જોગવાઈઓમાં દ્દષ્ટિની ક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓને ગણિત અને ચિત્રો ધરાવતા સવાલોમાંથી મુક્તિ આપવામાં આવી હોય છે. લખવા માટે/ વાંચવા માટે દ્દષ્ટિની ખામી ધરાવતા વિદ્યાર્થીઓ / ઑર્થોપેડિક ક્ષતિ ધરાવતા વિદ્યાર્થીઓ અને ભણવામાં શારીરિક ખોડને કારણે મુશ્કેલી અનુભવતા વિદ્યાર્થીઓને પરીક્ષામાં વધુ સમય ફાળવવાની, ત્રીજી ભાષામાંથી મુક્તિ અને સમાવેશી શિક્ષણ માટે અભ્યાસક્રમમાં ફેરફારની જોગવાઈ કરાઈ હોય છે.

e. બીજા તબક્કાની શારીરિક ખોડ ધરાવતા વિદ્યાર્થીઓને સમાવેશી શિક્ષણની યોજના (IEDSS)

આ યોજનામાં ૧૪ વર્ષથી વધુ વય ધરાવતા અને માધ્યમિક શિક્ષણ પૂરું કરનારા વિદ્યાર્થીઓને ધોરણ-૯ થી ધોરણ-૧૨ સુધી સરકારી, સ્થાનિક સ્વરાજની અને સરકારી સહાય ધરાવતી શાળાઓમાં સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. આ યોજનામાં પ્રાથમિક શિક્ષણથી માધ્યમિક શિક્ષણ આગળ વધતાં અને શારીરિક ખોડ ધરાવતાં બાળકોને ઓળખ, ખોડ ધરાવતાં બાળકોને સાધનો, શિક્ષણ સામગ્રીની ઉપલબ્ધિ, આવવા-જવાની સગવડ, હૉસ્ટેલની સુવિધા, શિષ્યવૃત્તિઓ, પુસ્તકો, સહાયક ટૅક્નોલૉજિસ અને વાંચનાર અને લખનારની સહાય પૂરી પાડવાની જોગવાઈ છે.

f. **રાજીવ ગાંધી ફેલોશિપ સ્કીમ**

આ યોજનામાં શારીરિક ખોડ ધરાવતાં

વ્યક્તિઓને એમ.ફીલ/ પીએચ.ડી ના ઉચ્ચશિક્ષણ માટે ૫ વર્ષ સુધી શિષ્યવૃત્તિ આપવાની જોગવાઈ છે. આ યોજના હેઠળ દર વર્ષે ૨૦૦ ફેલોશિપ્સ ઑફર કરવામાં આવે છે અને યોજના હેઠળ તમામ યુનિવર્સિટીઓ અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન હેઠળ આવરી લેવાયેલી સંસ્થાઓમાં યોજના અમલી બનાવાઈ છે.

(૩) **રોજગારી**

a. સરકારી નોકરીઓમાં જાહેરક્ષેત્રની બેંકો અને જાહેર સાહસોમાં શારીરિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે ગ્રૂપ- એ, બી, સી અને ગ્રૂપ-ડીના પદ પર ૫ ટકા પદની અનામત જોગવાઈ છે.

b. શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓને સરકારી નોકરીઓમાં પદ હાંસલ કરવા માટે ૧૦ વર્ષ સુધી ઉપલી વય મર્યાદામાં રાહત આપવામાં આવે છે. તેમને અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી પણ મુક્તિ આપવામાં આવે છે.

c. સરકારે વિવિધ વિભાગો અને સેક્શનમાં ચોક્કસ હોદ્દા નક્કી કર્યા હોય છે, જે તેમની કામ કરવાની ક્ષમતા અને જે તે હોદ્દા પર કરવાના કામ માટે શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓ માટે અનામત રાખવામાં આવ્યા હોય છે.

d. સરકારે જોગવાઈ કરી છે કે શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓને જે તે પ્રદેશના ધોરણે ગ્રૂપ-સી અને ગ્રૂપ-ડીની નોકરીઓમાં હોદ્દા આપવામાં આવે. શક્ય હોય ત્યાં સુધી વહીવટી અવરોધ નિવારીને તેમને તેમના વતનથી કે વિસ્તારથી સૌથી નજીકના સ્થળે નોકરીઓ આપવામાં આવે. શારીરિક ખોડ ધરાવતા કર્મચારીઓ પોતાના વતનની નજીકની ઑફિસમાં બદલી કરવા માટે વિનંતી કરે તો તેમને અગ્રતા આપવામાં આવે છે.

e. સરકારે શારીરિક ખોડ ધરાવતા લોકો માટે એક ખાસ ઍમ્પ્લોયમેન્ટ ઍક્ચેન્જની તમામ રાજ્યોના પાટનગરમાં સ્થાપના કરી છે અને તમામ જિલ્લાનાં વડા મથકોએ શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓને અનામત નોકરીઓ મળી રહે તે માટે ખાસ ઍમ્પ્લોયમેન્ટ સેલ્ફની રચના કરવાની પણ જોગવાઈ કરી છે. એવાં સ્થળો કે જ્યાં ખાસ ઍમ્પ્લોયમેન્ટ ઍક્ચેન્જની સ્થાપના કરવામાં આવી ન હોય ત્યાં વ્યવસ્થા તંત્રની અંદર જ નિયમિત ઍમ્પ્લોયમેન્ટ ઍક્ચેન્જ માટે સ્પેશ્યલ ઍમ્પ્લોયમેન્ટ સેલ્સની રચના કરવાની જોગવાઈ કરવામાં આવી છે. શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓએ સ્પેશિયલ ઍમ્પ્લોયમેન્ટ ઍક્ચેન્જ/ સેલમાં અનામત હેઠળની નોકરીઓ મેળવવા માટે નોંધણી કરાવવાની હોય છે. સ્પેશિયલ ઍમ્પ્લોયમેન્ટ રજિસ્ટ્રેશન શારીરિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટેના ૧૭ વૉકેશનલ રિહેબિલિએશન (પુનઃસ્થાપન) કેન્દ્રોમાં પણ નોંધણી કરાવી શકાય છે.

f. સરકાર, માલિકોને વિવિધ પ્રોત્સાહનો આપીને શારીરિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ માટે ખાનગી ક્ષેત્રમાં નોકરીની જોગવાઈ કરે છે. સરકાર ઓછામાં ઓછું માસિક રૂ.૨૫,૦૦૦નું વેતન મેળવતી અને શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિના પ્રોવિડન્ડ ફંડ અને સ્ટેટ ઇન્સ્યોરન્સનો ૩ વર્ષ માટે માલિકનો હિસ્સો ચૂકવે છે.

g. પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ મંત્રાલયે તેમની જાહેરક્ષેત્રની ઑઇલ કંપનીઓએ તમામ પ્રકારની ડીલરશિપ એજન્સીઓ માટે શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓ માટે ૭.૫ ટકા અનામતની જોગવાઈ કરી છે.

h. નેશનલ હેન્ડીકેપ ફાઇનાન્સ ઍન્ડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન શારીરિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓને સ્વરોજગાર માટે ધિરાણની સુવિધા પૂરી પાડે છે. આ યોજનામાં સર્વિસ/ ટ્રેડિંગ/ ઇન્ડસ્ટ્રીયલ યુનિટના નાના એકમોની સ્થાપના માટે, મૅન્યુફૅક્ચરિંગ/ પ્રોડક્શન માટેની સહાયક ડિવાઇસીસ માટે ઉચ્ચ અભ્યાસ/ વ્યવસાયિક તાલીમ પ્રાપ્ત કરવા ધિરાણ આપવામાં આવે છે. ખેતીલક્ષી પ્રવૃત્તિઓ માટે તથા મંદબુદ્ધિની વ્યક્તિઓ સેરેબ્રલ પાલ્સી અને ઓટીઝમ ધરાવતી વ્યક્તિઓને સ્વરોજગાર માટે સહાય આપવામાં આવે છે.

i. **જાહેરક્ષેત્રની બૅંકોઃ** 'સ્કીમ ફૉર પબ્લિક સેક્ટર, બૅંક્સ ફૉર ઑર્ફેનેજ' હેઠળ મહિલાગૃહો અને શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓને લાભ થાય તે માટે તથા આવી વ્યક્તિઓના કલ્યાણ માટે કામ કરતી સંસ્થાઓ માટે વ્યાજનો અલગ દર લેવાની જોગવાઈ કરવામાં આવી હોય છે. યોજનાના સામાજિક ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને વ્યાજનો દર એક સરખો વાર્ષિક ૪ ટકા લેવામાં આવે છે. આ યોજના હેઠળ શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓ માટે લઘુઉદ્યોગના એકમો માટે રૂ.૨,૦૦,૦૦૦ સુધીની મૂડીમર્યાદા હાંસલ કરવા માટે વ્યાજદર (૦.૫ ટકા કન્સેશન) ની ખાસ જોગવાઈઓ

કરવામાં આવી છે.

(૪) **શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓને સાધનો અને ઉપકરણો બેસાડવા માટે સહાય (AIDP સ્કીમ) :** આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ શારીરિક ક્ષતિ ધરાવતી જરૂરિયાતમંદ વ્યક્તિઓને તેમનાં શારીરિક, સામાજિક અને માનસિક પુનઃવસન માટે શારીરિક ક્ષતિની અસર ઘટે તથા ખોડની અસર ઘટે તે રીતે પુનઃવસન થાય તેમજ તેમની આર્થિક ક્ષમતામાં વધારો થાય તે માટે ટકાઉ, આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે ઉત્પાદન કરાયેલાં મોર્ડન, સ્ટાન્ડર્ડ સાધનો અને ઉપકરણો માટે સહાય આપવામાં આવે છે.

(૫) **ઇંદિરા આવાસ યોજનાઃ** કેન્દ્ર સરકાર દ્વારા પ્રાયોજિત આ યોજનામાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને વિના મૂલ્યે સપાટ વિસ્તારોમાં રૂ.૨૦,૦૦૦નો એકમખર્ચ ધરાવતા તથા ખડકાળ અને કપરા વિસ્તારોમાં રૂ.૨૨,૦૦૦ સુધીનો યુનિટખર્ચ ધરાવતાં રહેઠાણો પૂરાં પાડવામાં આવે છે. આવી યોજનાઓ માટેના ભંડોળમાંથી ૩ ટકા ભંડોળ ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબીની જીવનરેખા નીચે જીવતા, શારીરિક ખોડ ધરાવતા લોકો માટે અનામત રાખવામાં આવ્યું હોય છે.

(૬) **શારીરિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓના સશક્તિકરણ માટે નેશનલ ઍવૉર્ડની યોજના :** શારીરિક ક્ષતિ ધરાવતા કર્મચારીઓમાંથી અત્યંત કાર્યક્ષમ/ નોંધપાત્ર કામગીરી કરનાર કર્મચારીઓને આવી ઉત્કૃષ્ઠ કામગીરી કરવા માટે પ્રોત્સાહન પ્રાપ્ત થાય તે હેતુથી અલાયદા ઍવોર્ડ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. એમાં ઉત્તમ ઍમ્પ્લોયર (માલિક), ઉત્તમ પ્લેસમેન્ટ એજન્સી/ ઓફિસર, વ્યક્તિઓ દ્વારા નોંધપાત્ર કામગીરી, નોંધપાત્ર કામગીરી કરતી સંસ્થાઓ, રોલમોડેલ્સ, શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિ દ્વારા નોંધપાત્ર સર્જનાત્મક કામગીરી તથા નોંધપાત્ર ટેક્નિકલ ઇનોવેશન દ્વારા સસ્તી ટેક્નોલૉજી શોધવા માટે ઍવૉર્ડની જોગવાઈ કરાઈ છે. નૅશનલ હેન્ડીકેપ ફાઈનાન્સ ઍન્ડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (NHFDC) દ્વારા આવા ઍવૉર્ડ્ઝ સરકારી ક્ષેત્ર, જાહેરક્ષેત્રનાં સાહસો અને ખાનગી એકમોમાં કામ કરતી શારીરિક ક્ષતિ ધરાવતી વ્યક્તિઓ અવરોધમુક્ત વાતાવરણમાં કામ કરી શકે તેવી શારીરિક ક્ષતિના પુનઃવસન ક્ષેત્રે ઉત્તમ જિલ્લા, નૅશનલ ટ્રસ્ટની ઉત્તમ લોકલ લેવલ કમિટી અને ઉત્તમ સ્ટેટ ચેનલાઈઝિંગ એજન્સી (એસસીએ) તરીકે નેશનલ ઍવૉર્ડ આપવામાં આવે છે.

(૭) **શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓના સશક્તિકરણ માટે ટ્રસ્ટ ફંડઃ** સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૦ની સિવિલ અરજી નં.૪૬૫૫ અને ૫૨૧૮ અંગે તેના તા.૧૬ એપ્રિલ, ૨૦૦૪ના હુકમમાં જણાવ્યું છે કે બૅંકોએ રકમો રાઉન્ડઅપ કરવાના પ્રયાસમાં અંદાજે રૂ.૭૨૩.૭૯ કરોડ જેટલી વાર્ષિક રકમ ધિરાણ લેનાર પાસેથી વ્યાજ- વેરા તરીકે વસૂલ કરી છે. આવી રકમ એવા ટ્રસ્ટને ટ્રાન્સફર કરવી જોઈએ કે જે શારીરિક ખોડ ધરાવતા લોકોના કલ્યાણ માટે કામ કરતું હોય. મંત્રાલયે સર્વોચ્ચ અદાલતના આ હુકમ પછી આવી રકમ ઓટીઝમ, સેરેબ્રલ પાલ્સી, મંદબુદ્ધિ અને અનેક પ્રકારની શારીરિક ખોડ ધરાવતા લોકોના કલ્યાણ માટે હેતુલક્ષી ઉપયોગ થાય તે માટે મૂકવાની દરખાસ્ત કરી છે. સુપ્રીમ કોર્ટે મંત્રાલયની આ વિનંતીની હજુ સમીક્ષા કરી નથી, પરંતુ ટ્રસ્ટની રચના કરી દેવાઈ છે અને મંત્રાલયના બૅંકિંગ ડિવિઝને બૅંકોને લાગુ પડતી રકમ નાણાંમંત્રાલયના ટ્રસ્ટ એકાઉન્ટમાં જમા કરાવવા માટેનો આદેશ આપ્યો છે.

(૮) **ટૅકનોલૉજી વિકાસના પ્રોજેક્ટસ મિશન મોડમાઃ** શારીરિક ક્ષતિ ધરાવતા લોકોને ટૅકનોલૉજીનો ઉપયોગ કરાયા હોય તેવાં સાધનો આપીને રોજગારીની તકો પૂરી પાડવા માટે તથા યોગ્ય અને સસ્તાં સાધનો મળી રહે તે માટેની આ યોજના ૧૯૯૦-૯૧માં શરૂ કરાઈ હતી. આ હેતુથી સંશોધન અને વિકાસના યોગ્ય પ્રોજેક્ટસ પણ પસંદ કરાયા છે અને સાધનો ઉપકરણો વિકસાવવા માટે ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.

૩. આંતરરાષ્ટ્રીય શ્રમિક સંસ્થા (આઈએલઓ) દ્વારા નિર્ધારિત માપદંડ મુજબ સુરક્ષાત્મક સામાજિક સલામતિના કાર્યક્રમો હેઠળ સહાય આપવાનો નિર્દેશ કરાયો છે. આવા પ્રોગ્રામોમાં વૃદ્ધોને પેન્શન, મેડિકલ ઇન્સ્યોરન્સ અને નુકસાન જવાના કિસ્સામાં વળતર આપવાનો સમાવેશ થાય છે.

**a. ઇંદિરા ગાંધી નેશનલ ડિસેબિલિટી પેન્શન સ્કીમઃ** તા.૧૭ ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ ગ્રામવિકાસ મંત્રાલયના સચિવ દ્વારા આ કાર્યક્રમનો સમાવેશ નૅશનલ સોશિયલ આસિસ્ટન્સ પ્રોગ્રામના ઘટક તરીકે કરાયો હતો. IGNDPS હેઠળ લાભાર્થી દીઠ દર

મહિને રૂ.૩૦૦ની કેન્દ્રિય સહાય ૧૮ થી ૭૯ વર્ષની વય ધરાવતા ગંભીર પ્રકારની અનેક શારીરિક ખોડ ધરાવનાર અને ગરીબીની જીવનરેખા નીચે જીવતા લોકોને ભારત સરકાર દ્વારા નક્કી કરાયેલા માપદંડ મુજબ આપવામાં આવે છે.

b. શારીરિક ખોડ ધરાવનારને લાભ- ઍમ્પ્લૉઇઝ કૉમ્પેન્શેસન ઍક્ટ-૧૯૨૩ કે જે વર્કમેન કોમ્પેન્શેસન એક્ટ- ૧૯૨૩ તરીકે ઓળખાતો હતો તેમાં માલિક દ્વારા કર્મચારીઓને ઈજા કે મોતના કિસ્સામાં વળતર આપવાની જોગવાઈ છે. જો કોઈ કામદારને વ્યવસાયને કારણે રોગ થાય અથવા તો તેણે નોકરીના ગાળા દરમિયાન અકસ્માતનો ભોગ બનવું પડ્યું હોય તો માલિક તેને વળતર ચૂકવવા માટે જવાબદાર ઠરે છે. આવી ઈજાને કારણે કાયમી કે અંશતઃ શારીરિક ખોટ રહી જાય તો તેને ઍમ્પ્લોઇઝ કૉમ્પેન્શેસન ઍક્ટના પરિશિષ્ટ-૧ અને ૨ હેઠળ આવરી લેવાયેલ છે. આ ઉપરાંત વ્યવસાયને કારણે થતા રોગની ઓળખ પરિશિષ્ટ-૩ના ભાગ એ, બી અને સી માં કરવામાં આવી છે, પરંતુ આ બાબત માત્ર સંગઠિત ક્ષેત્રને જ લાગુ પડે છે.

**પડકારો અને આગળનો માર્ગ**

ભારતમાં સામાજિક સુરક્ષાના મોટા ભાગના વિકાસ કાર્યક્રમો શારીરિક ક્ષતિ ધરાવતા લોકોને પૂરતા પ્રમાણમાં પહોંચતા નથી. મહદંશે સામાજિક અને શારીરિક અવરોધોને કારણે તથા તેમની આસપાસના વાતાવરણને કારણે શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિ સુધી પહોંચી શકતા નથી. કેટલાક કાર્યક્રમો ખાસ શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓ માટે ઘડી કાઢવામાં આવેલા કાર્યક્રમો દેશમાં ઉપલબ્ધ હોય છે પણ તે ઘનિષ્ઠ રીતે લાભાર્થીઓને આવરી લેતા નથી. માહિતીનો અને માહિતી પહોંચાડવાની વ્યવસ્થાનો અભાવ તેમજ સિંગલ વીન્ડો અભિગમની ગેરહાજરીને કારણે મોટા ભાગે શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓને તેમના માટે કેવી યોજનાઓ ઉપલબ્ધ હોય છે તેની જાણકારીથી અજાણ હોય છે. શારીરિક ખોડ ધરાવતી વ્યકતિને લાભ પહોંચાડવાની વહીવટી વ્યવસ્થા વેરવિખેર હોય છે. લાભ આપવાની એક સરખી ફૉર્મ્યુલા નથી કે કાર્યક્રમનો વહીવટ કરતી કે તેને માટે માર્ગદર્શન આપતી કોઈ એકસરખી વ્યવસ્થા નથી. એવું સૂચન કરવામાં આવું છે કે શારીરિક ખોડ ધરાવતી વ્યકતિને લાભ પહોંચાડવા માટેની વિવિધ એજન્સીઓ અથવા તો વિભાગો અસ્તિત્વ ધરાવતા હોવાને કારણે એક ઘનિષ્ઠ પ્રોગ્રામ ડિઝાઇન તૈયાર કરવા માટે અને તેનો અમલ કરવા માટે ચીફ ઍક્ઝિક્યુટિવ ઑફિસરના નેજા હેઠળ કામ કરતી સંસ્થા હોવી જોઈએ.

દસમી યોજનામાં શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓ માટે દરેક મંત્રાલયને આવરી લઈને અંદાજપત્રમાં એક અંગભૂત યોજના ઘડી કાઢવા માટે ભલામણ કરાઈ છે, જેથી શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓ માટેની યોજના માટે ભંડોળનો નિયમિત પ્રવાહ ઉપલબ્ધ થાય, પરંતુ જે મધ્યસત્ર સમીક્ષાના દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું હતું કે સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે આ સૂચનના અમલ માટે કોઈ કામ કર્યું નથી. આ બાબત સંબંધિત મંત્રાલયની નબળી કામગીરી દર્શાવે છે અને સાથે સાથે મંત્રાલયનાં દુઃખદ વલણ બતાવે છે. વધુ દુઃખદ બાબત એ છે કે વિવિધ નીતિઓના અમલીકરણ માટે જે ભંડોળની જોગવાઈ માટે સંમતિ સાધવામાં આવી હતી, તેમાંથી માત્ર ૩૧ ટકા રકમ ખર્ચી શકાઈ હતી. જે સરકારની નબળી કામગીરી તથા શારીરિક ખોડ ધરાવતી વ્યકિતઓ માટે ભાવશૂન્યતા દર્શાવે છે. (શંકર, ૨૦૦૬)

શારીરિક ખોડ ધરાવતી વ્યક્તિઓની ગતિવિધી સમજીને સમાવેશી વ્યૂહરચના અમલી બનાવવાની જરૂર જણાઈ રહી છે. આ હેતુથી શારીરિક ખોડ ધરાવતી વસતિ માટે ઘનિષ્ટ પ્રચાર તથા પ્રિવેન્ટિવ સામાજિક સુરક્ષા યોજનાઓ ડિઝાઇન કરવી જરૂરી છે. આ માટેનું પ્રથમ કદમ શારીરિક ખોડ ધરાવતી વ્યકિતઓની વસતિ સહિતના આંકડાઓ એકત્ર કરવા, ગરીબીની જીવન રેખા નીચે જીવતા પરિવારોમાં શારીરિક ખોડ ધરાવનારની સંખ્યા,નોકરી માટેની યોગ્યતા ધરાવતી શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓ, અતિ ગંભીર શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓ, ૬૦ વર્ષથી વધુ વય ધરાવતી શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓ વગેરેના આકડા જરૂરી બને છે. આ ઉપરાંત શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓ માટે ઘનિષ્ઠ વહીવટી વ્યવસ્થા, વિવિધ સ્રોતોમાંથી ભંડોળ મેળવવાની વ્યવસ્થા તથા વ્યાવસાયિક સુપરવિઝન હેઠળ લાભો પહોંચે તથા યોજનાનું યોગ્ય નિયંત્રણ થાય તે બધાં તાકીદે ભરવા જેવાં મહત્ત્વનાં કદમ છે. આ ઉપરાંત સ્થાનિક, રાજ્યની તેમજ વિદેશી એજન્સીઓને સરકારી અને બિન-સરકારી સંસ્થાઓને પણ શારીરિક ખોડ ધરાવતી વ્યકતિઓને લાભ પહોંચે તે માટે ગતિશીલ બનાવવી જરૂરી છે.

**લેખિકા સેન્ટર ફોર ડિસેબિલિટી સ્ટડીઝ એન્ડ એક્શન, સ્કૂલ ઓફ સોશિયલ વર્ક, ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ, મુંબઈ માટે એસોસિએટ પ્રોફેસર છે. તેઓ ૩૨ વર્ષથી વ્યક્તિગત અને કૌટુંબિક હસ્તક્ષેપ દ્વારા વિકલાંગો સાથે કામ કરવાનો અનુભવ ધરાવે છે તથા ઘણાં સામુદાયિક શૈક્ષણિક કાર્યક્રમો હાથ ધરે છે.**

**ઈ-મેલ : limaye.sandhya@gmail.com, slimaye@tiss.edu**

# ખેડૂતોના કલ્યાણની સલામતી : વાસ્તવિકતાથી વિઝન સુધી

**નિલાબ્જ ઘોષ**



*વર્ષોથી ખેડૂતોની આવકની સલામતીનું ચાલકબળ યાંત્રિક પદ્ધતિ હતી, જેનો મુખ્ય આશય ગ્રાહકોના કલ્યાણનો હતો. આ સપોર્ટ સિસ્ટમ્સ હવે બજારમાં સુધારા અને સંકુચિત બજેટ્સ સાથે વિરોધાભાસી સ્થિતિનો સામનો કરી રહી છે. સામાજિક સલામતી વ્યવસ્થાના નવા પરિવર્તિત સમયમાં ક્ષિતિજ પર નાગરિકોના લઘુતમ કલ્યાણને અધિકાર તરીકે જોવામાં આવે છે. સરકાર બજાર અસરકારક રીતે ચાલે તેવી સુવિધા ઊભી કરી શકે છે, પરંતુ ખુલ્લા બજારમાં ભાવ અને આવક પર તેનું નિયંત્રણ મર્યાદિત હોય છે. જોકે, લોકોની અન્ન સલામતીની જેમ ખેડૂતોની સામાજિક સલામતીની કુદરતી સંરક્ષક પણ સરકાર છે. કુદરતી જોખમો સામે તેમને રક્ષણ આપવું, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સામાજિક સુવિધાઓ તેમજ માહિતી પૂરી પાડવી તે સરકારની જવાબદારી છે, પરંતુ સરકારની આ કામગીરીમાં અન્ન સલામતીનો લાભ મેળવતા કરદાતા નાગરિકો અને સમૃદ્ધ કૃષિ ક્ષેત્રનો લાભ લેતા ખાનગી સેક્ટરે સંયુક્ત હિસ્સેદાર તરીકે જોડાવું જોઈએ. લાંબા ગાળે અન્ય વિકસતાં ક્ષેત્રો સાથે વધુ એકીકૃત તરીકે કૃષિની એક એન્ટરપ્રાઈઝ તરીકે કલ્પના કરવામાં આવી છે, જેનાથી ખેડૂતો પર આજીવિકા માટે જમીન પરનું દબાણ હળવું કરવામાં મદદ મળશે. ટૅક્નોલૉજીની સહાયથી વહીવટી નવીનતા દ્વારા સમયે સમયે રાજ્યની સુપરવાઈઝરી જટિલતાઓને દૂર કરવામાં આવે છે. સારા જીવનના અધિકાર સાથે એક નાગરિક તરીકે જીવવા ખેડૂતોએ બજારમાં લડવા માટે અસરકારક બનવું પડશે.*

સરકારો તેમની જરૂરિયાત મુજબ નામમાં સંલગ્ન ફેરફારો સાથે મંત્રાલયોનું વિભાજન અથવા જોડાણ કરતી રહે છે, પરંતુ ૨૦૧૫માં કૃષિમંત્રાલયનું નામ બદલીને મિનિસ્ટ્રી ઑફ એગ્રીકલ્ચર ઍન્ડ ફાર્મર્સ વેલ્ફેર રાખવામાં આવ્યું તે માત્ર આ મંત્રાલયનું વ્યવહારુ પુનર્ગઠન નહોતું. આ ફેરફાર એ બાબતને પુષ્ટિ આપે છે કે કૃષિ માત્ર અનાજના વધુ ઉત્પાદન અંગેની બાબત નથી, પરંતુ તે એક એવું વિઝન પણ છે, જેમાં ઉત્પાદકોને સમાજનાં અન્ય ક્ષેત્રોની સમકક્ષ જીવન જીવવા મળશે.

જીઆર અને નીતિવિષયક પહેલોને પગલે મૂળભૂત ખાદ્યચીજોના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. ૧૯૬૦ના દાયકામાં અનાજની અછતના સમયથી લઈને ભારતે ડાંગર અને દૂધના વિશ્વના ટોચના ઉત્પાદક દેશ તરીકે સ્થાન મેળવ્યું છે અને અનાજના ઉત્પાદનમાં તે સ્વનિર્ભર બન્યો છે. ત્યાર બાદની નીતિઓમાં કઠોળ, ફળો અને શાકભાજી (એફ.એન્ડ.વી) જેવા ગ્રાહકોનાં હિતોના અન્ય પાકોને આવરી લેવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

આમ છતાં, આ વૃદ્ધિની ગાથામાં ખેડૂતોનો એક મોટો વર્ગ ગરીબ, વંચિત અને વિકાસના લાભોથી દૂર રહ્યો. કૃષિની આવક ઓછી જ ન રહી, પરંતુ ખેડૂતો આર્થિક અનિશ્ચિતતાનો સૌથી ખરાબ રીતે ભોગ પણ બન્યા. વર્ષ ૨૦૦૩-૦૪નો સર્વે દર્શાવે છે કે ૪૦ ટકા ખેડૂતોએ જો તેમને વિકલ્પ આપવામાં આવે તો ખેતી છોડીને અલગ વ્યવસાય અપનાવવાનું પસંદ કર્યું. (એનએસએસઓ, ૨૦૦૫) પાછળથી આ જ સર્વેમાં દર્શાવાયું છે કે ખેડૂતોની વપરાશ જરૂરિયાતો નગણ્ય હોવા છતાં તેમણે ખેતી સિવાયના અન્ય સ્રોતોમાંથી આવક પર આધાર રાખવો પડે છે. (એનએસએસઓ, ૨૦૧૪). આ લેખ પ્રશ્ન ઊભો કરે છે કે પરંપરાગત અને નવીન બંને માર્ગો પર કૃષિ ઉત્પાદનસ્તર ઊંચું આવવા છતાં ખેડૂતોએ શા માટે ગરીબી અને કંગાળ જીવનધોરણનો સામનો કરવો પડી રહ્યો છે.

ખેડૂતોની આવક અને નબળી સ્થિતિ ખેડૂતોની હતાશાના અહેવાલો અને વર્ષ ૨૦૨૨ સુધીમાં તેમની આવક બમણી કરવાના વડાપ્રધાનના વક્તવ્યના પગલે ખેડૂતોની આવકમાં લોકોને રસ પડ્યો. વડાપ્રધાનનું નિવેદન ખેડૂતોને ચર્ચાના કેન્દ્રમાં લઈ આવ્યું. કૃષિઆવક અનેક પરિબળો પર નિર્ભર હોય છે. ખાસ કરીને જમીનની ઉત્પાદકતા આવકનો મુખ્ય સ્રોત છે. ઉત્પાદકતા વધારવા માટે અન્ય પરિબળો પણ ખૂબ જ મહત્ત્વનાં હોય છે, કારણ કે ઉત્પાદક્તા વધારવા માટેના પાણી અને ખાતર જેવા અન્ય સ્રોત મોંઘા હોય છે.

ટેક્નોલોજી અને ખેતપદ્ધતિમાં સુધારાથી ઉત્પાદન અને કાર્યક્ષમતામાં વધારો કરી શકાય છે. બજારમાં વેચવાલાયક ફાજલ જથ્થો અને આડપેદાશો પણ વેચાણનું મૂલ્ય નિશ્ચિત કરે છે, પરંતુ ઉત્પાદનો અને કાચા માલના ભાવ કૃષિની આવકમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે.

ભારતની એગ્રો-ક્લાઈમેટિક વૈવિધ્યતા ખૂબ જ જાણીતી છે, પરંતુ સમવાયતંત્રી વ્યવસ્થામાં અલગ-અલગ રાજ્યોની નીતિઓ પણ અલગ-અલગ છે. પરિણામે દેશમાં પાકની ઊપજના દર, માળખાગત સુવિધાઓ અને સંસ્થાઓ પણ અલગ-અલગ છે. ભારતનાં નાનાં ખેતરો ઉત્પાદનખર્ચમાં વધારો કરતાં અર્થતંત્ર માટે ગેરલાભદાયક બની શકે છે. વસતીની વૃદ્ધિ નબળા ઔદ્યોગિક રોજગારીસર્જન સાથે જમીનો પર દબાણ સર્જે છે, જેથી માથાદીઠ ખેતરની આવક ઓછી આવે છે. પરિણામે દેશના કેટલાક ભાગોમાં કુદરતી, ભૌગોલિક અને વહીવટી તફાવતો સિવાય ખેતી વધુ લાભદાયક છે. કૃષિક્ષેત્રમાં માનવબળનું પરિવહન માથા દીઠ ઘરેલું આવક વધારવાનો અને આ સેક્ટરમાં નવા વિચારો તથા કુશળતા લાવવાનો એક માર્ગ છે. કૃષિ આવક વધવાની સાથે માગ વધે છે અને બિન-કૃષિક્ષેત્રોને વૃદ્ધિમાં મદદ મળે છે.

કૃષિ માટે જે જોખમની સૌથી વધુ ચર્ચા થાય છે તે હવામાન છે. ખરાબ ચોમાસું માત્ર વર્તમાન ઉત્પાદન પર જ અસર નથી કરતું, પરંતુ તેની અસર જળાશયો, નદીઓ, નહેરો, કુવાઓ અને જમીનમાં પાણીના સ્તર મારફત પછીની મોસમો અને વર્ષો પર પણ થાય છે. ૨૦૧૪ અને ૨૦૧૫ની જેમ સતત દુષ્કાળજનક સ્થિતિથી ખેડૂતો દેવા હેઠળ ડૂબી જાય છે અને તેમણે કરેલું બધું જ રોકાણ ધોવાઈ જતાં તે હતાશ થઈ જાય છે. મુખ્ય પ્રવાહના ખેડૂતો સામાન્ય ચોમાસાથી પણ ખુશ થઈ જાય છે ત્યારે વર્ષ દરમિયાન અનિયમિત વરસાદ તેમના માટે ચિંતાનું કારણ બને છે. બીજી બાજુ ચોક્કસ પ્રદેશોમાં વરસાદની ખાધની સ્થિતિ પણ અનુભવાય છે. વધુ પડતો અથવા કમોસમી વરસાદ પણ જોખમી બની શકે છે. ખેડૂતો માટે પૂર વિનાશક બની શકે છે. વર્ષ ૨૦૧૬માં ચોમાસું સામાન્ય હતું. ત્યારે ૯ રાજ્યોએ પૂરની સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. બિહારમાં નદીઓનાં સ્તર એટલા વધી ગયા હતા કે ૫ લાખ લોકોનું સ્થળાંતર કરવું પડ્યું હતું અને ૩ લાખ હેક્ટરથી વધુ જમીન પર પાકને અસર થઈ હતી.

ભાવની હિલચાલ પણ ખેડૂતો માટે જોખમી કારણ બની શકે છે. સામાન્ય સંજોગો હેઠળ પણ વેચાણના થોડા મહિનાઓમાં ભાવ પર દબાણ સર્જાતું હોવા છતાં ખેડૂતો સમાન ભાવ પાછા મેળવી શકે છે અને તેમની પાસે જથ્થાનો સંગ્રહ કરવાની સુવિધા ન હોવાથી ભાવમાં ક્રમશઃ વધારાનો તેઓ લાભ મેળવી શકતા નથી. ઊલટાનું તેમણે પાછળથી ઊંચા ભાવે અનાજ ખરીદવું પડે છે. લઘુતમ ટેકાના ભાવ (એમએસપી) વધારવાથી ખેડૂતોને દેશ માટે પર્યાપ્ત માત્રામાં અનાજની ખેતી માટે પ્રોત્સાહન મળે છે અને તેમને લાભદાયક ભાવ મળી શકે છે, પરંતુ તે પણ ત્યારે જ્યારે સરકાર પર્યાપ્ત માત્રામાં તેમની પાસેથી પાક ખરીદે. પુરવઠામાં ભરાવાથી ભાવમાં ઘટાડો આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭માં જંગી પાકના કારણે એમએસપીમાં વધારા છતાં કઠોળના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. માંગમાં વધ-ઘટ અને વૈશ્વિક સ્પર્ધાના કારણે પણ બજારો ખૂલવાની સાથે ભાવની અનિશ્ચિતતા વધી શકે છે.

**ગ્રામીણ સુવિધાઓ**

માત્ર ઉત્પાદન અને ભાવના સંદર્ભમાં કલ્યાણની બાબતને જોવી એ ગેરમાર્ગે દોરવા સમાન છે. સેવાઓની વ્યાપક રેન્જ દૈનિક જીવનમાં સુધારો, નવી તકો અને ક્ષમતામાં વધારો લઈને આવે છે. (સેન, ૨૦૦૫). તેમણે ટેક્નોલૉજિકલ આગેકૂચના લાભ મેળવ્યા છે. આ વિતરણોમાંથી અનેક નાગરિકોના 'અધિકાર' અને સરકારની જવાબદારી તરીકે માનવામાં આવ્યાં છે. કમનસીબે 'શહેરી પૂર્વગ્રહ' (લિપ્ટન, ૧૯૭૭) ભારતના વિકાસમાં સ્પષ્ટપણે જોવા મળે છે અને તેનાથી અન્યો કરતાં સૌથી વધુ ખેડૂતો તેનો ભોગ બન્યા છે. અનેક વર્ષો સુધી ગરીબોના માનવસંશોધન વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરાયું નહોતું. પરિણામે ગામડાંઓ કે જ્યાં ગરીબોનો મોટો વર્ગ વસવાટ કરે છે તેમના પર સૌથી વધુ અસર જોવા મળી હતી. શાળા પ્રવેશોત્સવને મહત્ત્વ આપવાનું શરૂ થયા બાદ પણ શિક્ષણમાં ગુણવત્તા અને રોજગારી લક્ષી કુશળતામાં ઘટાડો જોવા મળ્યો છે. આ બાબત માટે બજેટ અવરોધો, નીતિઓના નબળા અમલીકરણ અને ભ્રષ્ટાચાર જવાબદાર હોવાનું જોવા મળ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં જાહેર સ્વાસ્થ્ય સેવાઓની પણ અવગણના કરવામાં આવી છે. દેશના ખેડૂતોનો એક મોટો વર્ગ તેના પર નિર્ભર હોય છે. સસ્ટેનેબલ કાર્યપ્રણાલી મારફત પોષણ અને પર્યાવરણમાં સુધારો થઈ શકે છે, જેથી તેમના એકંદર સ્વાસ્થ્યમાં સુધારાની ખાતરી કરી શકાય છે. અનાજનું ઉત્પાદન નિર્વાહ જરૂરિયાતોથી ઓછું હોય ત્યારે પહેલાં સાર્વત્રિક અને પછી ગરીબો સુધી લક્ષ્યાંકિત પીડીએસ નાના ખેડૂતોને સુવિધા પૂરી પાડી શકે છે, પરંતુ ૧૯૮૦ના દાયકાના મધ્યથી પીડીએસમાં સતત સુધારો થઈ રહ્યો છે અને આ વ્યવસ્થાએ ટીકાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

છેલ્લા દાયકાઓમાં સરકારી પ્રયાસો ભૌતિક સંચાર (માર્ગ, રેલવે,

મેટ્રો-રેલ્સ) માધ્યમ પર કેન્દ્રિત હોવા છતાં હજી માત્ર ૧૬ ટકા ભારતીય ગામડાંઓ માર્ગોથી જોડાણની સુવિધાથી વંચિત છે (આશેર અને નોવોસાદ, ૨૦૧૭). વીજળીથી જીવન સરળ બને છે અને આર્થિક પ્રવૃત્તિઓમાં ગતિ આવી શકે છે. સ્વાસ્થ્ય અને પર્યાવરણ માટે મકાન, પાણી અને શૌચાલય અત્યંત આવશ્યક છે. વસતીગણતરીની માહિતીનું વિશ્લેષણ દર્શાવે છે કે ૪૫-૭૦ ટકા ગ્રામીણ પરિવારો વીજ જોડાણ, તેમનાં ઘરોમાં પાણીપુરવઠા અથવા શૌચાલય જેવી સુવિધાઓથી વંચિત છે અને તેમાંથી ૧૮ ટકા આ બધી જ સુવિધાઓથી વંચિત છે (મિશ્રા અને શુક્લા, ૨૦૧૩). મોબાઇલ ફોન્સ, ઇન્ટરનેટ અને સ્પેસ ટેક્નોલૉજી દ્વારા માહિતીના ઝડપી પ્રસારણ માટે કેટલીક પાયાની માળખાગત સુવિધાઓ જરૂરી છે. આમ, ભૌતિક માળખાગત સુવિધાઓ ખેડૂતોનું સામાજિક જીવન સુધારી શકે છે, ઉત્પાદકતા વધારી શકે છે, વેચાણ સુવિધા વધારી, ઉત્પાદનનો બગાડ ઘટાડી શકે છે, મૂલ્યવર્ધિત સેવાઓને પ્રોત્સાહન આપી શકે છે અને સામાજિક માળખાકીય સુવિધાઓને વધુ અસરકારક બનાવી શકે છે.

મહિલાઓની વિશેષ જરૂરિયાતો હોય છે. ખેડૂતોની મહિલાઓને મોટા ભાગે અવેતન ખેતમજૂર તરીકે ગણવામાં આવે છે. નાનાં ખેતરો ધરાવનારા ખેડૂતો નીચા વેતને ડાંગરના વાવેતર જેવા પ્રતિકૂળ પાક લે છે (ઘોષ, ૨૦૧૦). પુરાવા દર્શાવે છે કે નવી ટેક્નોલૉજી અને ઊંચી આવકના આગમન સાથે મજૂરીના કામમાંથી મહિલાઓને પાછી ખેંચી લેવાઈ છે (બોસેરપ, ૧૯૭૦). બિન ખેતીના કામ માટે પુરુષો આગળ વધી જતાં ગરીબ મહિલાઓ માટે કૃષિક્ષેત્રે મજૂરી કરવી એ મજબૂરી બની હશે (જિગિન્સ, ૧૯૯૮). ખેડૂત મહિલાઓના કલ્યાણ માટે તાલીમ અને કુશળતા, મહિલાઓ માટે ચોક્કસ સ્વાસ્થ્ય સુવિધાઓ, બાળકોની સાર-સંભાળને સહયોગ, મશીનરી મહિલા સ્વાયત્તતાને સ્વીકારે અને માહિતીની ઉપલબ્ધતા ખૂબ જ મહત્વનાં છે.

### ખેડૂતોના કલ્યાણ માટેના નવા અને ઊભરતા માર્ગો

ખેતીને લાભદાયક બનાવીને ગ્રાહકોની અન્ન સલામતીની ખાતરી માટે અનેક વર્ષોથી બિયારણમાં સુધારો, ખાતરમાં સબસિડી, સસ્તી ઊર્જા અને સિંચાઈનાં કામો માટે પરંપરાગત ધિરાણ તથા એમએસપીમાં અનાજની સરકાર દ્વારા ખરીદી ભારતના કૃષિ વિકાસનાં મહત્ત્વનાં સાધનો રહ્યાં છે. કોઈ ચોક્કસ ખેત પેદાશના ઉત્પાદનમાં વૃદ્ધિ માટે તે વિશેષ પ્રદેશમાં પર્યાપ્ત સહયોગ કરાયો હોવાનું જણાય ત્યારે અન્ય પાક, સંગ્રહની સુવિધા, વરસાદી વિસ્તારો અને સ્થાનિક જરૂરિયાતો ખાસ કરીને બીજીઆરઈઆઈ, આઈએસઓપીઓએમ, એનએફએસએમ, આરકેવીવાય, ડબ્લ્યુડીઆરએ જેવા કાર્યક્રમો મારફત પૂર્વ તરફ ધ્યાન કેન્દ્રિત કરાયું છે. સસ્ટેનેબલ પ્રૅક્ટિસને અગ્રતા આપવામાં આવી છે. પૅરિસ કરાર કરવાની સાથે ભારત ક્લાઈમેટ ચેન્જ સામેની આંતરરાષ્ટ્રીય લડાઈમાં ભાગીદાર બન્યો છે અને તે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સાથે ઊંચો વૃદ્ધિદર જાળવવા માર્ગદર્શિકા (એનએપીસીસી) ધરાવે છે. ક્લાઈમેટ ચેન્જનું સૌથી વધુ જોખમ ખેડૂતો ઉપર હોય છે, ત્યારે તેના અંગે વધતી જાગૃતિથી કુદરતી આપત્તિઓના સંદર્ભમાં નીતિઓ ઘડાઈ રહી છે.

વીમો જોખમના સંચાલન માટેનો સ્વાભાવિક ઉકેલ છે, પરંતુ સીઆઈ યોજનાની રજૂઆત માટે દાયકાઓથી ખચકાટ થઈ રહ્યો છે (મિશ્રા, ૧૯૯૬, હેઝલ એટ એલ., ૧૯૮૬). પાક વીમા અંગે 'એરિયા'ના અભિગમને પગલે છેક ૧૯૯૯-૦૦માં એનએઆઈએસની શરૂઆત થઈ શકી. જોકે, તેમાં માહિતીની જરૂરિયાત ઘટાડવામાં આવી હતી, કારણ કે કોઈ પણ વિસ્તારમાં રહેતા ખેડૂતો સમાન જોખમની ઘટનાઓનો સામનો કરતા હોવાની અપેક્ષા સેવાય છે. સંસ્થાગત દેવાદારોની આવશ્યકતા ફરજિયાત હતી. જોકે, એનએઆઈએસ માહિતીના અભાવે નાના ખેડૂતોને અસર કરતાં જોખમોનો ઉકેલ લાવવામાં નિષ્ફળ ગઈ અને તે વ્યાવસાયિક રીતે નુકસાન કરતું એકમ બની ગઈ. પરિણામે સીઆઈમાં શ્રેણીબદ્ધ સુધારાઓ કરવા પડ્યા. જાન્યુઆરી ૨૦૧૬માં સરકારે પીએમએફબીવાય યોજના શરૂ કરી હતી, જે હવામાન, ઉપદ્રવી જીવાત, બીમારીઓ, વાવેતરમાં અવરોધ અને ઊભા પાક અને લણણી કરેલા પાકને નુકસાનનાં જોખમોને આવરી લે છે. સરકારે ખેડૂતો દ્વારા ચુકવાતા સબસ્યુડાઇઝ પ્રીમિયમ્સની ચૂકવણી ચાલુ રાખી હોવા છતાં સ્પર્ધાત્મક વાસ્તવિક દરો ક્વૉટ કરવા માટે ખાનગી વીમાકંપનીઓના પ્રશિક્ષણે ખાનગી ક્ષેત્રની ભાગીદારીને આમંત્રણ આપ્યું. આધુનિક ટૅક્નોલૉજીએ ગતિ વધારી અને ઊપજની માહિતી એકત્ર કરવાનું પ્રમાણ ઝડપી બનાવ્યું, જેથી સૂચિત 'વિસ્તાર' ભવિષ્યમાં ખરા અર્થમાં સમરૂપ બની શકે.

સીઆઈ ક્લાઇમેટ ચેન્જ સામે મહત્ત્વપૂર્ણ રક્ષણ આપી શકે છે, પરંતુ હવામાનની આફત વિશાળ વિસ્તાર અને મોટી સંખ્યામાં નુકસાન કરી શકે છે. કુદરતી આપત્તિ અંગે વહેલા અને વિશ્વસનિય ચેતવણી આપવાના સંદર્ભમાં રાષ્ટ્રની સેટેલાઇટ અને મેટેઓરોલિજકલ ક્ષમતા વધી છે. વર્ષ ૨૦૦૫માં ડિઝાસ્ટર મૅનેજમેન્ટ ઍક્ટ

પસાર થવા સાથે ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની રચના કરવામાં આવી હતી. આમ, રાજ્યોને જરૂર પડે ત્યારે સહાય માટે કેન્દ્રિય દળની નિયુક્તિ કરાઈ છે. રાજ્યો દુષ્કાળની જાહેરાત કરે ત્યારે તેને સિંચાઈ પર વિશેષ સબસિડી માટે ડિઝાસ્ટર કૉલિંગ તરીકે ઓળખવામાં આવે છે.

પરંપરાગત નિયમો સ્વ-પરાજય બને ત્યારે માર્કેટિંગમાં સુધારાની જરૂર ઊભી થાય છે. બજારોને સ્પર્ધાત્મક અને અસરકારક બનાવવા માટે એપીએમસી ઍક્ટમાં સુધારો કરવામાં આવ્યો અને ખેડૂતોને વધુ વિકલ્પો આપવામાં આવ્યા. હવે દેખરેખ અને અંદાજપત્રીય પડકારોનો સામનો કરતી સંગ્રહ અને વિતરણવ્યવસ્થા ભાવનિયંત્રણ માટે સરકારી દરમિયાનગીરીની અસરકારક્તા નિશ્ચિત કરે છે. ઈનપુટ અને ફૂડ સબસિડીઓ તથા ૨૦૧૩માં એનએફએસએના અમલથી અન્ન સુરક્ષા કાયદેસર બની. પરિણામે સરકાર પર નાણાકીય દબાણ વધ્યું. જોકે, વૈશ્વિક બજારોની અસર હેઠળ ભાવમાં થતા વધારાને અટકાવવા સરકાર દરમિયાનગીરી કરે ત્યારે ખેડૂતોનું ગેરમાર્ગે દોરાવાનું જોખમ હોય છે અને અછત અથવા માલના ભરાવાના કારણે તેમનાં હિતોને નુકસાન પહોંચે છે. દરમિયાન ભારતની સબસિડી વ્યવસ્થા પણ ઐતિહાસિક સંક્રમણમાંથી પસાર થઈ રહી છે. સિમાચિહ્નરૂપ યુઆઈડી અને બૅન્કિંગ આઉટરીચ પ્રોગ્રામ (જનધન)એ ડીબીટીને ગરીબ લાભાર્થીઓ સુધી પહોંચાડવા સક્ષમ બનાવ્યા છે, જેનો રાંધણગૅસની સબસિડીમાં સફળતાપૂર્વક પ્રયોગ કરાયો છે. વધુ જાણીતા પ્રસ્થાનમાં વર્ષ ૨૦૧૬-૧૭ના આર્થિક સર્વમાં યુબીઆઈની એક નવી જ કલ્પના કરવામાં આવી છે, જે બધી જ સબસિડીઓનો વિકલ્પ આપી શકે છે અને તે એક નવું જ પ્રકરણ ખોલી શકે છે. એક મજબૂત સૈદ્ધાંતિક અન્ડરપિનિંગ નાગરિકોની લઘુતમ આવકના અધિકારનું રેખાચિત્ર રજૂ કરે છે.

અનેક ગ્રામીણ વિકાસ યોજનાઓ હવે આજીવિકા (એનઆરએલએમ), ભાવ સંશોધન (ઇનામ), સામાજિક સહાય (એનએસએપી), મકાન (આઈએવાય), માર્ગવિકાસ (પીએમજીએસવાય) અને સ્વાસ્થ્ય (એનઆરએચએમ)નાં ક્ષેત્રોમાં ખેડૂતોની સમસ્યાઓનો ઉકેલ લાવીને સબસિડી અથવા રોકાણ મારફત તેમનાં જીવનધોરણમાં સુધારો લાવવામાં મદદરૂપ થાય છે. અહીં સિંચાઈને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે, કારણ કે પરવડે તેવી સિંચાઈ યોજનાઓથી દુષ્કાળની પરિસ્થિતિને ટાળી શકાય છે. પબ્લિક વર્ક્સ પ્રોગ્રામ (પીડબ્લ્યુડી) મનરેગાનો ૨૦૦૫થી અમલ થઈ રહ્યો છે, ત્યારે આ યોજના ગ્રામીણ વસતીને લઘુતમ આવકની ખાતરી પૂરી પાડવામાં એક સિમાચિહ્નરૂપ યોજના સાબિત થઈ છે. તે રોજગારીના કાયદેસરના અધિકારનું પ્રતીક છે. તેના અંદાજપત્રીય અમલ અને ઐતિહાસિક નીચા ઉત્પાદન માટે વિવાદાસ્પદ બનવા છતાં હેતુપૂર્વક આ યોજના ગુણવત્તાપૂર્ણ ગ્રામીણ અસ્કામતો ઊભી કરી શકે છે. રોજગારક્ષમતા, ઉત્પાદકતા અને એન્ટરપ્રાઇઝ સ્ટાન્ડર્ડાઇઝ્ડને પ્રોત્સાહન આપવા ૨૦૧૫માં એનપીએસડીઈ મારફત કુશળતાને પ્રોત્સાહન આપવામાં આવે છે.

**આકલન**

વર્ષોથી ખેડૂતોની આવકની સલામતીનું ચાલકબળ યાંત્રિક પદ્ધતિ હતી, જેનો મુખ્ય આશય ગ્રાહકોના કલ્યાણનો હતો. આ સપોર્ટ સિસ્ટમ્સ હવે બજારમાં સુધારા અને સંકુચિત બજેટ્સ સાથે વિરોધાભાસી સ્થિતિનો સામનો કરી રહી છે. સામાજિક સલામતી વ્યવસ્થાના નવા પરિવર્તિત સમયમાં ક્ષિતિજ પર નાગરિકોના લઘુતમ કલ્યાણને અધિકાર તરીકે જોવામાં આવે છે. સરકાર બજાર અસરકારક રીતે ચાલે તેવી સુવિધા ઊભી કરી શકે છે, પરંતુ ખુલ્લા બજારમાં ભાવ અને આવક પર તેનું નિયંત્રણ મર્યાદિત હોય છે.

જોકે, લોકોની અન્ન સલામતીની જેમ ખેડૂતોની સામાજિક સલામતીની કુદરતી સંરક્ષક પણ સરકાર છે. કુદરતી જોખમો સામે તેમને રક્ષણ આપવું, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સામાજિક સુવિધાઓ તેમજ માહિતી પૂરી પાડવી તે સરકારની જવાબદારી છે, પરંતુ સરકારની આ કામગીરીમાં અન્ન સલામતીનો લાભ મેળવતા કરદાતા નાગરિકો અને સમૃદ્ધ કૃષિ ક્ષેત્રનો લાભ લેતા ખાનગી સેક્ટરે સંયુક્ત હિસ્સેદાર તરીકે જોડાવું જોઈએ. લાંબા ગાળે અન્ય વિકસતાં ક્ષેત્રો સાથે વધુ એકીકૃત તરીકે કૃષિની એક એન્ટરપ્રાઇઝ તરીકે કલ્પના કરવામાં આવી છે, જેનાથી ખેડૂતો પર આજીવિકા માટે જમીન પરનું દબાણ હળવું કરવામાં મદદ મળશે. ટૅક્નોલૉજીની સહાયથી વહીવટી નવીનતા દ્વારા સમયે સમયે રાજ્યની સુપરવાઇઝરી જટિલતાઓને દૂર કરવામાં આવે છે. સારા જીવનના અધિકાર સાથે એક નાગરિક તરીકે જીવવા ખેડૂતોએ બજારમાં લડવા માટે અસરકારક બનવું પડશે.

**લેખિકા નવી દિલ્હીમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇકોનોમિક ગ્રોથમાં પ્રોફેસર છે અને કૃષિ, ખાદ્ય અને પર્યાવરણના ક્ષેત્રમાં કામ કરે છે. તેઓ ભારતીય કૃષિ સાથે સંબંધિત અધિકૃત આંકડાકીય વ્યવસ્થાને ટેકો આપવાની આંકડાકીય અને ઇકોનોમેટ્રિક પદ્ધતિઓનો ઉપયોગના અભ્યાસમાં સંકળાયેલા છે.**
**ઈ-મેલ : nila@iegindiarog**

# વયોવૃદ્ધ લોકો માટે આવકની સુરક્ષા

**બદરી સિંહ ભંડારી**



*પેન્શન કે વયોવૃદ્ધ અવસ્થામાં આવકની જોગવાઈ સામાજિક સુરક્ષા સાથે સંબંધિત વ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ પરિબળ છે. તે વયોવૃદ્ધ અવસ્થામાં ગરીબીનું જોખમ દૂર કરે છે કે ઘટાડે છે તથા નિવૃત્તિ પછી જીવનધોરણ જાળવી રાખવાનું અસરકારક માધ્યમ છે. પેન્શન સિસ્ટમ સબ્સક્રાઈબર્સ માટે વાજબી હોવી જોઈએ, રાજકોષીય રીતે કાર્યદક્ષ હોવી જોઈએ અને અર્થતંત્ર માટે વ્યાવહારિક હોવી જોઈએ, જેથી તે વેપારધંધા સાથે સંકળાયેલાં તમામ સમુદાયો અને તમામ આવકજૂથોને આવરી લે. છેલ્લા ત્રણ દાયકા દરમિયાન સમગ્ર દુનિયાના ઘણા દેશોમાં પેન્શન સિસ્ટમમાં સુધારો થયો છે અને આ રીતે તેને રાજકોષીય રીતે ટકાઉ બનાવવામાં આવી છે. આ વ્યવસ્થા વધતી વસતિના પડકારોનો સામનો કરવા પર્યાપ્તતા પ્રદાન કરશે તથા અસંગઠિત ક્ષેત્રનું કવરેજ વધારશે.*

*સામાન્ય રીતે ભારતમાં વયોવૃદ્ધ વ્યક્તિઓ માટે આવકની સુરક્ષા સંયુક્ત પરિવારની વ્યવસ્થા દ્વારા પૂર્ણ થાય છે, જે સદીઓથી ભારતીય પરંપરા અને સંસ્કૃતિમાં વણાયેલી છે. જોકે ધીમે ધીમે સંયુક્ત પરિવારની વ્યવસ્થા તૂટી રહી છે, દેશમાં વિભક્ત પરિવારોની સંખ્યા વધી રહી છે. આ માટે વેપારધંધામાં પરિવર્તન, વ્યાવસાયિક કારણો, શહેરીકરણ જેવાં કારણો જવાબદાર છે.*

પેન્શન કે વયોવૃદ્ધ અવસ્થામાં આવકની જોગવાઈ સામાજિક સુરક્ષા સાથે સંબંધિત વ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ પરિબળ છે. તે વયોવૃદ્ધ અવસ્થામાં ગરીબીનું જોખમ દૂર કરે છે કે ઘટાડે છે તથા નિવૃત્તિ પછી જીવનધોરણ જાળવી રાખવાનું અસરકારક માધ્યમ છે. પેન્શન સિસ્ટમ સબ્સક્રાઈબર્સ માટે વાજબી હોવી જોઈએ, રાજકોષીય રીતે કાર્યદક્ષ હોવી જોઈએ અને અર્થતંત્ર માટે વ્યાવહારિક હોવી જોઈએ, જેથી તે વેપારધંધા સાથે સંકળાયેલાં તમામ સમુદાયો અને તમામ આવકજૂથોને આવરી લે. છેલ્લા ત્રણ દાયકા દરમિયાન સમગ્ર દુનિયાના ઘણા દેશોમાં પેન્શન સિસ્ટમમાં સુધારો થયો છે અને આ રીતે તેને રાજકોષીય રીતે ટકાઉ બનાવવામાં આવી છે. આ વ્યવસ્થા વધતી વસતિના પડકારોનો સામનો કરવા પર્યાપ્તતા પ્રદાન કરશે તથા અસંગઠિત ક્ષેત્રનું કવરેજ વધારશે.

૨. સામાન્ય રીતે ભારતમાં વયોવૃદ્ધ વ્યક્તિઓ માટે આવકની સુરક્ષા સંયુક્ત પરિવારની વ્યવસ્થા દ્વારા પૂર્ણ થાય છે, જે સદીઓથી ભારતીય પરંપરા અને સંસ્કૃતિમાં વણાયેલી છે. જોકે ધીમે ધીમે સંયુક્ત પરિવારની વ્યવસ્થા તૂટી રહી છે, દેશમાં વિભક્ત પરિવારોની સંખ્યા વધી રહી છે. આ માટે વેપારધંધામાં પરિવર્તન, વ્યાવસાયિક કારણો, શહેરીકરણ જેવાં કારણો જવાબદાર છે. ઉપરાંત જન્મ અને મૃત્યુ એમ બંને દરમાં ક્રમશઃ ઘટાડો થઈ રહ્યો છે તથા તબીબી વિજ્ઞાનમાં પ્રગતિ, આવકના સ્તરમાં વધારો, સરેરાશ આયુષ્યમાં વધારો થવાથી લોકો લાંબું જીવન જીવી રહ્યા છે. એટલે સ્વાભાવિક છે કે નિવૃત્તિ પછી વધારે વર્ષો તેમને નાણાકીય જોગવાઈની જરૂર પડે છે. થોડા દાયકા અગાઉ સ્થિતિ જુદી હતી. વળી એક તરફ વસતિ વિષયક પડકારોમાં વધવાથી અને બીજી તરફ, પેન્શન સિસ્ટમના સુનિશ્ચિત લાભનું રાજકોષીય ભારણ વધવાથી મોટા ભાગના દેશોમાં પેન્શન વ્યવસ્થામાં સુધારો કરવાની જરૂર ઊભી થઈ છે.

૩. વયોવૃદ્ધ અવસ્થામાં સુનિશ્ચિત આવક માટે પેન્શન કે પ્રોવિડન્ટ ફંડ કે નિવૃત્તિ ભંડોળ કે નિવૃત્તિના લાભો જેવાં જુદાં જુદાં નામોનો ઉપયોગ થાય છે. સરકારી સેવાઓ, ખાનગી ક્ષેત્રની કંપનીઓ અને ખાનગી ક્ષેત્રમાં કેટલાક મોટાં ઉદ્યોગસાહસો તેમાંથી કોઈ નામનો પ્રયોગ કરે છે. વર્ષ ૨૦૦૪માં પેન્શન સુધારા થયા એ અગાઉ ભારતીય પેન્શન સિસ્ટમ નીચેની પેન્શન/પ્રોવિડન્ટ ફંડ્સ/નિવૃત્તિ ભંડોળની યોજનાઓ ધરાવતી હતી :

(i) નેશનલ સોશિયલ આસિસ્ટન્સ પ્રોગ્રામ (એનએસએપી) હેઠળ ગરીબીરેખા નીચે જીવતા લોકો અને ૬૦ વર્ષથી વધારે વય

ધરાવતા લોકો, વિકલાંગ કે વિધવાઓને લઘુતમ સુરક્ષાનું સ્તર પ્રદાન કરવા કરવેરા દ્વારા ફંડેડ સામાજિક પેન્શન.

(ii) સેન્ટ્રલ સિવિલ સર્વિસ પેન્શન સ્કીમ ૧૯૭૨, જે વર્ષ ૨૦૦૪ અગાઉ કેન્દ્ર સરકારની સેવામાં જોડાયેલા કર્મચારીઓ માટે પે-એઝ-યુ-ગોના આધારે પેન્શન સ્કીમનો સુનિશ્ચિત લાભ. આ જ પ્રકારની યોજના રાજ્ય સરકારના કર્મચારીઓ માટે અને સરકારી ક્ષેત્રનાં ઘણાં સાહસો/બૅંકો/વીમા કંપનીઓ વગેરે માટે અસ્તિત્વમાં છે.

(iii) ૨૦ કે ૨૦થી વધારે કર્મચારીઓને રોજગારી પ્રદાન કરતાં સરકારી અને ખાનગી ક્ષેત્ર એમ બંને પ્રકારની નોટિફાઇડ કંપનીઓ માટે ઇપીએફ અને વિવિધ કાયદા, ૧૯૫૨ હેઠળ એમ્પ્લોયીસ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઇઝેશન (ઇપીએફઓ) દ્વારા સંચાલિત એમ્પ્લોયીસ પ્રોવિડન્ટ ફંડ (ઇપીએફ) અને એમ્પ્લોયીસ પેન્શન સ્કીમ (ઇપીએસ).

(iv) કોલ માઇન્સ પીએફ, સીમેન્સ પીએફ, અસમ ટી પ્લાન્ટેશન્સ પીએફ વગેરે જેવાં ફરજિયાત વ્યાવસાયિક પ્રોવિડન્ટ ફંડ્સ

(v) જીવન વીમાકંપનીઓ અને મ્યુચ્યુઅલ ફંડ્સ તથા બૅંકો અને પોસ્ટઓફિસ મારફતે ભારત સરકાર દ્વારા પબ્લિક પ્રોવિડન્ટ ફંડ દ્વારા નિવૃત્તિભંડોળ/નિવૃત્તિ પેન્શન યોજનાઓ છે, જેમાં કોઈ પણ વ્યક્તિ સ્વૈચ્છિક ધોરણે જોડાઈ શકે છે અને પ્રદાન માટે કરવેરામાં પ્રોત્સાહન/કપાત દ્વારા મુખ્યત્વે સંચાલિત હોય છે.

૪. ભારતમાં પેન્શન સુધારણા માટેની જરૂરિયાત માટે બે પ્રકારની સ્થિતિ જવાબદાર હતી : એક તરફ, નાગરિકસેવાઓ માટે અંદાજપત્રીય ખેંચ, સુનિશ્ચિત લાભ, પે-એઝ-યુ-ગો પેન્શન સિસ્ટમ, તો બીજી તરફ કામકાજ કરતાં લોકોમાં ૮૪ ટકાથી વધારે અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે, જેમના માટે વૃદ્ધાવસ્થામાં આવકની સુરક્ષા વધારવાની જરૂર. ઓલ્ડ એજ સોશિયલ ઍન્ડ ઇન્કમ સિક્યોરિટી (ઓએએસઆઇએસ), ભટ્ટાચાર્ય, રંગાચારી વગેરે જેવી વિવિધ નિષ્ણાત સમિતિઓએ રાજકીય આવશ્યકતાઓ અને વસતિવિષયક વલણો સ્વીકારવાની ભલામણ કરી હતી, જેના પગલે ભારતે સુનિશ્ચિત બૅનિફિટ પે-એઝ-યુ-ગો અનફંડેડ પેન્શન સિસ્ટમમાંથી સુનિશ્ચિત પ્રદાન ધરાવતી ફંડેડ પેન્શન સિસ્ટમ તરફ અગ્રેસર થવાનો નિર્ણય લીધો છે. આ નવી સિસ્ટમનું નામ શરૂઆતમાં ન્યુ પેન્શન સ્કીમ છે, જેને હવે નૅશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ) કહેવાય છે. નૅશનલ પેન્શન સિસ્ટમ (એનપીએસ) સુનિશ્ચિત પ્રદાન કરતી પેન્શન વ્યવસ્થા છે, જેનું સંચાલન અને નિયમન પેન્શન ફંડ રેગ્યુલેટરી ઍન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી (પીએફઆરડીએ), ભારત દ્વારા થાય છે. એનપીએસ શરૂઆતમાં ૧ જાન્યુઆરીના રોજ કે એ પછી સરકારી કર્મચારીઓ તરીકે જોડાયેલા (સેના સિવાય) લોકો માટે પ્રસ્તુત કરવામાં આવી હતી, જે ફરજિયાત હતી. ત્યાર બાદ રાજ્ય સરકારના કર્મચારીઓ માટે લાગુ કરવામાં આવી હતી. પછી ૧ મે, ૨૦૦૯થી સરકારી અને ખાનગી એમ બંને ક્ષેત્રોમાં સ્વૈચ્છિક ધોરણે તમામ ભારતીય નાગરિકો માટે લાગુ કરવામાં આવી હતી, જેમાં અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતાં સ્વરોજગારી મેળવતા નાગરિકો સામેલ છે. અત્યારે એનપીએસ ૧૮થી ૬૦ વર્ષ વચ્ચેના તમામ ભારતીય નાગરિકો માટે ઉપલબ્ધ છે, જેથી તેઓ કામકાજની ઉંમર દરમિયાન વ્યવસ્થિત રોકાણ કરી શકે અને નિવૃત્તિ પછી પેન્શનનો લાભ મેળવી શકે. સરકારી કર્મચારીઓ માટે એનપીએસ ફરજિયાત છે, જેમને તેમના પગાર (બેઝિક સેલેરી અને મોંઘવારીભથ્થુ)નો ૧૦ ટકા હિસ્સો એનપીએસ પેટે ચૂકવવો પડે છે. આટલી જ રકમ કંપની કર્મચારીઓ માટે પરમેનન્ટ રિટાયરમેન્ટ એકાઉન્ટ નંબર (પીઆરએએન) તરીકે ઓળખાતા પેન્શન ખાતામાં જમા કરે છે. સ્વૈચ્છિક ધોરણે એનપીએસમાં સામેલ થયેલી વ્યક્તિઓ દર વર્ષે લઘુતમ રૂ. ૧૦૦૦/-નું રોકાણ કરી શકે છે, જેમાં વ્યક્તિની આવકના ધોરણે વધારો થઈ શકશે. આ સંચિત રકમનું રોકાણ પીએફઆરડીએ દ્વારા સૂચિત રોકાણની માર્ગદર્શિકા મુજબ, પીએફઆરડીએમાં રજિસ્ટર્ડ વ્યાવસાયિક ફંડ કંપનીઓ દ્વારા સરકારી સિક્યોરિટીઝ, કૉર્પોરેટ ડિબેન્ચર્સ/બોન્ડ્સ અને સ્થાપિત કંપનીઓનાં ઇક્વિટી શેર ધરાવતી વૈવિધ્યસભર નાણાકીય અસ્કામતોમાં કરવામાં આવે છે. સબસ્ક્રાઇબર પાસે પેન્શન ફંડની પસંદગી કરવાનો અને તેમની જોખમ ખેડવાની ક્ષમતા મુજબ ઇક્વિટી, કૉર્પોરેટ બોન્ડ્સ/ડિબેન્ચર્સ, સરકારી સિક્યોરિટીઝમાં રોકાણ કરવાનો વિકલ્પ હોય છે. અસ્કામતોની વિસ્તૃત કેટેગરીઓની અંદર વ્યક્તિગત સિક્યોરિટીઝની પસંદગી પેન્શન ફંડ મેનેજર્સ દ્વારા થાય છે.

૫. NPSમાં એક અનબંડલ્ડ આર્કિટેક્ચર છે જ્યાં વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે સબ્સ્ક્રાઇબર્સનું સૉર્સિંગ અને રજિસ્ટ્રેશન, સમયાંતરે પેન્શન સબ્સક્રિપ્શન, વ્યક્તિગત સબ્સક્રાઇબર્સના રેકૉર્ડની જાળવણી, સબ્સક્રાઇબર્સ ફંડનું એકત્રિકીકરણ, નાણાકીય બજારોમાં નાણાકીય સિક્યોરિટીમાં ફંડનું રોકાણ, સિક્યોરિટીઝના રેકૉર્ડની જાળવણી, પિરિયોડિક પેન્શન / એન્યુઇટી વગેરેની જોગવાઈ અલગ અલગ એન્ટિટી/

ઈન્ટરમિડિયરીઝને આપવામાં આવેલ છે. આ એન્ટિટીઝને તેમની કુશળતા અને ડોમેન નૉલેજના આધારે પસંદ કરવામા આવેલ છે. તેમાં વિવિધ સરકારી કચેરીઓ (PAOs અને DDOs) સામેલ છે. જે સરકારી કર્મચારીઓ વિવિધ એનપીએસ સંબંધિત પ્રવૃત્તિ કરે છે, પૉઈન્ટ્સ ઑફ પ્રેઝન્સ (પીઓપી) તરીકે ઓળખાતી બૅન્કો અને નોન-બૅન્કિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ સામેલ છે, જેને NPS ખાતા ખોલવાની, સસ્ક્રાઇબર્સ પાસેથી યોગદાન સ્વીકારવાની અને તેને એનપીએસ ટ્રસ્ટ એકાઉન્ટમાં જમા કરવાની સત્તા છે, જે ટ્રસ્ટ સબ્સક્રાઇબર્સના લાભ માટે એસેટ/ સિક્યોરિટીઝ ધરાવે છે. સેન્ટ્રલ રેકૉર્ડકિપિંગ એજન્સી (CRA) વ્યક્તિગત સબ્સક્રાઇબર્સના ડેટાનો રેકોર્ડ જાળવે છે, તથા એનપીએસના વિવિધ પદાધિકારી વચ્ચે સંકલન થાય છે. CRA દરેક સબ્સક્રાઇબરને વિશિષ્ટ પર્મેનન્ટ રિટાયરમેન્ટ એકાઉન્ટ નંબર (PRAN) આપે છે, તમામ ઇશ્યૂ કરાયેલા PRAN માટે ડેટાબેઝ જાળવે છે, દરેક વ્યક્તિના PRAN સંબંધિત ટ્રાન્ઝેક્શનનો રેકૉર્ડ રાખે છે. એનપીએસ ટ્રસ્ટ અને અન્ય એનપીએસ ઈન્ટરમિડિયરીઝ જેમકે સરકારી નોડલ ઓફિસિસ, પીએઓ, ડીડીઓ, પીઓપી, એગ્રીગેટર્સ, રિટાયરમેન્ટ એડવાઇઝર્સ, ટ્રસ્ટી બૅન્ક, પેન્શન ફંડ, કસ્ટોડિયન, એન્યુઇટી સર્વિસ પ્રોવાઇડર્સ અને સબ્સકાઈબર વચ્ચે સંચાલકીય ઇન્ટરફેસ તરીકે કામ કરે છે. એનપીએસ માટે સેન્ટ્રલાઈઝ્ડ રેકૉર્ડકિપિંગના કારણે દરેક વ્યક્તિનું પેન્શન એકાઉન્ટ દેશમાં તમામ સ્થળ, વ્યવસાય અને રોજગાર માટે સંપૂર્ણ પોર્ટેબલ છે. એનપીએસનું મેનેજમેન્ટ ઉચ્ચ પ્રમાણમાં ટેક્નોલોજી પ્રેરિત છે, માહિતી અને ફંડનું ટ્રાન્સમિશન ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી થાય છે જેથી ઝડપ, ચોકસાઇ અને કાર્યક્ષમતા જળવાય છે. પીએફઆરડીએમાં રજિસ્ટર્ડ પેન્શન ફંડ્સ (પીએફ) સબ્સ્ક્રાઈબર્સના હિત માટે પીએફઆરડીએ દ્વારા નક્કી કરવામાં આવેલી રોકાણ માર્ગદર્શિકા પ્રમાણે પેન્શનના ભંડોળનું સંચાલન કરવાની સત્તા ધરાવે છે.

૬. સરકારી વિભાગની વ્યક્તિ દ્વારા તેના ડ્રૉઈંગ ડિસ્બર્જિંગ ઓફિસર (ડીડીઓ) અથવા પે ઍન્ડ એકાઉન્ટ્સ ઑફિસર (પીએઓ) મારફત એનપીએસ ખાતું ખોલાવી શકાય છે. કોર્પોરેટ સેક્ટર અથવા અસંગઠીત સેક્ટરની વ્યક્તિ કોઇ પણ પોઇન્ટ ઓફ પ્રેઝન્સ (પીઓપી) દ્વારા ખાતું ખોલાવી શકે જે સરકારી કે ખાનગી બેન્ક, પોસ્ટઓફિસ અને અમુક નોનબૅન્કિંગ ફાઇનાન્શિયલ એન્ટીમાં હોઈ શકે છે જે સમગ્ર દેશમાં ૬૦,૦૦૦થી વધુ કચેરીઓ ધરાવે છે. તેમાં નિર્ધારિત સબ્સ્ક્રાઈબર્સ રજિસ્ટ્રેશન ફૉર્મ (NSRF1) ભરવું પડે છે અને તે POP ને સોંપવાનું હોય છે જેની સાથે નો યોર કસ્ટમર (KYC) ડોક્યુમેન્ટ—ઓળખ અને સરનામાના પુરાવા હોય છે. ઘણા પીઓપી વિદેશમાં શાખાઓ કે પ્રતિનિધિઓ ધરાવે છે. POPની વિગતવાર યાદી www.pfrda.rog.inઅને www.npscra.nsdl.co.in પર જોઈ શકાય છે. NPS ટ્રસ્ટની વેબસાઈટ www.npstrust.rog.in.પર eNPS પોર્ટલ દ્વારા ઓનલાઇન પણ એનપીએસ ખાતું ખોલી શકાય છે. eNPS હેઠળ વ્યક્તિ આધાર અથવા PANનો KYC દસ્તાવેજ તરીકે ઉપયોગ કરીને બૅન્ક ખાતું ખોલાવી શકે છે. આ ઑનલાઈન રજિસ્ટ્રેશન સુવિધા ઉપરાંત છે. જે કેટલાક પીઓપી દ્વારા તેમના ક્લાયન્ટને તેમના ઇન્ટરનેટ પૉર્ટલ પર આપવામાં આવે છે. NPSમાં જોડાય ત્યારે સબ્સક્રાઇબરને એક પર્મેનન્ટ રિટાયરમેન્ટ એકાઉન્ટ નંબર (PRAN) મળે છે તેમાં તેનાં તમામ યોગદાન જમા થાય છે અને તે તમામ સ્થળે તથા નોકરીઓમાં પોર્ટેબલ છે. તે ટૅક્નોલૉજી પ્રેરિત હોવાથી સબ્સક્રાઇબર NPS મોબાઈલ એપ દ્વારા પોતાના ખાતાને ઓનલાઇન જોઈ શકે છે.

૭. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે NPS લાગુ કરવા ભારત સરકારના નાણા મંત્રાલયે ડિસેમ્બર ૨૦૦૩માં એક જાહેરનામું બહાર પાડ્યું હતું. તેને કાર્યરત કરવા માટે કન્ટ્રોલર જનરલ ઑફ એકાઉન્ટ્સે જાન્યુઆરી ૨૦૦૪માં એક OM બહાર પાડ્યું હતું. જાન્યુઆરી ૨૦૦૪થી માર્ચ ૨૦૦૮ દરમિયાન કર્મચારીઓનું NPS યોગદાન પબ્લિક એકાઉન્ટમાં રાખવામાં આવ્યું હતું અને સેન્ટ્રલ પેન્શન એકાઉન્ટિંગ ઑફિસ દ્વારા તેનું સંચાલન કરાયું હતું. સરકારે નક્કી કરેલી રોકાણ માર્ગદર્શિકા પ્રમાણે બજારમાં રોકાણ કરવા માટે માર્ચ ૨૦૦૮ બાદ આ ફંડ્સ PFRDA દ્વારા નિયુક્ત ટ્રસ્ટી બૅન્કમાં રેમિટ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી બૅન્કને ભંડોળ આપવામાં આવ્યું ત્યાં સુધી સરકાર દ્વારા વાર્ષિક ૮ ટકાના દરે વ્યાજ ચૂકવવામાં આવ્યું હતું. સપ્ટેમ્બર ૨૦૦૮માં કન્ટ્રોલર જનરલ ઑફ એકાઉન્ટ્સ, ખર્ચ વિભાગની કચેરીએ એક વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરી છે જે એનપીએસની તૈયારી, અપલોડ તથા સેન્ટ્રલ રેકૉર્ડકિપિંગ એજન્સી અને ટ્રસ્ટી બૅન્કને રેમિટન્સ અંગે હતી તેવી જ રીતે ઓલ ઇન્ડિયા સર્વિસિસ (એઆઈએસ) ઑફિસર્સ માટે પર્સોનલ મંત્રાલયે સપ્ટેમ્બર ૨૦૦૯માં રાજ્યોના મુખ્ય સચિવો માટે માર્ગદર્શિકા ઇશ્યૂ કરી હતી.

૮. એનપીએસ બે પ્રકારનાં ખાતા ઓફર કરે છે, ટિયર ૧ અને ટિયર ૨. ટિયર ૧ ખાતું

પેન્શન એકાઉન્ટ છે તથા ટિયર ૨ એકાઉન્ટ ખોલાવવા માટે તે ફરજિયાત છે, ટિયર ૨ વૈકલ્પિક રોકાણ ખાતું છે. ટિયર ૧ ખાતામાં આંશિક ઉપાડની સવલત છે જે સબ્સક્રાઇબરના યોગદાનના ૨૫ ટકાથી વધારે ન હોઈ શકે અને તે બાળકોના શિક્ષણ અને લગ્ન માટે, ઘરની ખરીદી/બાંધકામ માટે અને પોતાની, જીવનસાથીની, બાળકોની અથવા આશ્રિતોની ચોક્કસ બીમારી માટે જ ઉપાડી શકાય છે. અકસ્માત અથવા ગંભીર બીમારીઓ માટે પણ આંશિક ઉપાડ કરી શકાય છે. સંચય કરવાના તબક્કામાં વધુમાં વધુ ૩ ઉપાડની સગવડ છે. એનપીએસમાં જોડાયાની તારીખથી ૩ વર્ષ પૂરાં કર્યા બાદ પ્રથમ ઉપાડ કરી શકાય. ટિયર ૧ એકાઉન્ટમાંથી આંશિક ઉપાડ પર કોઈ ટૅક્સ નથી. ટિયર ૨ એકાઉન્ટ સ્વૈચ્છિક બચત માટે છે. જેમાં ફંડના યોગદાન અને ઉપાડમાં સંપૂર્ણ લવચિકતા છે. જોકે, ટિયર ૨માં યોગદાન કે ઉપાડ પર કોઈ ટૅક્સ ડિડક્શન (કરકપાત) નથી.

૯. સુપરઍન્યુએશન પર અથવા ૬૦ વર્ષની વયે સબ્સક્રાઇબરે નિયમિત પેન્શન માટે તેના PRANમાં કુલ એકત્ર થયેલા ભંડોળના ઓછામાં ઓછા ૪૦ ટકા જેટલી ઍન્યુઇટી લેવી પડે અને બાકીનો ૬૦ ટકા હિસ્સો લમ્પ સમ (એકસાથે) ઉપાડી શકાય છે. કુલ સંચયિત બૅલેન્સનો ૪૦ ટકા હિસ્સો લમ્પસમ ઉપાડી લેવામાં આવે તે કરમુક્ત છે. વાર્ષિક ધોરણે મળતી રકમ પણ કરમુક્ત છે. વ્યક્તિ ૬૦ વર્ષ અગાઉ નીકળી જાય તો તેણે કુલ ભંડોળનો ઓછામાં ઓછો ૮૦ ટકા હિસ્સો ઍન્યુઇટી ખરીદવામાં રોકવો પડશે અને બાકીને ૨૦ ટકા હિસ્સો એકસાથે ઉપાડી શકાય. સુપરઍન્યુએશન અગાઉ અથવા ૬૦ વર્ષની વય અગાઉ વ્યક્તિનું મૃત્યુ થાય, તો તેના વારસદારને એકઠી થયેલી સમગ્ર રકમ એકસાથે મેળવવાનો વિકલ્પ રહે છે, જેમાં કોઈ ટૅક્સ લાગતો નથી. બજારને ટાઇમ કરવા માટે, એટલે કે સૌથી યોગ્ય સમયે સિક્યોરિટીઝ વેચી નાખવા માટે, સબ્સક્રાઇબર તેના એનપીએસ ફંડના ઉપાડને ૭૦ વર્ષની વય સુધી મૂલતવી રાખી શકે અને ઍન્યુઇટીની ખરીદી સુપરઍન્યુએશનની તારીખ અથવા ૬૦ વર્ષ થવાની તારીખથી મહત્તમ ત્રણ વર્ષના ગાળા માટે મુલતવી રાખી શકે છે. મુલતવી રાખવાના સમયગાળા દરમિયાન વ્યક્તિ ઇચ્છે તો ખાતામાં યોગદાન આપવાનું ચાલુ રાખી શકે છે.

### બિનનિવાસી ભારતીયો એનપીએસ

૧૦. બિનનિવાસી ભારતીયો (એનઆરઆઈ) તેમનાં એનઆરઇ/એફસીએનઆર/એનઆરઓ ખાતાંઓ મારફતે પ્રદાન રકમ જમા કરાવીને રિપાટ્રિએબલ અને નોન રિપાટ્રિએબલ એમ બંને આધારે એનપીએસ એકાઉન્ટ ખોલાવી શકે છે. નોન રિપાટ્રિએબલ એનપીએસ ખાતાનાં કેસમાં મેચ્યોરિટી સમયે કે આંશિક ઉપાડ દરમિયાન એનપીએસ ફંડ એનઆર એકાઉન્ટમાં જ જમા થશે. એનપીએસ એકાઉન્ટ વ્યક્તિગત નામ પર ખોલાવી શકાશે અને પાવર ઑફ એટર્ની (પીઓએ) હેઠળ તેને ઑપરેટ કરવાની કોઈ જોગવાઈ નથી. પીઓપી સર્વિસ પ્રોવાઇડર મારફતે વિદેશમાં ખાતું ખોલવામાં આવ્યું હોય તો ટિઅર ૧ ખાતા ખોલાવવાનાં સમયે લઘુતમ પ્રદાન રૂ. ૬૦૦૦/- અને ટિયર ૨ માટે રૂ. ૨૦૦૦/- છે. ત્યાર બાદ પ્રદાન વાર્ષિક ધોરણે કે ટૂંકા અંતરાલે થઈ શકશે, જે સબ્સક્રાઇબરની અનુકૂળતા મુજબ હશે. સબ્સક્રાઇબરની નોંધણી માટે પીઓપી સર્વિસ ચાર્જીસ ૮ ડૉલર કે સ્થાનિક ચલણમાં તેને સમકક્ષ રકમ છે તથા પછી કોન્ટ્રિબ્યૂશન ચાર્જીસ રેમિટેડ રકમનો ૧ ટકા છે, જે લઘુતમ ૧ ડૉલર કે સ્થાનિક ચલણમાં તેને સમકક્ષ રકમ છે અને મહત્તમ ૮ ડૉલર કે સ્થાનિક ચલણમાં તેને સમકક્ષ રકમ છે. તમામ બિનનાણાકીય વ્યવહાર પર વ્યવહાર દીઠ ૧ ડૉલર કે સ્થાનિક ચલણમાં તેને સમકક્ષ રકમ જેટલો ચાર્જ લાગે છે. જો ભારતમાં ખાતું ખોલવામાં આવ્યું હોય, તો ટિઅર ૧ એકાઉન્ટ માટે લઘુતમ પ્રારંભિક અને વાર્ષિક પ્રદાન અનુક્રમે રૂ. ૫૦૦/- અને રૂ. ૧૦૦૦/- છે. ભારતમાં ખોલવામાં આવેલા અને સેવા આપતાં ખાતાઓ માટે ખાતું ખોલવાનો અને કૉન્ટ્રિબ્યૂશન ચાર્જીસ રહેવાસી ભારતીયો જેટલો એટલે કે રૂ. ૧૨૫/- અને લઘુતમ રૂ. ૨૦ સાથે કૉન્ટ્રિબ્યૂશન રકમના ૦.૨૫ ટકા અને મહત્તમ રૂ. ૨૫૦૦૦/- લાગુ પડે છે. તમામ બિન-નાણાકીય વ્યવહારો પર વ્યવહાર દીઠ રૂ. ૨૦ ચાર્જ લાગે છે.

### NPS હેઠળ ટેક્સ લાભ

૧૧. કર્મચારીનો પોતાના વેતન (બેઝિક વત્તા મોંઘવારી ભથ્થું)નો ૧૦ ટકા સુધીનો હિસ્સો એનપીએસમાં રોકવામાં આવે તો આવકવેરાધારાના સેક્શન ૮૦CCD(૧) હેઠળ તે કરકપાતને પાત્ર છે જેમાં ૮૦CCE હેઠળ ટોચમર્યાદા રૂ. ૧,૫૦,૦૦૦ની છે. કર્મચારીને કંપની (રોજગારદાતા)ના યોગદાન પર પણ કરકપાત મળી શકે જે સેક્શન ૮૦CCD(૨) હેઠળ ૧૦ ટકા સુધી બેઝિક અને ડીએ સુધી મળી શકે છે જેમાં કોઇ નાણાકીય મર્યાદા નથી. આ ઉપરાંત રૂ. ૫૦,૦૦૦ સુધીના રોકાણ માટે વધારાનું ડિડક્શન એનપીએસને એક્સ્લુઝિવ રીતે સેક્શન ૮૦CCD(1B) હેઠળ મળે છે જે રૂ.૧,૫૦,૦૦૦ની સિલિંગ ઉપર છે. તેથી પોતાના યોગદાન પર એનપીએસમાં રૂ. ૨ લાખ સુધી કરકપાત (ડિડક્શન) મેળવી શકાય છે. આ ઉપરાંત નોકરી કરતી વ્યક્તિ અને

સ્વરોજગાર ધરાવતી વ્યક્તિ વચ્ચે સમાનતા લાવવા ફાઈનાન્સ ઍક્ટ, ૨૦૧૭ હેઠળ સ્વરોજગાર ધરાવતી વ્યક્તિને ૧૦ ટકાની અપરલિમિટને વધારીને કુલ આવકના ૨૦ ટકા કરવામાં આવી છે. ઍમ્પ્લોયર દરેક કર્મચારીના એનપીએસ ખાતાંમાં ૧૦ ટકા સુધીના બેઝિક વત્તા મોંઘવારી ભથ્થાના યોગદાનને બિઝનેસખર્ચ તરીકે ગણાવી શકે અને અપરસિલિંગ વગર સેક્શન 36(1)(iv)(a) હેઠળ ડિડક્શન મેળવી શકે.

**ફી અને ચાર્જિસ**

૧૨. નેશનલ પેન્શન સ્કીમ હેઠળ રોકાણ કરવાના ખર્ચમાં ખાતું ખોલાવવાનો અને પીઓપી રેમિટન્સ ચાર્જ, એકાઉન્ટ મેન્ટેનન્સ અને સીઆરએના ટ્રાન્ઝેક્શન ચાર્જીસ, પેન્શન ફંડની ઇન્વેસ્ટમેન્ટ મૅનેજમેન્ટ ફી, કસ્ટોડિયનના એસેટ મેનેજમેન્ટ ચાર્જીસ અને એનપીએસ ટ્રસ્ટના સર્વિસ ચાર્જિસનો સમાવેશ થાય છે. આ તમામ ચાર્જ સંયુક્ત રીતે એસેટ અંડર મેનેજમેન્ટના ૦.૫ ટકા થાય છે જે તેની સમકક્ષ વીમા કંપનીઓ અને મ્યૂચ્યુઅલ ફંડ્સના રિટાયરમેન્ટ પ્રોડક્ટ પરની ફી અને ચાર્જીસની સરખામણીમાં ઘણા નીચા છે.

**NPS હેઠળ ઇન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટ અને વળતર**

૧૩. **સરકારી સેક્ટરના કર્મચારીઓ માટે રોકાણની પેટર્નઃ** હાલમાં સરકારી કર્મચારીઓના રોકાણ યોગદાન ત્રણ પેન્શન ફંડ્સ – એસબીઆઇ પેન્શન ફંડ, યુટીઆઇ રિટાયરમેન્ટ સૉલ્યુશન્સ અને એલઆઇસી પેન્શન ફંડમાં રોકવામાં આવે છે જે અગાઉના વર્ષમાં તેમના પરફૉર્મન્સના ગુણોત્તરમાં રોકવામાં આવે છે અને પીએફ આ ફંડને PFRDA દ્વારા નક્કી કરવામાં આવેલી રોકાણ માર્ગદર્શિકા પ્રમાણે રોકે છે જે નીચે મુજબ એસેટ વર્ગ અને પ્રમાણમાં હોય છેઃ

a) સરકારી જામીનગીરી અને સંલગ્ન સાધનોમાં ૫૦% સુધી,

b) ડેટ સાધનો અને સંલગ્ન સાધનોમાં ૪૫% સુધી

c) ઇક્વિટીમાં અને સંલગ્ન સાધનોમાં ૧૫% સુધી

d) શૉર્ટટર્મડેટ સાધનો અને સંલગ્ન સાધનોમાં ૫% સુધી, અને

e) એસેટ આધારિત, ટ્રસ્ટ સ્ટ્રક્ચર્ડ અને છૂટક રોકાણોમાં ૫% સુધી.

૧૪. સરકારી કર્મચારી સિવાયના સબ્સક્રાઇબર્સ આઠ પેન્શન ફંડ્સમાંથી પસંદગી કરી શકે છે. જેમાં HDFC પેન્શન મૅનેજમેન્ટ કંપની લિ, ICICI પ્રુડેન્શિયલ પેન્શન ફંડ મેનેજમેન્ટ કંપની લિ, કોટક મહિન્દ્રા પેન્શન ફંડ લિ, LIC પેન્શન ફંડ લિ, રિલાયન્સ કેપિટલ પેન્શન ફંડ લિ, SBI પેન્શન ફંડ્સ પ્રા. લિ, UTI રિટાયરમેન્ટ સૉલ્યુશન્સ લિ, અને બિરલા સન લાઈફ પેન્શન મૅનેજમેન્ટ લિ. સામેલ છે. આ ઉપરાંત આવા સબ્સક્રાઇબર્સ તેમના ફંડની રોકાણની પેટર્ન પણ પસંદ કરી શકે છે. વ્યક્તિ એક સંગઠિત પૉર્ટફોલિયોમાં પણ રોકાણ કરી શકે જેમાં ઇક્વિટી શૅર્સ, સરકારી સિક્યોરિટીઝ અને કૉર્પોરેટ બોન્ડ્સ સામેલ હોય. ઇક્વિટી શૅર્સમાં રોકાણ ૫૦% સુધી મર્યાદિત કરી શકે જ્યારે સરકારી સિક્યોરિટીઝ અથવા કૉર્પોરેટ બોન્ડ્સ / ડિબેન્ચરમાં તે ૧૦૦ % સુધી જઈ શકે. વૈકલ્પિક રીતે, સબ્સક્રાઇબર લાઇફ સાઇકલ ફંડ પસંદ કરી શકે, જેમાં બોન્ડ એસેટ વર્ગમાં રોકાણ સબ્સક્રાઇબર્સની વયના આધારે નક્કી થાય છે, રૂઢિચુસ્ત લાઇફ સાઇકલ ફંડમાં ઇક્વિટીમાં મહત્તમ રોકાણ ૨૫ ટકા હોય છે (LC:25) ૩૫ વર્ષની વય સુધી. અથવા મોડરેટ લાઇફ સાઇકલ ફંડ (LC: 50), અથવા આક્રમક લાઇફ સાઇકલ ફંડ (LC:75).

૧૫. ૩ જૂન ૨૦૧૭ પ્રમાણે એનપીએસ હેઠળ ૧૦.૭ મિલિયનથી વધારે સબ્સક્રાઇબર્સ છે જેમણે કુલ રૂ. ૧૪૨,૨૬૩ કરોડનું યોગદાન આપ્યું છે અને કુલ એસેટ

કોષ્ટકઃ NPS હેઠળ સબ્સક્રાઇબર્સ, યોગદાન અને એયુએમ

| સેક્ટર | ગ્રાહકોની સંખ્યા | | કુલ ભંડોળ | | કુલ એસેટ અંડર મેનેજમેન્ટ | |
|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | (%) | રૂ. કરોડમાં | (%) | રૂ. કરોડમાં | (%) |
| કેન્દ્ર સરકાર | 1,819,457 | 17.0 | 51,332 | 36.1 | 70,965 | 38.4 |
| રાજ્ય સરકાર | 3,412,486 | 31.8 | 72,331 | 50.8 | 91,595 | 49.5 |
| પેટા સરવાળો | 5,231,943 | 48.8 | 123,663 | 86.9 | 162,561 | 87.9 |
| કૉર્પોરેટ | 608,434 | 5.7 | 12,950 | 9.1 | 16,091 | 8.7 |
| અસંગઠીત | 460,468 | 4.3 | 3,387 | 2.4 | 3,520 | 1.9 |
| પેટા સરવાલો | 1,068,902 | 10.0 | 16,337 | 11.5 | 19,610 | 10.6 |
| NPS લાઇટ | 4,424,806 | 41.3 | 2,263 | 1.6 | 2,777 | 1.5 |
| કુલ | **10,725,651** | 100.0 | **142,263** | 100.0 | **184,948** | 100.0 |
| APY | 5,372,618 | | 2,077 | | 2,203 | |
| કુલ સરવાળો | **16,098,269** | | **144,340** | | **187,151** | |

અંડર મેનેજમેન્ટ રૂ.૧૮૪,૯૪૮ કરોડની છે. સરકારી કર્મચારી કુલ સબ્સક્રાઇબર્સમાં લગભગ ૪૯ ટકા હિસ્સો ધરાવે છે અને શેરમાં તેમનો હિસ્સો ૮૮ ટકા છે. જો સબ્સક્રાઇબર્સના યોગદાન અને અટલ પેન્શન યોજના (APY)ની એયુએમ ગણતરીમાં લેવામાં આવે તો કુલ ૧૬.૧ મિલિયન સબ્સક્રાઇબર્સ થાય છે જેમનું યોગદાન રૂ.૧૪૪,૩૪૦ કરોડનું અને એયુએમ રૂ. ૧૮૭,૧૫૧ કરોડની થાય છે. નીચેના કોષ્ટકમાં સેક્ટર મુજબ વિગત આપેલી છે.

૧૬. એનપીએસ પૉર્ટફોલિયો તમામ વર્ગ અને સિક્યોરિટીઝમાં સારી રીતે વૈવિધ્યકૃત છે. હાલમાં કુલ એનપીએસનો ૧૩.૫% હિસ્સો ઇક્વિટી શૅર્સમાં રોકવામાં આવ્યો છે, ૪૮% હિસ્સો સરકારી સિક્યોરિટીઝમાં, ૩૫.૫% કૉર્પોરેટ બૉન્ડ્ઝમાં અને બાકીનો હિસ્સો શૉર્ટ ટર્મ / મનીમાર્કેટ સાધનોમાં રોકાયેલો છે. આ ઉપરાંત લગભગ ૯૮% કોર્પોરેટ બોન્ડ પૉર્ટફોલિયોમાં છે અથવા ઊંચા રેટની સિક્યોરિટીમાં રોકાયેલો છે.

૧૭. શરૂઆતથી લઈને એપ્રિલ ૨૦૧૭ના અંત સુધીમાં સીજી અને એસજી સ્કીમ માટે એનપીએસ માટે વાર્ષિક સરેરાશ વળતર (વાર્ષિક ચક્રવૃદ્ધિ દર - CAGR) ૧૦ ટકાથી ઉપર છે. સ્કીમ પ્રમાણે અને પેન્શન ફંડ્સ મુજબની વિગત નીચેના કોષ્ટકમાં આપેલી છે.

**ટેબલઃ યોજનાઓ શરૂ થઈ ત્યારથી યોજના મુજબ અને પીએફ મુજબ વળતર**

૨૯ એપ્રિલ, ૨૦૧૭ સુધી

| પેન્શન ફંડ→ | | એસબીઆઇ | યુટીઆઇ | એલઆઇસી | કોટક | રિલાયન્સ | આઇસીઆઇસીઆઇ | એચડીએફસી |
|---|---|---|---|---|---|---|---|---|
| સીજી | | 10.43 | 10.06 | 10.13 | | | | |
| એસજી | | 10.04 | 10.11 | 10.23 | | | | |
| કોર્પોરેટ-સીજી | | 10.61 | | 10.79 | | | | |
| ટિઅર I | ઇ | 9.69 | 11.81 | 13.89 | 10.94 | 11.01 | 11.84 | 16.80 |
| | સી | 11.14 | 9.79 | 11.61 | 11.06 | 9.67 | 11.11 | 11.65 |
| | જી | 10.06 | 8.75 | 12.44 | 8.96 | 8.63 | 9.03 | 11.04 |
| ટિઅર II | ઇ | 9.33 | 9.64 | 8.91 | 10.08 | 9.59 | 9.31 | 12.31 |
| | સી | 10.80 | 9.99 | 9.94 | 9.80 | 9.44 | 11.04 | 9.90 |
| | જી | 10.29 | 9.86 | 12.63 | 8.82 | 8.95 | 9.20 | 11.65 |
| એનપીએસ સ્વાવલંબન | | 11.10 | 10.96 | 10.92 | 11.18 | | | |

Source: www.npst.org.in

Central Government: 1-Apr-08

State Government: 25-Jun-09

Swavalamban: (SBI, LIC, UTI,): 4-Oct-10, (Kotak PF): 31-Jan-12

Corporate (Central Govt. Pattern): 5-Nov-12

Scheme – [E, C, G] (Tier-I) - (SBI, UTI, ICICI, RELIANCE, KOTAK): 1-May-09, (LIC): 23-Jul-13, (HDFC PF): 1-Aug-13

Scheme – [E, C, G] (Tier-II) - (SBI, UTI, ICICI, RELIANCE, KOTAK): 14-Dec-09, (LIC): 12-Aug-13, (HDFC PF): 1-Aug-13

૧૮. એટલે કરવેરામાં કાર્યદક્ષતા અને આવકવેરામાં રૂ. ૫૦,૦૦૦/-ની કપાત ઉપરાંત સરળ માળખું, પારદર્શકતા, તમામ સ્થાન અને રોજગારીમાં પૉર્ટેબિલિટી, પેન્શન ફંડ્સ અને રોકાણની પેટર્નની પસંદગી, મૅનેજમેન્ટનો ઓછો ખર્ચ અને આકર્ષક વળતર-નેશનલ પેમેન્ટ સિસ્ટમને સબ્સ્ક્રાઇબર્સ માટે નિવૃત્તિનું આકર્ષક માધ્યમ બનાવે છે.

**લેખક અત્યારે પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (પીએફઆરડીએ)માં પૂર્ણકાલિન સભ્ય (અર્થશાસ્ત્ર) છે. પીએફઆરડીએમાં જોડાયા અગાઉ તેમણે વિવિધ હોદ્દાઓ પર આશરે ૩૨ વર્ષ ભારત સરકારમાં કામ કર્યું હતું. તેમણે દેશની અંદર અને બહાર વિવિધ પરિષદો અને સમારંભોમાં ભાગ લીધો હતો, જે બ્રિટિશ કાઉન્સિલ, ડબલ્યુએચઓ, એડીબી, આઇએમએફ વગેરે દ્વારા સ્પોન્સર હતી.**

**ઈ-મેલ : badris.bhandari@pfrda.rog.in**

# સામાજિક સુરક્ષામાં આંતરરાષ્ટ્રીય કામગીરી અને ભારત માટે ભવિષ્યનો માર્ગ

ચંદ્રકાંત લાહરિયા




*ભારત સાર્વત્રિકીકરણ અને ટકાઉપણાની દૃષ્ટિએ પ્રગતિ કરવા વિશ્વનાં વિવિધ દેશોની સામાજિક સુરક્ષાની વ્યવસ્થાઓમાંથી શીખી શકે છે. આ સામાજિક ક્ષેત્રમાં રોકાણની યોજનાના વિકાસ મારફતે, એજન્સીઓના સંકલન મારફતે શક્ય છે. આ યોજનાઓમાં સંકળાયેલી યોજનાઓ લોકો વચ્ચે સુદૃઢતા પર કેન્દ્રિત છે, જેથી આ પ્રકારની યોજનાઓ ધિરાણ પ્રદાન કરે છે અને ભારતીય રાજ્યોએ તેમાં નેતૃત્વ લીધું છે. ઉપરાંત યુએચસીને ભારતમાં સામાજિક કલ્યાણની વ્યવસ્થા તરીકે મહત્ત્વ આપવું પડશે. ભારતમાં સામાજિક સુરક્ષા માટે સાર્વત્રિક અને સ્થાયી વ્યવસ્થા ઝડપી અને સ્થાયી આર્થિક વૃદ્ધિમાં પ્રદાન કરશે, ગરીબી ઘટાડશે, પ્રસ્તુત સ્થાયી વિકાસ લક્ષ્યાંકો (એસડીજી)માં સફળતા અપાવશે તેમજ દેશમાં સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચ (યુએચસી) હાંસલ કરવામાં મદદરૂપ થશે.*

વિશ્વનાં અલગ દેશોનાં જુદાં જુદાં સ્થિતિસંજોગોમાં 'સામાજિક સુરક્ષા' શબ્દનો ઉપયોગ 'સામાજિક સંરક્ષણ', 'સામાજિક કલ્યાણ' સ્વરૂપે થાય છે છતાં 'સામાજિક સુરક્ષા' સૌથી વધુ પ્રચલિત શબ્દ છે. સામાજિક સુરક્ષાની વિભાવનાને માનવાધિકારોના સાર્વત્રિક જાહેરનામાની કલમ ૨૨ વ્યક્ત કરવામાં આવી છે (સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનો ઠરાવ ૨૧એ, ૧૯૪૮), જે જણાવે છે કે, "સમાજના સભ્ય તરીકે દરેકને સામાજિક સુરક્ષા મેળવવાનો અધિકાર છે તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકાર મારફતે સાકાર કરવાનો અધિકાર છે. દરેક રાજ્યનાં સંસાધનો મુજબ, દરેક વ્યક્તિત્વને આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો મેળવવાનો તથા પોતાનું વ્યક્તિત્વ વિકસાવવાનો અધિકાર છે." આ જાહેરનામાની કલમ ૨૩માં જણાવવામાં આવ્યું હતું કે, "જો જરૂર જણાય, તો કામકાજ કરતી દરેક વ્યક્તિને સામાજિક સંરક્ષણના અન્ય માધ્યમો દ્વારા પૂરક બનવું પડશે." આંતરરાષ્ટ્રીય સ્તરે માનવાધિકારોનાં સાર્વત્રિક જાહેરનામાની કલમ ૨૨ને સામાજિક સુરક્ષા માટે મુખ્ય હાર્દ ગણી શકાશે.

### સામાજિક સુરક્ષાનો વિકાસ

ઇતિહાસકારોએ પ્રાચીન અને મધ્યયુગમાં સમ્રાટો અને રાજાઓના ઉદાર અભિગમનું રેખાંકન પ્રસ્તુત કર્યું છે. જોકે ઓગણીસમી સદીનાં અંતે સામાજિક સુરક્ષાની આધુનિક વિભાવનાની શરૂઆત થઈ હતી. ઘણી વખત જર્મનીને સામાજિક સુરક્ષા વ્યવસ્થાનું પથપ્રદર્શક ગણવામાં આવે છે. જર્મનીનાં ચાન્સેલર ઓટ્ટો વાન બિસ્માર્કે દેશમાં અનેક પહેલો હાથ ધરી હતી, જેમાં કામદારના વળતરનો કાર્યક્રમ (૧૮૮૪), માંદગી વીમા કાર્યક્રમ (૧૮૮૮) અને સામાજિક વીમા કાર્યક્રમ (૧૮૮૯) સામેલ છે. વીસમી સદીની શરૂઆતમાં જર્મનો વિસ્તૃત સામાજિક સુરક્ષા વ્યવસ્થા ધરાવતાં હતાં.

આ જ સમયગાળા દરમિયાન ૧૮૯૭માં બ્રિટને કામદારોના વળતરનો કાયદો બનાવ્યો હતો. પછી ૧૯૧૧માં રાષ્ટ્રીય વીમાધારો પસાર કર્યો હતો. બ્રિટનની સરકારે બીજા વિશ્વયુદ્ધ પછી પ્રથમ એકીકૃત સામાજિક સુરક્ષા વ્યવસ્થા ઊભી કરી હતી. આ સુધારાનો શ્રેય વિલિયમ હેનરી બેવેરિજને જાય છે. તેઓ બ્રિટનના અર્થશાસ્ત્રી અને પ્રગતિશીલ સામાજિક સુધારક હતા. તેમણે બેવેરિજ પ્લાન નામે જાણીતો રિપોર્ટ સરકારને સુપરત કર્યો હતો. બેવેરિજ પ્લાન પર આધારિત એક જાણીતી પહેલ બ્રિટનની નૅશનલ હેલ્થ સિસ્ટમ (એનએચએસ) છે, જેને આધુનિક યુગમાં હેલ્થ સર્વિસ ડિલિવરી માટેનું મૉડલ ગણવામાં આવે છે.

૧૯૦૦થી ૧૯૨૦ વચ્ચે અમેરિકાએ આર્થિક સુરક્ષા માટે વયોવૃદ્ધોને સહાય ('પેન્શન') પ્રદાન કરવાની વિચારધારામાં પરિવર્તન કર્યું હતું અને છેવટે તેને 'સામાજિક સુરક્ષા' નામ આપ્યું હતું (સામાજિક વીમા સાથે આર્થિક સુરક્ષા). અમેરિકાએ રાષ્ટ્રપતિ

ફ્રેન્કિલ રુઝવેલ્ટના નેતૃત્વમાં વર્ષ ૧૯૩૫માં સામાજિક સુરક્ષાનો કાયદો બનાવ્યો હતો, જેના પગલે વર્ષ ૧૯૪૩માં અમેરિકામાં યુનિફાઇડ નૅશનલ સોશિયલ ઇન્સ્યોરન્સ સિસ્ટમ (સંયુક્ત રાષ્ટ્રીય સામાજિક વીમા વ્યવસ્થા)ની શરૂઆત થઈ હતી, વર્ષ ૧૯૪૬માં ફ્રાંસમાં પિયર લેરોકે રાષ્ટ્રીય સામાજિક સુરક્ષા વ્યવસ્થા બનાવી હતી, જેમાં સામાજિક સુરક્ષા યોજના હેઠળ તમામ નાગરિકોને આવરી લેવાયા હતા.

આ સમયગાળામાં આંતરરાષ્ટ્રીય શ્રમસંગઠન (આઇએલઓ) અને સંયુક્ત રાષ્ટ્રએ આંતરરાષ્ટ્રીય કાયદા અને સંમેલનોમાં સામાજિક સુરક્ષાની જોગવાઈઓ વધારે મજબૂત કરી હતી. આઇએલઓએ વર્ષ ૧૯૪૪માં જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું, જેને અસરકારક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કામગીરી, સામાજિક સુરક્ષા સંસ્થાઓ વચ્ચે સહકાર અને માહિતીના આદાનપ્રદાન માટે અસરકારક ગણવામાં આવે છે. તેને સામાજિક સુરક્ષાના ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ સિદ્ધિ ગણવામાં આવે છે. આ જાહેરનામામાં ઔપચારિક રીતે સ્વીકાર કરવામાં આવ્યો હતો કે સરકારે સામાજિક સુરક્ષાના વિસ્તૃત પગલાને સમર્થન કરવું પડશે તથા આ પ્રકારના સંરક્ષણની જરૂરિયાતોમાં તમામને મૂળભૂત આવક અને વિસ્તૃત તબીબી સારસંભાળ પ્રદાન કરવી પડશે. આઇએલઓએ વર્ષ ૧૯૫૨માં સામાજિક સુરક્ષા (લઘુતમ ધારાધોરણો) સંમેલનના ઠરાવોનો સ્વીકાર કર્યો હતો, જેમાં સામાજિક સુરક્ષા દ્વારા આવરી લેવામાં આવેલી આકસ્મિકતાઓની યાદીને આવરી લેવામાં આવી છે (બૉક્ષ ૧). આ સંમેલન આઇએલઓ સામાજિક સુરક્ષા, સંમેલનોમાં મુખ્ય છે, કારણ કે તે એકમાત્ર આંતરરાષ્ટ્રીય માધ્યમ છે, જેના આધારે સામાજિક સુરક્ષાનાં સિદ્ધાંતોએ સામાજિક સુરક્ષા માટે દુનિયાભરમાં લઘુતમ ધારાધોરણો સ્થાપિત કર્યું છે.

**આંતરરાષ્ટ્રીય અનુભવમાંથી બોધપાઠો**

સામાજિક સુરક્ષા વ્યવસ્થાઓને શોક ઍબ્સોર્બર (આઘાતશોષક) ગણવામાં આવે છે અને જોખમ સામે લોકોને સંરક્ષણ પ્રદાન કરવાનું, સામાજિક અસમાનતા દૂર કરવાનું, ગરીબી અને ભૂખમરાનો અંત લાવવાનું પગલું છે, માનવીય સન્માન, સામાજિક સંવાદ અને લોકશાહી મજબૂત બને છે. આ વ્યવસ્થાઓને વિવિધ આંતરરાષ્ટ્રીય લક્ષ્યાંકો અને સંમેલનોમાં હંમેશાં રજૂ કરવામાં આવી છે, જેમાં તાજેતરમાં સંપન્ન થયેલ સહસ્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો (એમડીજી) સામેલ છે તથા હવે આંતરરાષ્ટ્રીય સશક્તિકરણ અને કટિબદ્ધતા તરીકે સ્થાયી વિકાસ લક્ષ્યાંકો (એસડીજી) સામેલ છે.

પસંદગીના દેશોમાં વહેલાસર પહેલો હાથ ધરવામાં આવી હોવા છતાં ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં સામાજિક સુરક્ષાની પહેલો પર પ્રગતિ હજુ ધીમી છે. આઇએલઓએ વર્ષ ૨૦૧૪માં પ્રકાશિત કરેલા એક અહેવાલમાં વ્યક્ત કરેલા અંદાજ મુજબ, વિશ્વની ફક્ત ૨૭ ટકા વસતિને વિસ્તૃત સામાજિક સુરક્ષા પ્રાપ્ત છે. સામાજિક સુરક્ષાની પહેલો સાથે પડકારો સંકળાયેલા છે. આ પ્રકારના બે પડકારો છે : ટકાઉપણું અને સાર્વત્રિકતા.

મોટા ભાગના દેશોમાં સામાજિક સુરક્ષા સંબંધિત યોજનાઓ ચોક્કસ વસતિ અને લાભ સાથે શરૂ કરવામાં આવી હતી, જેમાં સમયની સાથે વધુ વસતિને વધારે લાભ પ્રદાન કરવામાં આવ્યા છે. થોડા દેશો યોજનાઓને લગભગ સાર્વત્રિક બની શકે છે. જોકે પડકાર ઓછો છે અને મધ્યમ આવક ધરાવતા દેશો (એલએમઆઇસી) વસતિનાં અતિ નાનાં જૂથો માટે સામાજિક સુરક્ષા યોજનાઓમાં મર્યાદિત જોગવાઈઓ તરફ દોરી જાય છે. આ યોજનાઓ કાગળ પર અસરકારક લાગે છે. છતાં મોટા ભાગની વસતિને આવરી લેવામાં આવી નથી. ઉપરાંત લક્ષિત વસતિની ઓળખ કાર્યક્રમનો મુખ્ય પડકાર છે. એટલે આ યોજનાઓ પહોંચની દૃષ્ટિએ સાર્વત્રિક નથી. એટલે યોજનાઓમાં વધુ ને વધુ લોકોને આવરી લેવા માટે રાજકીય સ્તરે ધ્યાન આપવામાં આવે છે અને આ યોજનાઓમાં નિયમિત ધોરણે સુધારાવધારા કરવા પડશે, જેથી દેશનાં લોકો અને રાજકોષીય ક્ષમતા એમ બંનેની અપેક્ષા સંતોષી શકાશે.

સ્થિરતાની દૃષ્ટિએ સામાજિક સુરક્ષા કાર્યક્રમોની ડિઝાઇન જુદા જુદા દેશો વચ્ચે અલગ છે, ત્યારે દેશો માટે વસતિવિષયક અને આર્થિક ધારણાઓ સૂચવે છે કે વર્ષ ૨૦૫૦ સુધીમાં સામાજિક સુરક્ષા સાથે સંબંધિત પહેલો કેટલાક વિકસિત દેશોમાં કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)નો આશરે ૨૦ ટકા હિસ્સો ધરાવશે. આ સંદર્ભમાં સરેરાશ આયુષ્ય અને કામકાજ કરતાં લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, ત્યારે જીડીપીમાં નિવૃત્તિના ખર્ચનો રેશિયો આગામી વર્ષમાં સતત વધશે, જેના પગલે સામાજિક સુરક્ષા સંબંધિત પહેલોનો ખર્ચ વધશે. એટલે સામાજિક સુરક્ષા યોજનાઓનાં કવરેજ અને પહોંચ પર ધ્યાન કેન્દ્રિત કરવા ઉપરાંત વિવિધ દેશોની સરકારોએ સામાજિક સુરક્ષા પહેલો બદલાતી વસતિને નુકસાનકારક અસર ન કરે એ સુનિશ્ચિત કરવા રાજકોષીય આયોજન કરવું પડશે.

વિકસિત દેશોમાં સામાજિક સુરક્ષા યોજનાઓના અમલમાં અન્ય એક પડકાર વંચિત નાગરિકોને લાભ પ્રદાન કરવા માટે જરૂરી સંસ્થાગત ક્ષમતાનો અભાવ છે. મોટા ભાગના લક્ષિત લાભાર્થીઓ સંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે, ત્યારે તેઓ ઘણી વખત યોજનાના કાર્યક્ષેત્રમાં બહાર રહી જાય છે અને સહભાગી થઈ શકતા નથી. આ પ્રકારનાં લક્ષિત લાભાર્થીઓને પ્રાથમિકતા આપતાં નવીન સૉલ્યુશન્સ વિકસાવવામાં આવે છે તથા તેમને નાણાકીય પ્રદાન કરવાની જરૂર ન હોય તેવું કવચ વિકસાવવામાં આવ્યું છે અને તેનો અમલ કરવામાં આવે છે.

સંગઠિત સામાજિક સુરક્ષાનું મહત્ત્વપૂર્ણ સાધન દેશના બંધારણ દ્વારા ફરજિયાત જોગવાઈ છે. જ્યારે મોટા ભાગના દેશોનાં બંધારણોમાં સામાજિક સુરક્ષા સાથે સંબંધિત પ્રત્યક્ષ કે પરોક્ષ જોગવાઈ જોવા મળી શકે છે, ત્યારે સામાજિક સુરક્ષાની જોગવાઈઓ માટે સ્પષ્ટ ઉલ્લેખ ધરાવતા દેશો અન્ય દેશોની સરખામણીમાં આ પ્રકારના પગલાંનો અમલ કરવામાં ઘણાં આગળ છે.

આ દુનિયાના વિવિધ દેશોમાં સામાજિક સુરક્ષા વ્યવસ્થાએ કેવી રીતે આકાર લીધો તેનાં થોડાં ઉદાહરણો છે. ફિનલેન્ડ દુનિયામાં સૌથી આધુનિક અને વિસ્તૃત સામાજિક સુરક્ષા વ્યવસ્થાઓ પૈકીની એક વ્યવસ્થા ધરાવે છે. ફિનલૅન્ડમાં તમામ નાગરિકોને સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને દેશ ચોક્કસ વસતિ માટે અલગ વ્યવસ્થા ધરાવે છે. રહેવાસી-આધારિત સામાજિક સુરક્ષાને કરવેરા દ્વારા નાણાકીય જોગવાઈ પૂરી પાડવામાં આવે છે અને તેનું સંચાલન સ્વાયત્ત એજન્સી કરે છે. રોજગારી-આધારિત, આવક સાથે સંબંધિત સામાજિક સુરક્ષા માટે ખાનગી વીમાકંપનીઓ અને પેન્શન ફંડના પ્રદાન દ્વારા નાણાકીય જોગવાઈ કરવામાં આવે છે તથા તેનું સંચાલન પેન્શન માટેનાં ફિનિશ સેન્ટર દ્વારા થાય છે. તેમાં સામાજિક વીમો તેમજ કલ્યાણકારક જોગવાઈઓ સામેલ છે. ફિનલૅન્ડ સામાજિક સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે વિસ્તૃત હેલ્થ સિસ્ટમ ધરાવે છે. દુનિયાના અલગ પાંચ દેશોમાં સામાજિક સુરક્ષા સંબંધિત પહેલો અને તંત્રો ટેબલ ૧માં આપેલાં છે.

**ટેબલ ૧: પસંદગીનાં દેશોમાં સામાજિક સુરક્ષાની પહેલો - સંક્ષિપ્તમાં**

| દેશ | વિગત |
|---|---|
| ઓસ્ટ્રેલિયા | ઓસ્ટ્રેલિયા અસરકારક સામાજિક કલ્યાણ ચુકવણીની જોગવાઈઓ ધરાવે છે એટલે કે વ્યક્તિ/કુટુંબ જો ચુકવણી વિના માધ્યમોનો અભાવ ધરાવે તો લાયક બને છે. ઓસ્ટ્રેલિયાની કલ્યાણકારક વ્યવસ્થા વિસ્તૃત છે અને નિવૃત્ત વ્યક્તિઓ, જીવનસાથીઓ, બાળકો, વિકલાંગો, બેરોજગારો, બિમાર વ્યક્તિઓ, નવજાત બાળકોની સારસંભાળ રાખતા માતાપિતાઓ વગેરે ઉપરાંત આ ચુકવણી વિદ્યાર્થીઓ, સારસંભાળકર્તાઓ (બિમાર વ્યક્તિઓની સારસંભાળ રાખનાર)ને આવરી લે છે. આ જોગવાઈ વધારે પૂરક ચુકવણીઓની જોગવાઈ પણ ધરાવે છે. |
| ચીન | ચીનમાં સામાજિક સુરક્ષા યોજનાઓ પ્રાંતો (રાજ્યોને સમકક્ષ)માં કસ્ટમાઇઝ કરવામાં આવી છે. આ નિયમો કેન્દ્ર સરકારે બનાવ્યાં છે, પણ સરકારી સત્તામંડળો તેનાં વહીવટી અને અન્ય ખાસિયતોનો નિર્ણય કરે છે. છેલ્લાં ચાર દાયકાઓમાં આ યોજનાઓ વિવિધ પરિવર્તનમાંથી પસાર થઈ છે. અનેક યોજનાઓ અને જોગવાઈઓ છે, જેમાંથી થોડીનું ફંડિંગ કંપની-કર્મચારી પ્રદાન દ્વારા થાય છે અને અન્ય થોડી યોજનાઓનું ફંડિંગ સંપૂર્ણપણે કંપની કરે છે. આ વીમા યોજનાઓ ટોચમર્યાદાને આધિન છે એટલે કે વ્યક્તિઓ માટે પગારની ટોચમર્યાદા અગાઉનાં વર્ષમાં તેમની આવકને આધારે છે, જેમાં તેમની સામાજિક સુરક્ષામાં પ્રદાનની ટોચમર્યાદા સામેલ છે. |
| ક્યુબા | ક્યુબામાં સામાજિક સુરક્ષા વ્યવસ્થા (એસએસએસ) લગભગ તમામ નાગરિકો માટે સુલભ છે અને તેનું મોટા ભાગનું ભારણ સરકાર ઉઠાવે છે. એસએસસી અન્ય ઘણાં વિકસિત દેશોની સરખામણીમાં વ્યાપક છે. ઉપરાંત ક્યુબા વિસ્તૃત ફ્રી હેલ્થકેર ધરાવે છે. ક્યુબાએ અતિ ઝડપથી અને પ્રમાણમાં ઓછાં ખર્ચે મોટા ભાગની જોગવાઈઓ પૂર્ણ કરી છે. |
| જાપાન | જાપાન સામાજિક સુરક્ષા વ્યવસ્થા ધરાવે છે, જે લગભગ સાર્વત્રિક છે. જાપાનમાં દરેકને આ વ્યવસ્થામાં સહભાગી થવું ફરજિયાત છે. જાપાન જીવનનાં મૂળભૂત ખર્ચ, મકાનનો ખર્ચ, ફરજિયાત શિક્ષણ અને કૌશલ્ય તાલીમનો ખર્ચ, ફરજિયાત શિક્ષણ અને કૌશલ્ય તાલીમ ખર્ચ, હેલ્થ વીમો અને અગ્નિસંસ્કારને આવરી લે છે. વ્યવસ્થા વર્ષોથી સતત બદલાઈ છે અને ઘણાં દેશોમાં ઉદાહરણરૂપ બની શકે છે, જેમાં વયોવૃદ્ધ લોકોની વસતિ વધશે. |
| ફિલિપાઇન્સ | ફિલિપાઇન્સની સામાજિક સુરક્ષા વ્યવસ્થા સરકાર સંચાલિત છે, જે ખાનગી, વ્યાવસાયિક અને અનૌપચારિક ક્ષેત્રોમાં કાર્યરત કામદારો માટે સામાજિક વીમા કાર્યક્રમ ચલાવે છે. તેમાં ત્રણ કાર્યક્રમોનું સંચાલન એસએસએસ કરે છે, જેનું નામ (અ) સામાજિક સુરક્ષા કાર્યક્રમ, (બ) મેડિકેર કાર્યક્રમ અને (ક) કંપનીઓનાં વળતર (ઇસી)નો કાર્યક્રમ છે. સરકારી કર્મચારીઓને અલગથી રાજ્ય સરકારનાં પેન્શન ફંડ મેનેજમેન્ટમાં આવરી લેવામાં આવ્યાં છે, જે ગર્વમેન્ટ સર્વિસ ઇન્સ્યોરન્સ સિસ્ટમ (જીએસઆઇએસ) દ્વારા સંચાલિત છે. |

વિવિધ દેશોમાં સામાજિક સુરક્ષાની વ્યવસ્થા કેટલીક સામાન્ય લાક્ષણિકતા ધરાવે છે, જે નીચે ટૂંકમાં આપી છે :

- લગભગ તમામ દેશોએ વયોવૃદ્ધ માટે પેન્શન અને સંગઠિત ક્ષેત્રના કર્મચારીઓ માટે નિવૃત્તિના લાભ તથા લઘુતમ વેતનની જોગવાઈ સામેલ કરી છે. ઘણા દેશોએ આ યોજનાઓ/પહેલોના ભાગ રૂપે વધારાની વસતિ અને લાભ સામેલ કર્યા છે.
- વધારાની વસતિને આવરી લેવાનાં પ્રયાસો બહુ અસરકારક નથી અને મોટા ભાગના વર્તમાન લાભ સાથે કવરેજ વિસ્તૃત અને સાર્વત્રિકથી ઓછું છે.
- સામાજિક સુરક્ષાની પહેલોનાં ભાગ રૂપે હેલ્થ સર્વિસને સામેલ કરવા સાધારણ સંમતિ ઊભી થઈ છે. જોકે બહુ ઓછા દેશોએ સાર્વત્રિક સ્વાસ્થ્ય કવરેજ માટે તંત્ર સ્થાપિત કર્યું છે.
- સારી પ્રગતિ કરનાર ઘણા દેશોએ યોજનાઓને સંકલિત કરવાનો પ્રયાસ કર્યો છે. આ વ્યવસ્થામાં પ્રદાતાઓને આ સેવાના ગ્રાહકોથી અલગ કરવામાં આવ્યાં છે અને એક (કે એકથી વધારે) સ્વતંત્ર અને સ્વાયત્ત એજન્સી સરકાર વતી આ જોગવાઈઓનું સંચાલન કરે છે.
- સંઘના માળખામાં પ્રાંતો અને રાજ્યો યોજનાઓ બનાવે છે અને તેનો અમલ કરે છે તથા રાષ્ટ્રીય સ્તરે એકસૂત્રતા ઊભી કરવા માર્ગદર્શન પ્રદાન કરે છે તથા કાયદા અને નિયમો બનાવે છે.
- આ સેવાઓના મહત્તમ ઉપયોગ માટે નવીન અભિગમો, સુધારા અને જાણકારી, માહિતી અને સંચાર તક્નિકનો ઉપયોગ સામેલ છે. ઉપરાંત જ્યારે જરૂર પડે ત્યારે દેશોએ યોગ્ય કાયદાકીય અને બંધારણીય જોગવાઈ દ્વારા આ વ્યવસ્થાને સહકાર આપ્યો છે.

**ભારત માટે સાત લાંબા ગાળાનાં પગલાં**

ભારતને આઝાદી મળ્યાને ૭૦ વર્ષ થયાં છે. આપણાં દેશમાં યુવાનોની વસતિ મોટી સંખ્યામાં છે. આપણું અર્થતંત્ર દુનિયામાં સૌથી વધુ ઝડપથી વિકસતું અર્થતંત્ર ગણાય છે, જેને વૈશ્વિક મંદીની બહુ મોટી અસર થઈ નથી. કદાચ અત્યારે ભારતમાં સામાજિક સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવાનો સૌથી વધુ યોગ્ય સમય છે. તેની શરૂઆત ભારતમાં બંધારણની કલમ ૪૧ અને ૪૨ મારફતે કરીએ. બંધારણના ચોથા ભાગમાં આ કલમોમાં કામના અધિકારની સુરક્ષા, બેરોજગારીનાં કિસ્સામાં શિક્ષણ અને સહાય, વૃદ્ધત્વ, બીમારી અને વિકલાંગ વ્યક્તિઓનાં અધિકારોની ચર્ચા કરવામાં આવી છે. આ સામાજિક સુરક્ષા સાથે સંબંધિત પગલાં વધારવા માટે મજબૂત કાયદેસર માળખું છે.

ઘણા અર્થોમાં ભારતમાં સામાજિક સુરક્ષાની યોજનાઓ ઘણાં વર્ષો અગાઉ થઈ હતી તેવું માની શકાય. વર્ષ ૧૯૨૩માં ભારતમાં કામદારો માટે વળતર કાયદો બનાવવામાં આવ્યો હતો. પછી દેશમાં વસતિમાં વધારો થયો છે, જેને લક્ષ્યાંક બનાવીને નવી યોજનાઓ આ યાદીમાં ઉમેરવામાં આવી છે અને સંપૂર્ણ ચિત્ર કાગળ પર અતિ પ્રભાવશાળી લાગી શકે છે. જોકે ભારતમાં (અને ભારતીય રાજ્યોમાં) પડકારો દુનિયાનાં અન્ય દેશો જેવા છે, જેમકે યોજનાઓ ખંડિત છે, તેનો ઓછી અસરકારકતા સાથે અમલ થાય છે અને યોજનાઓની પહોંચ ઓછી છે. આ સંદર્ભમાં ભારત દેશમાં તમામ વિસ્તારોમાં સામાજિક સુરક્ષાની યોજનાઓની પહોંચ વધારવા નીચેનાં સાત પગલાં લઈ શકે છે (બૉક્ષ ૨માં જણાવવામાં આવ્યું છે, જેને વિગતવાર નીચે રજૂ કરવામાં આવ્યાં છે).

a. **સાર્વત્રિકીરણ માટે યોજનાનો વિકાસ અને સંમતિઃ** આંતરરાષ્ટ્રીય અનુભવ સૂચવે છે કે લક્ષિત લાભાર્થીઓને સમાવવા માટે વ્યવસ્થિત તંત્રની જરૂર પડશે, નહીં તો તેઓ બાકાત રહી જવાની શક્યતા છે. આ પ્રકારની પહેલોને વધારવા યોજના ઉપલબ્ધ કરાવવી પડશે અને પર્યાપ્ત કાયદાકીય જોગવાઈઓ સાથે સર્વોચ્ચ સ્તરે સંમતિની જરૂર પડશે. આ યોજનાને જવાબદાર બનાવવા સરકાર દ્વારા સત્તાવાર રીતે બહાર પાડવી પડશે. આ માટે સંસ્થાકીય તંત્રનું સમર્થન સ્થાપિત કરવાની જરૂર પડશે અને ઘણી ચાલુ યોજનાઓને સંકલિત કરવી પડશે, જેથી કાર્યદક્ષતા આવે. આધારકાર્ડ અને જન ધન યોજના જેવી તાજેતરમાં હાથ ધરવામાં આવેલી પહેલો સામાજિક સર્વસમાવેશકતા માટે ઉત્કૃષ્ટ પ્લેટફૉર્મ્સ બની શકે છે તથા તેને અમલીકરણ માટેની યોજના અને માળખામાં સક્રિયપણે વણી લેવી પડશે.

b. **સ્વાયત્ત રાષ્ટ્રીય સામાજિક સુરક્ષા સંસ્થા સ્થાપિત કરવાની વિચારણાઃ** અનેક દેશોએ મોટા ભાગના સામાજિક લાભ/યોજનાઓનાં સંચાલન માટે સ્વાયત્ત એજન્સીની સ્થાપના કરી છે. ભારતમાં સામાજિક સુરક્ષા સાથે સંબંધિત અનેક જોગવાઈઓ છે, જેનો અતિ નબળી રીતે અમલ થાય છે. એટલે રાષ્ટ્રીય અને પ્રાદેશિક સ્તરે આ પ્રકારની સ્વાયત્ત સંસ્થા કાર્યદક્ષતા લાવશે અને તેનો અસરકારક અમલ થશે. આ સરકારને નીતિ ઘડવા સક્ષમ બનાવશે અને જોગવાઈઓનું સંચાલન કરવા એજન્સીઓને સત્તા આપશે.

c. **નવીન ધિરાણવ્યવસ્થા સાથે સામાજિક ક્ષેત્રમાં રોકાણની યોજનાનો વિકાસઃ** અનુભવો દર્શાવે છે કે કોઈ પણ દેશને સાર્વત્રિક સામાજિક સુરક્ષા સંબંધિત પગલાં લેવા માટે સમૃદ્ધ હોવાની જરૂર નથી. તેના બદલે સામાજિક સુરક્ષા વ્યવસ્થામાં રોકાણ આર્થિક વૃદ્ધિ માટે સુવિધાકારક બની શકશે. જો સામાજિક સુરક્ષાના રોકાણની યોજના આગામી

૧૫થી ૨૦ વર્ષ માટે સંસાધનની જરૂરિયાતની સ્પષ્ટ સમજણ સાથે વિકસાવવામાં આવી હોય, તેમાં બદલાતાં વસતિજન્ય પરિબળોનો યોગ્ય વિચાર કરવામાં આવ્યો હોય, તો તે અતિ ઉપયોગી પુરવાર થશે. તેમાં સ્થાયીપણું સુનિશ્ચિત કરવા આ યોજનાઓની નાણાકીય ફાળવણી માટે નવીન અને સુનિશ્ચિત તંત્રની જરૂરિયાત હોઈ શકે છે. જો જરૂર પડે, તો પસંદગી અને લક્ષિત વસતિ પાસેથી ફરજિયાત પ્રદાનનો બંધારણીય અને કાયદેસર સુધારા દ્વારા અમલ થશે.

**d. સુદૃઢતા મારફતે સામાજિક સશક્તિકરણ :** સામાજિક સુરક્ષા સંબંધિત વ્યવસ્થામાં સુદૃઢતા મુખ્ય સિદ્ધાંત છે, જેમાં લોકો વંચિત લોકોની મદદ કરવા પ્રતિબદ્ધતા કેળવે છે. ધનિકો ગરીબોને મદદ કરે છે, શિક્ષિતો ઓછા શિક્ષિત લોકોને સહાય કરે છે અને સંગઠિત ક્ષેત્રના કર્મચારીઓ બેરોજગારો અને અસંગઠિત ક્ષેત્રમાં કાર્યરત લોકોનો વિચાર કરે છે. સુદૃઢતા આ પ્રકારની પહેલોમાં સમુદાયને સાંકળવાથી આવી શકે છે તેમજ એક પછી એક પેઢી આ માટે પ્રયાસો કરે છે, જે વર્તમાન યોજનાઓના લાભાર્થીઓ વધારવા પેઢી દર પેઢી લોકો પ્રયાસ કરે છે.

**e. સામાજિક સુરક્ષા સાથે સંબંધિત પહેલોના ભાગ રૂપે સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચ (યુએચસી)નો વિચાર :** ભારતમાં દર વર્ષે સ્વાસ્થ્ય સાથે સંબંધિત અંગત ખર્ચ (ઓઓપીઈ)ને કારણે અંદાજે ૬૩ મિલિયન લોકો ગરીબીમાં ફસાઈ જાય છે. જે લોકો ગરીબીરેખા હેઠળ જીવન જીવે છે, તેઓ વધારે ગરીબ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, સ્વાસ્થ્ય સાથે સંબંધિત ખર્ચ અને સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચની ઊણપ સામાજિક સુરક્ષા સાથે સંબંધિત તમામ પ્રયાસો પર પાણી ફેરવી દે છે, જેમાં દેશમાં ગરીબી ઘટાડવા માટેના લક્ષિત પ્રયાસો સામેલ છે. સ્વાસ્થ્ય પર ઓછો સરકારી ખર્ચ આ સમસ્યાનું મૂળ છે. અત્યારે ભારતમાં સ્વાસ્થ્ય પર થતા કુલ ખર્ચમાં સરકારનો હિસ્સો ફક્ત ૩૦ ટકા છે, જે દુનિયામાં સ્વાસ્થ્ય પર ઓછા ખર્ચ કરતાં દેશોમાં સ્થાન અપાવે છે. સ્વાસ્થ્ય પર કુલ ખર્ચનો ૬૫ ટકા હિસ્સો લોકો અંગતપણે કરે છે, જે દુનિયામાં નાગરિકો દ્વારા થતા ખર્ચની દૃષ્ટિએ સૌથી વધુ ખર્ચ ધરાવતા દેશોમાં સામેલ છે. જ્યારે સરકાર સ્વાસ્થ્ય પર રોકાણ કરે છે, ત્યારે લોકોને ઓછો ખર્ચ કરવો પડે છે અને તે ગરીબો માટે સામાજિક સુરક્ષાનું પગલું બની જાય છે. ઉપરાંત સ્વાસ્થ્ય પર રોકાણ જીડીપી અને આર્થિક વૃદ્ધિ પર ઊંચું વળતર આપે છે. એટલે સ્પષ્ટ છે કે ઘણાં દેશોએ તેમની સામાજિક સુરક્ષા વ્યવસ્થાનાં ભાગરૂપે સામાજિક સ્વાસ્થ્ય વીમા વ્યવસ્થા મારફતે સાર્વત્રિક સ્વાસ્થ્ય વીમા કવચનો માર્ગ પસંદ કર્યો છે. ભારત અને ભારતીય રાજ્યોએ આ દિશામાં વહેલાસર કામ કરવું પડશે. સરકારે સામાજિક સ્વાસ્થ્ય વીમા વ્યવસ્થા માટે સ્વાસ્થ્ય પર વધારે રોકાણ કરવાની અને વ્યવસ્થા વિકસાવવાની જરૂર છે. રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમાયોજના (આરએસબીવાય) જેવી યોજનાઓનો ઇરાદો સારો છે, જોકે યોજના પર વાર્ષિક ખર્ચ ભારતમાં હેલ્થકેર પર સરકારી ખર્ચના ૧ ટકાથી ઓછો છે. આ યોજનાની અસર મર્યાદિત છે એ સ્પષ્ટ છે. એટલે આ યોજના અને પ્રસ્તાવિત રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા યોજના (એનએચપીએસ) લૉંચ કરવાની અને યુએચસી મારફતે આગળ વધવા સ્વાસ્થ્ય પર સંવર્ધિત સરકારી રોકાણ માટેના વિઝન સાથે પર્યાપ્ત ધિરાણની જોગવાઈ કરવાની જરૂર છે. તાજેતરમાં જાહેર થયેલ ભારતીય રાષ્ટ્ર સ્વાસ્થ્ય નીતિ (૨૦૧૭)નો અમલ ભારતમાં આધુનિક યુએચસીમાં પ્રદાન કરશે.

**f. રાજ્ય સરકારો દ્વારા સક્રિય નેતૃત્વ :** ભારત જેવી સંઘવ્યવસ્થામાં રાજ્યોએ સામાજિક સુરક્ષા સાથે સંબંધિત પગલાંમાં મુખ્ય ભૂમિકા ભજવવી પડશે. આ સામાજિક સુરક્ષાની પહેલોને સફળ બનાવવા નવીનતા માટે પર્યાપ્ત લવચિકતા અને અવકાશ પ્રદાન કરે છે. જ્યારે કેન્દ્ર સરકારનાં નાણાકીય અને રાજકોષીય સંસાધનો હંમેશાં મર્યાદિત હશે, ત્યારે રાજ્યનાં ટોચનાં નેતૃત્વએ વિઝન અને પ્રતિબદ્ધતા દર્શાવવી પડશે અને આ માટે સ્થાનિક સ્થિતિને અનુરૂપ અમલ કરવો પડશે. અનેક ભારતીય રાજ્યો એવી સ્થિતિમાં છે, જ્યાં આ રાજ્યો સામાજિક સુરક્ષાની યોજનાઓના સાર્વત્રિકીરણ માટે દેશનાં બાકી રાજ્યોને માર્ગ ચીધી શકે છે, જેમાં સાર્વત્રિક સ્વાસ્થ્ય કવરેજ સામેલ છે.

**g. કાયદાકીય સુધારાનો વિચાર કરવો :** સામાજિક સુરક્ષા યોજનાઓને ટકવા માટે કાયદાકીય અને કાનૂની સહાયની જરૂર પડશે. અમુક સમયે કરવેરા આધારિત ધિરાણને ચૂકવણી કરવા સક્ષમ હોય તેવા લોકોના ફરજિયાત પ્રદાન સાથે બદલવું પડશે, આ જોગવાઈઓનું અસરકારક વ્યવસ્થાપન કરવું પડશે, નહીં તો આ યોજનાને ટકાવવી પડકારજનક બનશે. જો બંધારણીય સુધારાઓના સપોર્ટની જરૂર પડશે, તો આને કાયદાકીય અને કાનૂની જોગવાઈઓનાં ટેકાનું સમર્થન મેળવવું પડશે. આ પ્રક્રિયાને વિષયનાં નિષ્ણાતોના માર્ગદર્શનની તથા ભારતમાં અગ્રણી શૈક્ષણિક અને નીતિગત સંસ્થાઓનાં સાથસહકારની જરૂર પડશે.

**ઉપસંહાર**

છેલ્લા થોડા દાયકાઓમાં સામાજિક સુરક્ષા

સાથે સંબંધિત કેટલીક યોજનાઓના સ્વરૂપમાં ફેરફાર થયો છે અને આર્થિક વિકાસના વિવિધ તબક્કામાં અનેક દેશો પાસેથી બોધપાઠ શીખવા મળે છે. સામાજિક સુરક્ષા ભારતીય બંધારણીય જોગવાઈનો ભાગ છે અને ભારતમાં એક પછી એક સરકારોએ તેને પ્રાધાન્ય આપ્યું છે. જોકે આ યોજનાઓ કવરેજ અને અસરની દૃષ્ટિએ મર્યાદિત જળવાઈ રહી છે. ભારત સાર્વત્રિકીકરણ અને ટકાઉપણાની દૃષ્ટિએ પ્રગતિ કરવા વિશ્વનાં વિવિધ દેશોની સામાજિક સુરક્ષાની વ્યવસ્થાઓમાંથી શીખી શકે છે. આ સામાજિક ક્ષેત્રમાં રોકાણની યોજનાના વિકાસ મારફતે, એજન્સીઓના સંકલન મારફતે શક્ય છે. આ યોજનાઓમાં સંકળાયેલી યોજનાઓ લોકો વચ્ચે સુદૃઢતા પર કેન્દ્રિત છે, જેથી આ પ્રકારની યોજનાઓ ધિરાણ પ્રદાન કરે છે અને ભારતીય રાજ્યોએ તેમાં નેતૃત્વ લીધું છે. ઉપરાંત યુએચસીને ભારતમાં સામાજિક કલ્યાણની વ્યવસ્થા તરીકે મહત્ત્વ આપવું પડશે. ભારતમાં સામાજિક સુરક્ષા માટે સાર્વત્રિક અને સ્થાયી વ્યવસ્થા ઝડપી અને સ્થાયી આર્થિક વૃદ્ધિમાં પ્રદાન કરશે, ગરીબી ઘટાડશે, પ્રસ્તુત સ્થાયી વિકાસ લક્ષ્યાંકો (એસડીજી)માં સફળતા અપાવશે તેમજ દેશમાં સાર્વત્રિક સ્વાસ્થ્ય કવચ (યુએચસી) હાંસલ કરવામાં મદદરૂપ થશે.

## Annex

**બોક્ષ ૧ : આઈએલઓ સંમેલન, ૧૯૫૨ મુજબ સામાજિક સુરક્ષાની આકસ્મિકતાઓ**

– **વયોવૃદ્ધને પેન્શન :** સૂચિત વય ઉપરાંત જીવિત લોકોને આવરી લેવામાં આવશે.

– **આશ્રિતને લાભ :** કુટુંબ માટે આધારસ્તંભ સમાન વ્યક્તિનું મૃત્યુ થવાના પરિણામે વિધુર કે વિધવા વ્યક્તિ કે બાળકને ટેકો આપવો

– **માંદગીની રજાનો લાભ :** રોગના પરિણામે કાર્ય કરવા માટેની અક્ષમતાને કારણે આવક બંધ થવી

– **રોજગારલક્ષી ઈજાઓ :** મેડિકલ સારસંભાળ, માંદગીની રજામાં સંકળાયેલ ખર્ચ અને નુકસાન, વ્યાવસાયિક અકસ્માત કે રોગને કારણે આજીવિકાના મુખ્ય સ્રોત સમાન વ્યક્તિની વિકલાંગતા અને મૃત્યુ.

– **વિકલાંગતાનો લાભ :** કોઈ પણ લાભદાયક પ્રવૃત્તિમાં સામેલ થવાને કારણે કાયમી કે લાંબા ગાળાની વિકલાંગતા.

– **બેરોજગારીનો લાભ :** કામ માટે સક્ષમ અને ઉપલબ્ધ વ્યક્તિઓ માટે અનુકૂળ રોજગારી ન મળી શકવાને કારણે આવક બંધ થવી.

– **કુટુંબને લાભ :** બાળકોના ઉછેરની જવાબદારી.

– **તબીબી સારસંભાળ :** કોઈ પણ રોગ (ગર્ભાવસ્થા સહિત)ની સારવાર, પછી ભલે તેનું ગમે તે કારણ હોય.

– **માતૃત્વનો લાભ :** ગર્ભાવસ્થાને કારણે આવક બંધ થવી અને તેનાં પરિણામો ભોગવવાં.

– અન્ય કારણોસર સામાજિક લઘુતમ લાભ ન મેળવી શકનાર લોકો માટે સામાજિક સહાય.

**બોક્ષ ૨ :**

સામાજિક સુરક્ષામાં વૈશ્વિક અમલીકરણ અનુભવમાંથી ભારત માટે ભવિષ્યના સાત માર્ગ

૧. સાર્વત્રિકીકરણ માટે રોડ-મૅપ વિકસાવવો અને સંમતિ સાધવી.

૨. સ્વાયત્ત રાષ્ટ્રીય સામાજિક સુરક્ષા સંસ્થા સ્થાપિત કરવાની વિચારણા.

૩. નવીન ધિરાણવ્યવસ્થા સાથે સામાજિક ક્ષેત્રની રોકાણયોજના વિકસાવવી.

૪. સુદૃઢતા પર ધ્યાન કેન્દ્રિત કરવું તેમજ જાગૃતિ અને જોડાણ સ્થાપિત કરવું.

૫. સામાજિક સુરક્ષાની પહેલા સ્વરૂપે સાર્વત્રિક સ્વાસ્થ્ય કવરેજ (યુએચસી) નો વિચાર કરવો.

૬. રાજ્ય સરકારો દ્વારા સક્રિય નેતૃત્વ.

૭. કાયદાકીય સુધારાનો વિચાર કરવો.

**લેખક ભારતના નવી દિલ્હીમાં વિશ્વ આરોગ્ય સંસ્થામાં નેશનલ પ્રોફેશનલ ઓફિસર છે. તેઓ સરકારી નીતિ, શાસન, આરોગ્યના અર્થશાસ્ત્ર અને સરકારી સ્વાસ્થ્યમાં આધુનિક તાલીમ સાથે મેડિકલ ડોક્ટર છે.**

ઈ-મેલ : c.lahariya@gmail.com; lahariyac@who.in

**યોજના વાંચો યોજના વંચાવો યોજના વસાવો**

**આગામી આકર્ષણ**

**જીએસટી**

**GST**

# ભારતમાં ખાદ્ય નીતિઃ એસડીજી માર્ગ પ્રશસ્ત કરવા કૃષિને પ્રાથમિકતા આપવી

ડો. મૌસમી દાસ




*ખાદ્ય નીતિનું માળખું કુપોષણનાં ત્રિસ્તરીય ભારણને હળવું કરવા કોઈ પણ દેશ માટે સંપૂર્ણ હોવું જોઈએ. ઉપર ચર્ચા કર્યા મુજબ, ભારતે ક્યારેય વિસ્તૃત ખાદ્ય નીતિ બનાવી નથી. તેનાં બદલે તાત્કાલિક ધોરણે કાર્યક્રમો બનાવવામાં આવ્યાં હતાં અને તેમાં વિવિધ હિતધારકોનો પ્રભાવ હતો. આ પ્રકારની સંકુચિત વ્યવસ્થામાં સમાધાન સરળ નથી. એટલે તાત્કાલિક સમાધાન એસડીજીને ધ્યાનમાં રાખીને ટૂંકાગાળાનાં અને મધ્યમ ગાળાનાં લક્ષ્યાંકો નિર્ધારિત કરવામાં રહેલું છે. પોષણથી કૃષિનો માર્ગઃ એકીકૃત વિભાગનો વિચાર કરવો, જેમ કે તાત્કાલિક ધોરણે જરૂરિયાત હોય તેમના માટે ભંડોળની ફાળવણી. એસડીજી દ્વારા સૂચિત સૂચકાંકો અને પેટા-લક્ષ્યાંકોની યાદી સાથે વિશ્લેષણનો ડેશબોર્ડ અભિગમ પુરાવા-આધારિત નીતિ અમલીકરણનો વધારે અસરકારક માર્ગ બની શકે છે. આ માટે અન્ય આધુનિક ટેકનિક સાથે પૂરક બની જોઈએ.*

આપણે જાણીએ છીએ અને આ મુદ્દાની વિસ્તૃત ચર્ચા થાય છે કે ખાદ્ય સુરક્ષા બહુપરિમાણીય પ્રક્રિયા છે. તેમાં ઉત્પાદન, વિતરણ, ઉપભોક્તાની પસંદગી અને ઉપભોગ, સૂક્ષ્મ પોષક દ્રવ્યોનું પર્યાપ્ત સેવન તથા તેમની અસરકારક રીતે એકત્રીકરણ સામેલ છે (દાસ, ૨૦૧૬). ખાદ્ય વ્યવસ્થા અને પોષક દ્રવ્યોની સ્થિતિ વચ્ચે દ્વિમાર્ગીય ઔપચારિક સંબંધ છે (પિનસ્ટ્રપ-એન્ડરર્સન, ૨૦૦૭). ખાદ્ય સુરક્ષા પર એફએઓની પરિભાષાઓની વિભાવના નીતિ નિર્માણમાં સરળતા માટે આ રીતે કરવામાં આવી હતી.

ગતિશીલ વૈશ્વિક ખાદ્ય વ્યવસ્થાઃ આંતરસંબંધ

| | | |
|---|---|---|
| Human health and nutrition policies | Food security, consumption and demand policies | Poverty alleviation policies |
| Domestic market policies | Food production and supply policies | Climate change, energy and natural resource management policies |
| Governance and Institutions | Globalization and the food system | Ethical aspects of food systems |

**સ્ત્રોતઃ પિનસ્ટ્રપ-એન્ડરસન અને વોટ્સન (૨૦૧૧)**

ખાદ્ય નીતિનું માળખું બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સમયની સાથે બદલાયું છે. સમગ્ર દુનિયાનાં મોટા ભાગનાં દેશોમાં નીતિ અમલીકરણનો સ્વીકાર કરવામાં આવ્યો છે, જેમાં દક્ષિણ એશિયા અને આફ્રિકા ઉપખંડનાં વિકાસશીલ દેશો સામેલ છે. આ માળખાની વિભાવના પિનસ્ટ્રપ-એન્ડરસન અને વોટ્સન (૨૦૧૧) દ્વારા કરવામાં આવી છે, જે તમામ આધુનિક વિવિધ પાસાં અને માર્ગોને સામેલ કરે છે.

જોકે ભારતમાં ખાદ્ય નીતિ લાંબા સમયથી બદલાઈ નથી. અહીં નીતિઓ વૈચારિક મુદ્દાઓ પર કે અગાઉનાં અનુભવોને આધારે બનાવવામાં આવતી હતી. દેશમાં સૌથી મોટો ખાદ્ય સુરક્ષા કાર્યક્રમ સરકારી વિતરણ વ્યવસ્થા (પીડીએસ) છે, જેમાં તાત્કાલિક સુધારો કરવાની જરૂર છે. તેનો તમામ રાજ્યમાં અમલ થાય છે. જોકે તેમાં કેટલીક ખામીઓ છે, ભ્રષ્ટાચારની સમસ્યા જોવા મળે છે, ગરીબીનો તેમનાં હકનું અનાજ પહોંચતું

નથી અને આ અનાજની ગુણવત્તા નબળી છે. આ વર્ષો દરમિયાન પીડીએસ અનાવશ્યક બની ગઈ છે, કારણ કે મોટા ભાગનાં રાજ્યો ખાદ્ય સુરક્ષાની પ્રક્રિયાનાં અન્ય પાસાંઓ પર ધ્યાન કેન્દ્રિત ન કરવાની સમસ્યાથી ગ્રસ્ત છે. તેમાં મુખ્ય સમસ્યા યોગ્ય સાફસફાઈનો અભાવ, વિવિધ અનાજનો ઉપભોગ, મહિલા સશક્તિકરણ વગેરે છે. આશ્ચર્યની વાત એ છે કે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો, ૨૦૧૩ દેશમાં અનાજનું વિતરણ કરે છે. તેમાં વિવિધ અનાજ પર મર્યાદિત રીતે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું અને તમામ ઊર્જા સંશોધિત પીડીએસ લોંચ કરવા કેન્દ્રિત હતી. જ્યારે ટીપીડીએસની સુલભતા ધરાવતા કે ન ધરાવતા કુટુંબો સાથે સરખામણી કરવામાં આવી હતી, ત્યારે બાળ પોષણની સ્થિતિમાં કોઈ ફરક નહોતો (દેસાઈ અને વન્નેમાન, ૨૦૧૫). અત્યારે આપણે સંયુક્ત માળખામાં પોષણનાં માર્ગે સંપૂર્ણ કૃષિનાં વિવિધ પાસાં પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે (દાસ, શર્મા અને બાબુ, ૨૦૧૭). ભારત સહસ્ત્રાબ્દી વિકાસ લક્ષ્યાંકો (એમડીજી) હાંસલ ન કરી શક્યો તેનું આ એક મુખ્ય કારણ હતું. એમડીજી લક્ષ્યાંક ૧ મુજબ, ભારતમાં ૧૯૯૦માં કુપોષિક બાળકો ૫૩.૫ ટકા હતાં, જે વર્ષ ૨૦૧૫માં ઘટાડીને અડધાં કરવાનાં હતાં. જોકે વર્ષ ૨૦૧૫માં આ આંકડો ૪૦ ટકા હતો, જે ૨૬ ટકાનાં લક્ષ્યાંકથી બહુ દૂર હતો.

તાજેતરમાં MDGsએ સ્થાયી વિકાસ લક્ષ્યાંકો (SDGs)નું સ્થાન લીધું છે અને તેની પ્રાપ્તિની શક્યતા ધૂંધળી જણાય છે. મુખ્ય કારણ તે હશે કે કૃષિથી લઈને પોષણ સુરક્ષા સુધીના વિવિધ માર્ગો પર ધ્યાન કેન્દ્રિતકરણ ભિન્ન છે. આ વસ્તુ રાજ્ય તેમજ કેન્દ્ર બંને સ્તરે જોવા મળી છે. (કડિયાલા વગેરે ૨૦૧૭માં) નિર્ધારિત કરાયેલા વિવિધ માર્ગો નીચે મુજબ છે:




**સ્ત્રોતઃ યુએનડીપી**

(૧) ખોરાકના સ્ત્રોત તરીકે કૃષિ

(૨) ખોરાક અને બિન ખોરાક ખર્ચ માટે આવકના સ્ત્રોત તરીકે કૃષિ

(૩) ખોરાક વપરાશ પર અસર કરતી હોય તેવી કૃષિ નીતિ અને ખોરાકની કિંમતો

(૪) કૃષિ આંતર-ગૃહ નિર્ણય નિર્ધારણ અને સંસાધન ફાળવણીમાં મહિલાઓ

(૫) કૃષિમાં માતાની રોજગારી અને તેની બાળસંભાળ અને પોષણ પર અસર અને

(૬) મહિલાના કૃષિમાં કામને કારણે તેના બાળકોના પોષણ અને આરોગ્ય સ્થિતિ પર અસર.


SDGsની પ્રાપ્તિ માટે ને વિવિધ લક્ષ્યાંકોને લગતા વિવિધ પેટા-લક્ષ્યાંકો હાંસલ કરવા માટેના વિવિધ પરિમાણો પર ભાર મૂકવો જરૂરી છે જેમાં લક્ષ્યાંક ૧ (ગરીબી નહી), લક્ષ્યાંક ૧ (શૂન્ય ભૂખમરો), લક્ષ્યાંક ૫ (સારું આરોગ્ય અને સુખાકારી) લક્ષ્યાંક ૬ (ચોખ્ખું પાણી અને સ્વચ્છતા), લક્ષ્યાંક ૧૨ (સ્થાયી વપરાશ અને ઉત્પાદન અને લક્ષ્યાંક ૧૩ (આબોહવા પગલા)નો સમાવેશ થાય છે.

ખાદ્ય સુરક્ષા હાંસલ કરવા માટેના લક્ષ્યાંકો વિવિધ લક્ષ્યાંકો અને પેટા-લક્ષ્યાંકોમાં પાર પડાય છે. આ માટે વિવિધ મંત્રાલયો અને વિભાગો વચ્ચે સંકલન જરૂરી છે તેમણે છૂટા છૂટા નહી પરંતુ એક છત નીચે ભેગા થઈને કામ કરવું જરૂરી છે. આ નોંધમાં હું ૨૦૩૦ સુધીમાં SDGs હાંસલ કરવાના ઉદ્દેશ માટે સરકાર માટે ટૂંકાગાળાની અને મધ્યમ ગાળાની વ્યૂહરચનાઓની દરખાસ્ત કરું છું. SDGs (ફેન ૨૦૧૬) હાંસલ કરવા માટે વિશ્વભરમાં સ્થાયી વૈશ્વિક ખાદ્ય પ્રણાલીની દિશામાં કામ કરવા પર ભાર મૂકાઇ રહ્યો છે ત્યારે ભારતમાં પ્રક્રિયાથી અલગ રહેવાની સમસ્યાને તાત્કાલિક નિવારવી જોઇએ. ટૂંકાગાળાની વ્યૂહરચનાઓ નીચે મુજબ છે:

### a. આહાર વિવિધતા : ઉપેક્ષિત જરૂરિયાતો

સરકારે વિવિધ આહારના વપરાશને તાત્કાલિક પ્રોત્સાહન આપવું જોઇએ. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ન્યૂટ્રિશન (NIN) દ્વારા સંકલ્પના કરાયેલું ઇન્ડિયન ફૂડ પિરામિડ લોકોની સમજની બહારનું હતું. લોકોને સુશિક્ષિત કરવા માટે આપણે એક સરળ તેમ છતાં અસરકારક પ્રોત્સાહન વ્યવસ્થા પર કામ કરવાની જરૂર છે. ઉદાહરણ તરીકે, યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રિકલ્ચર નાના બાળકોથી લઈને પુખ્તો સહેલાઈથી સમજી શકે તે માટે કલરફુલ પ્લેટ કન્સેપ્ટનો પ્રચાર કરી રહ્યું છે. રંગો દરરોજ થાળીમાં ખોરાકની વિવિધતાનું મહત્વ દર્શાવે છે. વિવિધ રંગો કઠોળ, ફળો, શાકભાજીઓ, માસ વગેરે જેવા ખાદ્ય જૂથો સૂચવે છે. આપણે પણ ભારતીય પરિવારો માટે, શાકાહારી અને બિનશાકારી બંને માટે, આવી કોઇ સરળ પદ્ધતિ

વિકસાવવી જોઇએ (દાસ ૨૦૧૬)




શું આપણે તંદુરસ્ત સમાચારો અને આદતોનો વિસ્તાર કરી રહ્યા છીએ? અમે સાંસ્કૃતિક અને સ્થાનિક આહાર આદતો અને પોષણ દરજ્જો સુધારતી હોય તેવી આદતોને ગંભીર મહત્વ આપવાની દરખાસ્ત કરીએ છીએ. દેશમાં ખોરાક ઉત્પાદન, વપરાશ અને બનાવટમાં વિવિધતાને જોતા ઉપરથી નીચેની તરફનો અભિગમ ક્યારેય સફળ રહ્યો નથી. ખોરાક નીતિ નિર્ધારણમાં વિકેન્દ્રીકરણ કદાચ વહીવટ અને જવાબદારી પર વધુ ભાર મૂકીને વધુ સફળ થઇ શકી હોત. ભંડોળની ફાળવણી જમીની હકીકતોના પુરાવાને આધારે હોવી જોઇએ. જ્યારે વિવિધ વિભાગો એક છત નીચે કામ કરે ત્યારે જ આ શક્ય બને. દેશમાં સારી આંતરમાળખાકીય સુવિધા કોઇ પણ નીતિ વિષયક પહેલની સફળતા માટે આવશ્યક જરૂરિયાત રહ્યું છે (વિશ્વ બેન્ક, ૨૦૦૩). દાસ (૨૦૧૬)ને જણાયુ છે કે આંતરમાળખાકીય સુવિધા, તબીબી કેન્દ્રો અને અખબારોની પ્રાપ્યતા વૈવિધ્યપૂર્ણ આહારના વપરાશમાં સુધારો લાવવામાં ચાવી રૂપ છે.

**b. લક્ષિત વ્યવસ્થામાં ધરખમ ફેરફાર : અસલામત કોણ છે ?** ભારતમાં અત્યંત ગરીબોને હજુ પણ મફતમાં અનાજ વિતરણ કરવું પડે છે ત્યારે બાકીની વસ્તીમાં કેલરી ગ્રહણ સુધર્યું છે. સમય જતા ગ્રામીણ અને શહેરી ભારતમાં કેલરી ગ્રહણમાં ઘટાડા પરથી તે સાબિત થાય છે (ડીટન એન્ડ ડ્રીઝ, ૨૦૦૯). કઠોળ (પસંદગીના રાજ્યમાં વિતરણ કરાય છે) સિવાય અન્ય ખાદ્ય પદાર્થો રાહત દરે પૂરા પાડવા અત્યંત મુશ્કેલ હોઇ શકે છે ત્યારે આપણે સ્થાનિક વપરાશ અને ઉત્પાદન પેટર્નને આધારે શાકભાજી, ફળ, દૂધ, ઈંડા, માછલી અને માંસ વગેરેના ઉત્પાદકોને ઇન્સેન્ટિવ પૂરું પાડી શકીએ છીએ. દાખલા તરીકે, તાજેતરના અભ્યાસો આહારની ગુણવત્તા સુધારવામાં કઠોળના પ્રોત્સાહનની તરફેણમાં રહ્યા છે (મેકડર્મોટ એન્ડ વ્યાટ, ૨૦૧૭). કોલ્ડ સ્ટોરેજનો અભાવ ભારત માટે એક સમસ્યા રહી છે (બિર્થલ, ઝા એન્ડ સિંઘ, ૨૦૦૭), જ્યારે વિતરણ અને પ્રાપ્યતા વધુ સાનુકૂળ બનાવીને પોષણક્ષમ આહારનો વપરાશ વધારી શકાય છે. કેટલાક રાજ્યોમાં શાળાઓમાં કઠોળ અને ઈંડા સાથે મધ્યાહન્ ભોજનની જોગવાઈ વધુ પોષણક્ષમ છે. (હ્યુલહોફ વગેરે, ૨૦૧૧).

**ગરીબી રેખાનો ખોરાક ઘટક સુધારવો:** તેંદુલકર અને રંગરાજન સમિતિ બંનેએ કેલરની બદલે પોષણના મહત્વની અને ગરીબી રેખાની ગણતરીમાં તેને સામેલ કરવાની નોંધ લીધી છે. અમે આહાર વિવિધતા માટે ભારત માટે તંદુરસ્ત ભોજન સૂચકાંક નામના નવા પગલાની દરખાસ્ત કરીએ છીએ. તે વૈવિધ્યપૂર્ણ બાસ્કેટના વપરાશની દૃષ્ટિએ ગરીબ હોય તેવા પરિવારોને ઓળખવામાં મદદ કરશે (દાસ ૨૦૧૫ a). આ સૂચકાંક ઓછો વૈવિધ્યપૂર્ણ આહાર લેતા હોય તેવા શાકાહારી તેમજ બિન-શાકાહારી પરિવારોને ઓળખવામાં ઉપયોગી છે. તે પરિવારોની બિનસલામતીની હદને સમજવામાં પણ મદદ કરશે. ગરીબી રેખા સ્વભાવે વધુ ગતિશીલ હોવી જોઇએ અને બિનસલામતને ઓળખવામાં મદદ કરતી હોવી જોઇએ. આવક, આરોગ્ય અથવા આબોહવાના આંચકાઓ સામે અસલામત હોય તેવા લોકો માટે હજુ પણ ઇન-કાઇન્ડ ટ્રાન્સફર જરૂરી છે. અપનાવાયેલી સૌ પ્રથમ ઉપચારક વ્યવસ્થા ખોરાક વપરાશ ઘટાડવાની છે (દાસ ૨૦૧૫B)

**c. ડિજિટલ સોલ્યુશન્સ : ટ્રાન્સફર અને ટ્રેક રોકડ અને સહાય હસ્તાંતરણનું મિશ્રણ. સર્વિસ ડિલિવરી પર જ નહીં, પણ સ્વાસ્થ્યનાં પરિણામો પર પણ નજર.**

અમે જમીની હકીકતના પુરાવાના આધારે કેશ વિરુદ્ધ ઇન-કાઇન્ડના મિશ્રણના ટ્રાન્સફરની દરખાસ્ત કરીએ છીએ. PDSનો સફળતાપૂર્વક અમલ થાય છે તેવા ક્ષેત્રોમાં તે ચાલુ રહેવું જોઇએ. જોકે, કેશ ટ્રાન્સફરનો સાવચેતીપૂર્વક અમલ કરવો જોઇએ જેથી તેનો પરિવારની ખાદ્ય સુરક્ષા સ્થિતિમાં સુધારો કરવા માટે ઉપયોગ થાય. કેશ ટ્રાન્સફરથી પરિવારના વપરાશમાં સુધારો થઇ શકે છે, તે મુખ્ય આહારથી વધુ પોષક આહાર અને વૈવિધ્યપૂર્ણ ખોરાક તરફ જઇ શકે છે (ઝા વગેરે, ૨૦૧૩, સ્વેદબર્ગ ૨૦૧૨, ખેરા ૨૦૧૪). આપણે PDS દ્વારા વિતરણ કરાતા અનાજની ગુણવત્તા પર ભાર મૂક્યો હોત, બહુ ઓછી વસતિને તેની જરૂર છે. આ સંદર્ભમાં મહિલા સશક્તિકરણ મહત્વનું છે. પરિવારમાં વડીલ મહિલા નિર્ણય લેનાર વ્યક્તિ હોય છે અને તેમને વૈવિધ્યપૂર્ણ ખોરાકનો વપરાશ કરવા માટે વધુ શિક્ષણ આપવું જોઇએ (દાસ ૨૦૧૬).

અમે દરખાસ્ત કરીએ છીએ કે, આધાર કાર્ડ અને નો-ફ્રિલ બેન્ક એકાઉન્ટની પ્રાપ્તિ માત્ર ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર નથી તેનાથી લાભાર્થીના આરોગ્યની સ્થિતિ પર પણ નજર

રાખી શકાય છે. દેશમાં ડિજિટલ ક્રાંતિને જોતા ગરીબ લોકોની નિયમિત રીતે સમીક્ષા થવી જોઇએ. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે, નરેગાના લગભગ ૫૧ ટકા લાભાર્થીઓને આધાર બ્રીજ પેમેન્ટ (ABP) મારફતે ચૂકવણી થઇ હતી. અનાજ માટે ડાયરેક્ટ કેશ ટ્રાન્સફર માટે તે ૯૪ ટકા હતું. સરકારના અંદાજ મુજબ આમ કરીને ડિસેમ્બર ૨૦૧૬ના અંત સુધીમાં રૂપિયા ૫૦,૦૦૦ કરોડની બચત કરી શકાઈ હતી જે એક વર્ષની કુલ સબસિડીને સમકક્ષ છે. આ ગરીબી નિર્ધારણમાં એક વધારાના કટ-ઓફ તરીકે પણ કામ કરે છે. આના પર દેખરેખ રાખવા અમે કોઇ નવા વિભાગની રચના કરવાની કે કોઇ નવા કર્મચારીઓની વ્યવસ્થા કરવાની દરખાસ્ત નથી કરતા પરંતુ વર્તમાન શ્રમબળનો કાર્યક્ષમ રીતે ઉપયોગ કરીને અત્યંત ગરીબ વિસ્તારોમાં તેનો અમલ કરી શકાય છે. આવી વ્યૂહરચનાનો મોંગોલિયાના આંતરિક વિસ્તારોમાં અમલ થઇ રહ્યો છે જ્યાં પરિવારોને ગરીબીમાંથી (માત્ર આવક જ નહી ખોરાક અને આરોગ્યની ગરીબીમાંથી પણ) બહાર લાવવા માટે તેમના પર સતત નજર રાખવામાં આવી રહી છે.

**d. મેદસ્વીપણું અને સમૃદ્ધિ : ધનિકો પોતાને નુકસાન કરી રહ્યાં છે ?**

કુપોષણ સિવાય ભારત મેદસ્વીપણા અને પોષણ સંબંધિત ખામીનાં રોગોનો ઊંચો દર પણ ધરાવે છે. મધ્યમ વર્ગ અને ધનિકો મેદસ્વીપણાથી વધારે પીડાય છે. આ માટે ઝડપી શહેરીકરણ, મોંઘવારી, જીવનશૈલી, ચરબીયુક્ત અને તૈલી ઉત્પાદનોની સરળ ઉપલબ્ધતા અને વધારે માર્કેટિંગ જેવા પરિબળો જવાબદાર હોય છે. એટલે ધનિકોને જાણકારી ઉપલબ્ધ કરાવવાની જરૂર છે. આ અર્થમાં તેમને એ સમજવાની જરૂર છે કે તેઓ ડાયાબીટિસ, હર્ટ એટેક વગેરે જેવા બિનચેપી અનેક રોગોને આવકારી પોતાને જ નુકસાન કરી રહ્યાં છે. ચરબીયુક્ત ખાદ્ય ઉત્પાદનો અને સ્વાસ્થ્ય માટે હાનિકારક ખાદ્ય ચીજવસ્તુઓનાં વેચાણને પ્રોત્સાહન આપતાં સુપરમાર્કેટ્સ પર કરવેરા લાદીને સરકાર હસ્તક્ષેપ કરે છે. સંપૂર્ણપણે જોઈએ તો કુપોષણનું ત્રિસ્તરીય ભારણ સમાજ અને જીડીપી પર ઊંચો આર્થિક ખર્ચ ધરાવે છે.

**e. ખાદ્ય સુરક્ષા, નુકસાન અને બગાડ:**

આ સમસ્યા ચિંતાજનક છે. જયારે પીડીએસમાં ભ્રષ્ટાચારની સમસ્યા પ્રવર્તે છે, ત્યારે કોલ્ડ સ્ટોરેજની સુવિધાની અનુપલબ્ધતાનાં કારણે અનાજનો મોટા પાયે બગાડ થઈ રહ્યો હતો. આ માટે અંદાજિત સંશોધન ઉપયોગી પુરવાર થઈ શકે છે, પણ આપણે નુકસાન ઘટાડવા અને અનાજનો બગાડ અટકાવવા વાજબી ખર્ચ ધરાવતાં સોલ્યુશન્સ પર કામ કરવાની જરૂર છે. અનાજની સલામતીમાં ઉત્પાદનમાં રસાયણોનો ઓછો ઉપયોગ અને અનાજની જાળવણી સંકળાયેલી છે. અત્યારે ભારતમાં ખાદ્ય સુરક્ષા પર કોઈ રિપોર્ટ જાહેરમાં ઉપલબ્ધ નથી, જે ખરેખર ખતરાની ઘંટડી સમાન છે (ગ્રેસ, ડેલિયા; મેકડરમોટ, જોહન ૨૦૧૫). ઉદાહરણ તરીકે એફ્લાટોક્ષિન માનવીય સ્વાસ્થ્ય માટે નુકસાનકારક છે, જે બાળકોની સાથે પુખ્ત વયનાં લોકોને પણ કુપોષણ અને ગંભીર બિમારીઓ તરફ દોરી જાય છે. કુમાર અને વગેરેએ ૨૦૧૧માં જણાવ્યું હતું કે, ભારતમાં ડેરી ક્ષેત્ર સાથે સંકળાયેલા ખેડૂતો દ્વારા ખાદ્ય સુરક્ષાનાં પગલાંનો સ્વીકાર અનેક પરિબળોથી પ્રભાવિત છે તથા આ માટે ઊંચું વળતર જ સરભર કરી શકે છે. ખાદ્ય સુરક્ષાનાં મુદ્દાઓ સાથે અન્ય એક મહત્ત્વપૂર્ણ મુદ્દો સંકળાયેલો છે – આબોહવામાં ફેરફાર. ઉદાહરણ તરીકે, આબોહવામાં ફેરફારને કારણે ભારતનાં ગંગાનાં મેદાનોમાં ખાદ્ય વ્યવસ્થામાં ફેરફાર થયો છે (અગ્રવાલ વગેરે, ૨૦૦૪).

જયારે ઉપર ઉલ્લેખિત સમસ્યાઓ અને સમાધાનો મહત્ત્વપૂર્ણ છે, ત્યારે આપણે વૈશ્વિક ખાદ્ય વ્યવસ્થાનો ભાગ બનવાથી બહુ દૂર છીએ. ખાદ્ય નીતિનું માળખું કુપોષણનાં ત્રિસ્તરીય ભારણને હળવું કરવા કોઈ પણ દેશ માટે સંપૂર્ણ હોવું જોઈએ. ઉપર ચર્ચા કર્યા મુજબ, ભારતે ક્યારેય વિસ્તૃત ખાદ્ય નીતિ બનાવી નથી. તેનાં બદલે તાત્કાલિક ધોરણે કાર્યક્રમો બનાવવામાં આવ્યાં હતાં અને તેમાં વિવિધ હિતધારકોનો પ્રભાવ હતો. આ પ્રકારની સંકુચિત વ્યવસ્થામાં સમાધાન સરળ નથી. એટલે તાત્કાલિક સમાધાન એસડીજીને ધ્યાનમાં રાખીને ટૂંકાગાળાનાં અને મધ્યમ ગાળાનાં લક્ષ્યાંકો નિર્ધારિત કરવામાં રહેલું છે. પોષણથી કૃષિનો માર્ગ: એકીકૃત વિભાગનો વિચાર કરવો, જેમ કે તાત્કાલિક ધોરણે જરૂરિયાત હોય તેમના માટે ભંડોળની ફાળવણી. એસડીજી દ્વારા સૂચિત સૂચકાંકો અને પેટા-લક્ષ્યાંકોની યાદી સાથે વિશ્લેષણનો ડેશબોર્ડ અભિગમ પુરાવા-આધારિત નીતિ અમલીકરણનો વધારે અસરકારક માર્ગ બની શકે છે. આ માટે અન્ય આધુનિક ટેકનિક સાથે પૂરક બની જોઈએ.

**લેખક ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ (આઇએફએમઆર)માં આસિસ્ટન્ટ પ્રોફેસર છે. તેઓ અગાઉ નેશનલ કાઉન્સિલ ઓફ એપ્લાઇડ ઇકોનોમિક રિસર્ચ, નવી દિલ્હીમાં એસોસિએટ ફેલો હતાં.**

ઈ-મેલ : **mdas@ncaer.rog, mousumii.das@gmail.com**

# સામાજિક સુરક્ષાના પ્રકાર તરીકે મધ્યાહ્ન ભોજન યોજનાની જોગવાઈમાં બાયોમૅટ્રિક્સની અસર

કિરણ ભાટી



*આજે પણ દેશના ઘણા ભાગોમાં અનેક બાળકો માટે મધ્યાહ્ન ભોજન એ દિવસનું પ્રથમ ભોજન બની રહે છે. હાલમાં મધ્યાહ્નભોજન યોજના દેશની ૧૧.૫ લાખ શાળાઓમાં ૧૦ કરોડથી વધુ બાળકોને આવરી લે છે. મુખ્યત્વે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ / અન્ય પછાતવર્ગોની ૨૫ લાખ મહિલાઓ તેમાં રસોઈ કરવાની તથા સહાયક તરીકેની કામગીરીમાં રોજી મેળવી રહી છે. વધુમાં એના અન્ય સામાજિક લાભ પણ છે. કોઈ પણ સમુદાયનો બાળક હોય તે તમામ બાળકો સાથે બેસીને જમવાની પ્રથા કેળવાય છે. આ ઉપરાંત સ્થાનિક સમુદાયની ભોજનની ગુણવત્તામાં સામેલગીરી વધે છે. આ રીતે માતા પિતા શાળામાં રસ લેતાં થાય છે અને કેટલીક જગાએ સ્થાનિક પેદાશોનો પણ મધ્યાહ્ન ભોજન યોજનામાં ઉપયોગ કરવામાં આવે છે.*

સામાજિક સુરક્ષામાં તમામ નાગરિકો માટે તંદુરસ્તીના સામાન્ય અભિગમને અનુસરવામાં આવે છે. એમાં ખાસ પ્રકારે સરકારો જોડાય છે અને નાગરિકો ગૌરવભેર જીવન જીવી શકે તેવા પાયાના લાભ અથવા તો સર્વિસીસ પૂરી પાડે છે. આ અભિગમનું મૂળ સામાજિક કરારના વિચારમાં જોવા મળ્યું છે, જેમાં મુક્ત અને સમાન વ્યક્તિઓ વચ્ચે સંસ્થા કે સમાજ માટે એ પ્રકારનો કરાર કરવામાં આવે છે કે જેમાં દરેકને સુરક્ષા અને લાભ પ્રાપ્ત થાય. ૧ આ સામાજિક કરારને લોકશાહી સ્વરૂપની સરકારોમાં વ્યાપક માન્યતા હાંસલ થઈ છે. જોકે સામાજિક સુરક્ષાના ઇતિહાસને ફંફોસવો ખૂબ જ અઘરો છે, કારણ કે રોમન સામ્રાજ્યથી શરૂ કરીને વિવિધ શાસકોએ ભિન્ન સ્વરૂપે સામાજિક સુરક્ષા પૂરી પાડી હોવાની બાબત અનાજના વિનામૂલ્યે વિતરણ કરાતું હોય તેવાં ઉદાહરણોના અહેવાલો છે. તે પછીના સમયગાળામાં સમાન વિચારણાને આધારે ઇંગ્લિશ પૂઅર લૉઝ (૧૬૦૧) અને યુએસ સોશિયલ સિક્યોરિટી ઍક્ટ (૧૯૩૫) જેવા કાયદાઓ સામાજિક સુરક્ષાનાં બહેતર જોગવાઈઓ અમલમાં હોવાનાં ઉદાહરણો પૂરાં પાડે છે. આમ છતાં અત્યંત સામાન્ય ઢબે સમજ સાથે સ્વીકારાયેલી સામાજિક સુરક્ષા યુનિવર્સલ ડેક્લૅરેશન ઓફ હ્યુમન રાઇટ્સ (૧૯૪૮)ની કલમ ૨૨માં સામાજિક સુરક્ષાનો મહિમા વ્યક્ત કરવામાં આવ્યો છે. એમાં જણાવવામાં આવ્યું છે કે "સમાજના એક સભ્ય તરીકે દરેક વ્યક્તિને સામાજિક સુરક્ષાનો અધિકાર છે અને વ્યક્તિ તે ભોગવવાનો અધિકાર ધરાવે છે. રાષ્ટ્રીય પ્રયાસો અને આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા તેમજ દરેક સંસ્થા અને રાજ્યોનાં સાધનો મુજબ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક હક્કો વ્યક્તિના ગૌરવ અને વ્યક્તિત્વના મુક્ત વિકાસ માટે અવિભાજ્ય બની રહે છે." એ પછી દુનિયાભરમાં સામાજિક સુરક્ષા વિવિધ સ્વરૂપે જોવા મળી છે અને તેમાં નાગરિકો કાં તો પ્રોગ્રામમાં યોગદાન આપીને પેન્શન અથવા બેરોજગાર વીમા (સામાન્ય રીતે તેને સામાજિક વીમા તરીકે ળખવામાં આવે છે) જેવા લાભ મેળવે છે, અથવા તો આરોગ્ય, શિક્ષણ જેવી પાયાની સવલતો મેળવે છે. આ સુવિધાઓની જોગવાઈ અપાયેલા નાણાકીય યોગદાનને આધારે અપાતી હોતી નથી અને તેને સામાજિક સુરક્ષાના એક સ્વરૂપ તરીકે ઓળખવામાં આવે છે. બંને કિસ્સાઓને લોકશાહી સમાજના એક આવશ્યક અંગ તરીકે ઓળખવામાં આવે છે. આવા સમાજમાં રાજ્યની એ ફરજ રહે છે કે નાગરિકો ગરીબી અને સામાજિક અસમાનતા જેવી આંતરિક માળખાગત નિર્બળતામાંથી બહાર આવે તેની ખાત્રી રાખવાની રાજ્યની ફરજ થઈ પડે છે.

ભારતમાં પેન્શન, રોજગારની ખાત્રી (બેરોજગારી વળતર, ભથ્થા સહિતની)

પ્રસૂતિલાભો, ભોજન સબસિડી અથવા તો શાળામાં ભોજન કેટલીક સામાજિક સુરક્ષા યોજનાઓ કાગળ ઉપર અસ્તિત્વ ધરાવે છે, પરંતુ આ યોજનાઓની કામગીરી ખૂબ જ અસમતોલ અને કેટલાક કિસ્સાઓમાં તો ખૂબ જ અસંતોષ પેદા કરે તેવી રહી છે. શૈક્ષણિક અને દાખલારૂપ સાહિત્યમાં લાભ ઇચ્છિત વ્યક્તિ સુધી પહોંચતા ન હોય તેવું જોવા મળ્યું છે. નબળી કામગીરી માટે અનેક કારણો આપવામાં આવે છે, જેમાં નોકરશાહીની ઉદાસીનતાથી માંડીને ભ્રષ્ટાચાર તથા સાધનોના અભાવ જેવાં કારણોનો સમાવેશ થાય છે. આમ છતાં તેમાં સુધારાનું સાતત્ય જાળવી રાખવા માટેની ક્ષમતાનો અભાવ તથા સતત નિષ્ફળતા દૂર કરવાના પ્રયાસોના અભાવને કારણે નાગરિકોનો અપેક્ષાભંગ તો થયો જ છે, પણ સાથે-સાથે નોકરશાહીની પરિણામ આપવાની ક્ષમતામાં પણ નારાજગી પ્રવર્તે છે. યોજનાના અમલમાં આવી કહેવાતી નિષ્ફળતાને કારણે રાજયની કલ્યાણ કામગીરી અંગે પણ ચર્ચાઓ થાય છે, પણ એની પાછળ રહેલાં કારણો નિવારવા ખૂબ ઓછા પ્રયાસો થાય છે. તંત્રને સરખું કરવાના પ્રયાસ કરવાને બદલે સિસ્ટમની બહાર (ખાનગીકરણ, ખાનગી-જાહેર ભાગીદારી વગેરે દ્વારા) તેના ઉપાયો શોધવાના પ્રયાસો થઈ રહ્યા છે અથવા તો ટૅકનોલૉજીનો ઉપયોગ કરીને અંશતઃ ફેરફારો કરવામાં આવે છે. આવા જે ઉપાયો હાથ ધરાયા છે, તેમાં ભ્રષ્ટાચાર નિવારણ માટે બાયોમૅટ્રિક્સનો ફરજિયાત ઉપયોગ કરવાનો તથા તે દ્વારા બૅનિફિટ લક્ષ્ય સુધી પહોંચાડવા પ્રયાસ થયા છે. આ દિશામાં જે છેલ્લો પ્રયાસ થયો છે, તેમાં ભારત સરકાર દ્વારા જે હુકમ કરવામાં આવ્યો છે, તેમાં શાળામાં મધ્યાહ્નભોજન મેળવવા માટે આધાર કાર્ડ (UID) નો ઉપયોગ ફરજિયાત બનાવવાનો સમાવેશ થાય છે.

આ લેખમાં મધ્યાહ્નભોજનને સામાજિક સુરક્ષાના ઉપાય તરીકે જોવાનો તથા બાયોમેટ્રિક સુધારાના અમલ દ્વારા આ કાર્યક્રમની કામગીરી સુધારવાના તથા ગરીબીની દારૂણતામાંથી બહાર લાવવાના હેતુને તપાસી જવા પ્રયાસ કરાયો છે. એવી દલીલ કરવામાં આવે છે કે બાળકના પોષણ અને શિક્ષણના મુદ્દાને ગંભીરતાપૂર્વક હલ કરીને કાર્યક્રમના અમલીકરણમાં સુધારા કરવાને બદલે તેનાથી વધુ સવાલો ઉભા થશે.

**મધ્યાહ્ન ભોજન યોજના**

સામાજિક સુરક્ષા અને શિક્ષણ વચ્ચેની કડીઓ સુસ્થાપિત હોવા છતાં તે બંને હેતુઓ માટે ગૂંચવાડા ઊભા કરે છે. ગરીબીની દારૂણ હાલત ધરાવતાં બાળકોને શિક્ષણ પૂરું પાડવા માટે સામાજિક સુરક્ષા અમુક સ્વરૂપે જરૂરી બને છે. જોકે શિક્ષણને પણ સામાજિક સુરક્ષાનું એક સ્વરૂપ ગણવામાં આવે છે. શિક્ષણ માટે ચોક્કસ પ્રકારની સામાજિક સુરક્ષાની જોગવાઈઓમાં એવી સ્થિતિ ઊભી કરવાનો સમાવેશ થાય છે કે જેમાં આર્થિક અને સામાજિક ધોરણે વંચિત સમુદાયોનાં બાળકો શાળામાં આવે અને શિક્ષણ મેળવવાની પ્રક્રિયામાં જોડાયેલાં રહે. આ માટેનાં પગલાંમાં નિવાસની નજીક શાળાઓ ઉપલબ્ધ કરવી, શિષ્યવૃત્તિ અને અન્ય નાણાકીય પ્રોત્સાહનો પૂરાં પાડવાં, શાળામાં ભોજન, શાળામાં આરોગ્ય અંગેની યોજનાઓ તથા અન્ય કાર્યક્રમો દ્વારા ભણતરમાં દાખલ થનાર પરિવારના પ્રથમ વ્યક્તિ દ્વારા શિક્ષણને આગળ ધપાવવાનો છે. ભારતમાં આ બધી સુવિધાઓ સરકારની શિક્ષણનીતિ અને કાર્યક્રમોનો હિસ્સો છે, પરંતુ એમાં ગુણવત્તા અને સફળતાનું અલગ અલગ પ્રમાણ જોવા મળ્યું છે. આમ છતાં, મધ્યાહ્ન ભોજન કાર્યક્રમ એ કદાચ ભારત સરકારના ખૂબ જ વ્યાપકપણે સ્વીકારાયેલા અને ઉત્તમ પ્રકારે ચાલતા સામાજિક સુરક્ષાના પ્રોગ્રામ તરીકે ગણના પામે છે.

એ બાબત ખૂબ જ જાણીતી છે કે ભૂખ્યા પેટે ભણવાથી ભણતર તરફ આગળ વધી શકાશે નહીં. ભારતનો અને ખાસ કરીને બાળકો બાબતે ભૂખ અને કુપોષણનો ઇતિહાસ જોતાં શાળાઓમાં મધ્યાહ્ન ભોજન રજૂ કરવાની યોજનાથી બે પ્રકારના હેતુ સરે છે. જેમાં પોષણની સ્થિતિ સુધારવાનો તથા બાળકને શાળામાં આવવા માટે પ્રેરવાનો સમાવેશ થાય છે. હકીકતમાં શાળાઓમાં મધ્યાહ્ન ભોજનને કારણે અનેક મહત્ત્વના હેતુઓ સર થયા છે. દુનિયાભરમાં થયેલાં સંશોધનોમાં એવું ફલિત થયું છે કે શાળામાં પિરસાતા ભોજનથી ભૂખ તો ઘટે જ છે, પણ સાથે સાથે ભણવા માટે શાળામાં દાખલ કરવાનું પ્રમાણ તથા હાજરી વધે છે. તેમજ ભણતરનાં પરિણામોમાં પણ સુધારો થતો જણાયો છે. ભારતમાં રસોઇ કરેલું ગરમ ભોજન આપવાનો પ્રયાસ ઘણો જૂનો છે. તામિલનાડુમાં શાળાઓમાં બપોરનું ભોજન આપવાની શરૂઆત વ્યાપકપણે ૧૯૮૨માં શરૂ કરવામાં આવી હતી. એ પછી સુપ્રીમ કોર્ટે વર્ષ ૨૦૦૧માં દેશભરમાં આ યોજનાને કાનૂની અધિકાર તરીકે સ્વીકારવા જણાવ્યુ. આજે પણ દેશના ઘણા ભાગોમાં અનેક બાળકો માટે મધ્યાહ્ન ભોજન એ દિવસનું પ્રથમ ભોજન બની રહે છે. હાલમાં મધ્યાહ્નભોજન યોજના દેશની ૧૧.૫ લાખ શાળાઓમાં ૧૦ કરોડથી વધુ બાળકોને આવરી લે છે. મુખ્યત્વે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ / અન્ય પછાતવર્ગોની ૨૫ લાખ મહિલાઓ તેમાં રસોઈ કરવાની તથા સહાયક તરીકેની કામગીરીમાં રોજી મેળવી રહી છે. વધુમાં એના અન્ય સામાજિક લાભ પણ છે. કોઈ પણ સમુદાયનો બાળક હોય તે તમામ બાળકો સાથે બેસીને જમવાની પ્રથા કેળવાય છે. આ ઉપરાંત સ્થાનિક સમુદાયની ભોજનની ગુણવત્તામાં સામેલગીરી વધે છે. આ રીતે માતા પિતા શાળામાં રસ લેતાં થાય છે અને કેટલીક જગાએ સ્થાનિક પેદાશોનો પણ મધ્યાહ્ન ભોજન યોજનામાં ઉપયોગ કરવામાં આવે છે.

એ બાબતનો ઇન્કાર થઈ શકે તેમ

નથી કે આ યોજનાની કોઈ ટીકા થતી નથી. આ યોજનાના અમલમાં અનિયમિત પુરવઠો, સ્વચ્છતાની અને માળખાગત સુવિધાની નબળી સ્થિતિ, ભોજનમાં પોષકતત્ત્વોના અભાવ તથા કુલ કેટલાં બાળકો મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ લે છે તેની ચોકકસ સંખ્યા મેળવવાની મુશ્કેલી વગેરે જેવી કેટલીક ઊણપો છે. ઊણપ શોધતા લોકોએ ધ્યાન દોર્યું છે કે મધ્યાહ્ન ભોજન યોજનાના આયોજનમાં ઘણો બધો સમય બગડે છે અને ભણાવવાની મુખ્ય કામગીરીને અસર થાય છે. કેટલાંક બાળકો માત્ર ભોજન લેવા માટે જ શાળામાં આવે છે અને ભોજન લઈ લીધા પછી તુરત જ જતાં રહે છે. આથી આ યોજનાથી ભણતર વધવાનો હેતુ સરતો નથી. આ ઉપરાંત જાતિને આધારે ભેદભાવ રાખવામાં આવતો હોવાની પણ ફરિયાદો થાય છે, જેમકે દલિતના બાળકને અન્ય બાળકોથી અલગ બેસવા માટે કહેવાય છે અને તેને પૂરતી માત્રામાં ભોજન પણ આપવામાં આવતું નથી તેવી ઊણપો નોંધવામાં આવી છે. હવે એ બાબત સ્પષ્ટ નથી કે બાળકોનાં UID નો ઉપયોગ ફરજીયાત કરવાથી આ બધી સમસ્યાઓ કેવી રીતે હલ થશે.

**મધ્યાહ્ન ભોજન યોજનામાં સુધારા માટે બાયોમેટ્રિક્સનો ઉપયોગ**

મધ્યાહ્ન ભોજન યોજનામાં બાયોમેટ્રિક્સનો ઉપયોગ ફરજિયાત બનાવવા પાછળનો ઉદ્દેશ એ છે કે મધ્યાહ્ન ભોજન યોજનાની સર્વિસમાં આધારકાર્ડને ઓળખના દસ્તાવેજ તરીકે ફરજિયાત બનાવવાથી સરકારની સર્વિસ આપવાની પ્રક્રિયા સરળ બને છે અને તેમાં પારદર્શકતા તથા કાર્યક્ષમતા આવે છે. આમ છતાં UID ફાળવવામાં કેટલીક ઊણપો હોવા છતાં અને અનેક બાળકો પાસે આધારકાર્ડ નહી હોવા છતાં સરલીકરણને કારણે મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ લેવાનું પ્રમાણ વધતું નથી, પણ સંખ્યા ચોક્કસપણે સ્થિર અને મર્યાદિત બની શકે છે. ચોક્કસપણે કોઈપણ સામાજિક સુરક્ષા કાર્યક્રમનો આ હેતુ હોતો નથી, પરંતુ આમાં બાળકોને લક્ષમાં લેવામાં આવ્યાં છે. આ ઉપરાંત એ બાબત પણ સંપૂર્ણ સ્પષ્ટ નથી કે UID ને ફરજિયાત બનાવવાથી કોની જવાબદેહિતા કેવી રીતે નક્કી થશે. કારણ કે આવી યોજના અમલી બનાવવાથી પુરવઠાની અનિયમિતતા, સ્વચ્છતા અને માળખાગત સુવિધાઓની નબળી સ્થિતિ ભોજનમાં પોષક તત્ત્વોનું અપૂરતું પ્રમાણ જેવી આ બધી મુશ્કેલીઓ કઈ રીતે હલ થશે. આવી અવ્યવસ્થાને કારણે જે બાળકોની નોંધણી બે જગાએ એટલે કે ખાનગી શાળામાં અને સરકારી શાળામાં થઈ હોય. તેમને તકલીફ થશે. આમ છતાં ભોજન માટે UID ફરજિયાત બનાવવાથી આવી પ્રણાલીને કોઈ અસર થશે નહી, તેના કારણે બાળકો ભોજનથી વંચિત નહી રહે કે તેમને પોષણની ઊણપ ધરાવતું ભોજન નહી મળે તે કહેવું મુશ્કેલ છે.

આમ છતાં, આધારનો ઉપયોગ જાહેર વિતરણ પદ્ધતિ, પેન્શન્સ અને સીધા સરકારી લાભો પહોંચાડવાની યોજના તરીકે રાજસ્થાન, છત્તીસગઢ, દિલ્હી અને અન્ય સ્થળોએ થયો છે, પરંતુ તેમાં સંતોષજનક કામગીરી થઈ શકી નથી. ૩૦ ટકા જેટલા લાભાર્થીઓ જણાવે છે કે તેમને માટે અધિકૃતતાના સવાલો ઊભા થયા છે, જેમાં મોબાઈલ નેટવર્કને લગતી સમસ્યાઓ, વીજળીનો પુરવઠો તથા અન્ય સમસ્યાઓ દેશના અન્ય ભાગોમાં જોવા મળી છે. શું આ હુકમમાં એવી જોગવાઈ છે કે દરેક બાળકને ભોજન આપતાં પહેલાં રોજેરોજ ઓળખની ચકાસણી કરવામાં આવશે? કેટલાંક બાળકો ટૅક્નોલૉજીને કારણે નિષ્ફળ જાય તો તેમને ભોજન આપવાનો ઈન્કાર કરાશે? આવી બિનકાર્યક્ષમતા માટે કોણ જવાબદાર ગણાશે?


મધ્યાહ્ન ભોજન યોજનામાં ભ્રષ્ટાચાર ઘટાડવા અને જવાબદેહિતા વધારવા માટેનાં કેટલાંક અસરકારક સાધનો છે, જેમાં સમુદાય દ્વારા માંનિટરિંગના કાર્યક્રમો, સામાજિક ઑડિટ્સ, વિકેન્દ્રિત ફરિયાદ નિવારણ પદ્ધતિઓ, લાભાર્થીઓ અને મેનુ અંગેની માહિતી જાહેર કરવી વગેરેનો સમાવેશ થાય છે. આવી પદ્ધતિ અમલમાં આવે તે માટે પ્રયાસ કરવા જોઈએ. એક રીતે જોઈએ તો આ નોટિફિકેશન દ્વારા આપણાં સમાજનાં બાળકો માટે કેટલીક અવગણનાની સ્થિતિ ઊભી થાય છે. બાળકોના આરોગ્ય અને શિક્ષણના દરજ્જા અંગે તથા હિંસાના પ્રમાણ અંગે આંકડાઓનો અભાવ તથા તેમને થતા અન્યાય અંગે તેમજ બાળકોના અધિકારો ભોગવી શકાતા નહી હોવાની બાબતોની સતત અવગણના થઈ રહી છે. એક એવી યોજના કે જેમાં ખૂબ સારાં પરિણામ મળ્યાં છે. તેમાં હકારાત્મક અસરને બદલે નકારાત્મક સ્થિતિ ઉભી થાય તેવી સંભાવના છે. એ સમય પાકી ગયો છે કે આપણે બાળકોના આરોગ્ય તરફ ધ્યાન આપીને એક આવકારદાયક અને પોષણ મળે તેવું વાતાવરણ ઊભું કરીએ, જેમાં તેમને રાંધેલું ભોજન સતત મળતું રહે, સારું શિક્ષણ પ્રાપ્ત થાય તથા શિક્ષકો તથા અન્યમાં બાળકો માટેની મૂળભૂત માનવતા વિકસે અને તેમના પર આધાર રાખતાં બાળકોને વિલન ગણવામાં ના આવે તથા તેમની પર ભ્રષ્ટાચાર, પારદર્શકતા અને જવાબદેહિતાનો બોજ નાંખવામાં ના આવે. એ સમય પાકી ગયો છે કે આપણે ડિજિટલ ટ્રાન્સપરન્સી અને જવાબદેહિતાના નામે નાગરિકો સાથેના લોકશાહી રાજ્યના એક સામાજિક કરારમાં સામાજિક સુરક્ષાની યોજનાનો ભોગ તો લઈ રહ્યા નથી ને?

**લેખિકા સેન્ટર ફોર પોલિસી રિસર્ચ (સીપીઆર)માં સીનિયર ફેલો છે. તેઓ અત્યારે એલીમેન્ટરી એજ્યુકેશનમાં સંસ્થાકીય કામગીરીના મુદ્દા પર કામ કરે છે. તેઓ અત્યારે નેશનલ યુનિવર્સિટી ફોર એજ્યુકેશન પ્લાનિંગ એન્ડ એડમિનિસ્ટ્રેશન (એનયુઈપીએ)માં ડેટા અને મેનેજમેન્ટ સિસ્ટમ માટે સલાહકાર સમિતિના સભ્ય છે.**

ઈ-મેલ : **kiran.bhatty@cprindia.rog**

# ગરીબો અને વંચિત સમુદાયોનાં જીવનની ગુણવત્તા સુધારવા માટે પાયારૂપ પહેલો

**ઊર્મિ ગોસ્વામી**




ગરીબો અને વંચિત સમુદાયોનાં જીવનની ગુણવત્તા સુધારવા માટે પાયારૂપ કહેવાય છે કે, તમારે પ્રગતિ કરવા થોડા સાથસહકારની જરૂર છે. ભારત વિકાસશીલ રાષ્ટ્ર છે અને આપણા દેશમાં ગરીબો અને વંચિત સમુદાયોનો હિસ્સો વધારે છે. તેમનાં જીવનની ગુણવત્તા સુધારવા અને તેમને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવા સરકારના સાથસહકારની જરૂર છે. સામાજિક સુરક્ષા સાથે સંબંધિત પગલાંનો સંદર્ભ જનતા સાથે છે. સરકાર વ્યક્તિઓ અને કુટુંબોની આર્થિક સુરક્ષા અને સામાજિક કલ્યાણ માટે વિવિધ જોગવાઈઓ પૂરી પાડે છે. સામાન્ય રીતે લક્ષિત કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, જે ચોક્કસ સમુદાયો કે વિસ્તારોમાં અવરોધો દૂર કરવા ધ્યાન કેન્દ્રિત કરે છે. પણ આ અભિગમથી હંમેશાં ઇચ્છિત પરિણામો મળતાં નથી. જ્યાં સુધી આપણે આર્થિક સુરક્ષા અને સામાજિક કલ્યાણ માટેના માપદંડો વધારતાં નથી, ત્યાં સુધી લક્ષિત પ્રયાસો પાર પાડવામાં ધારી સફળતા મળતી નથી. આ કારણે જરૂરિયાતમંદ વ્યક્તિઓ, કુટુંબો અને સમુદાયો સુધી પહોંચવાની અને તેમને મદદ કરવાની જરૂર છે.

શિક્ષણ, હેલ્થકેર, કૌશલ્ય સંવર્ધન વ્યક્તિ માટે આજીવિકાની તકો ઊભી કરે છે. તેની મદદથી વ્યક્તિની જીવનની ગુણવત્તામાં વધારો થશે. સરકારનું આ પગલું નાગરિકોની સામાજિક સ્થિતિમાં સુધારો કરશે, ખાસ કરીને વંચિત સમુદાયોની સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારશે.

ભારતના લોકોની જરૂરિયાતો વિવિધ પ્રકારની અને મોટા પ્રમાણમાં છે. દેશમાં કરોડો લોકો ગરીબીના રેખા હેઠળ જીવે છે તથા જીવનની મૂળભૂત અને શ્રેષ્ઠ તકોથી વંચિત છે. એટલે કોઈ પણ સરકાર માટે આ તકો ઊભી કરવી અને ગરીબોના જીવનની ગુણવત્તા સુધારવાની કામગીરી બહુ મોટી છે. સરકારની કોઈ પણ સામાજિક સુરક્ષા અને કલ્યાણકારક યોજનાનું હાર્દ આ વિચાર છે. સાથે સાથે કેટલાક સમુદાયો કે વસતિનાં એક ચોક્કસ ભાગ માટે આર્થિક દરજ્જો સામાજિક ઓળખ સાથે સંલગ્ન છે, જે આ જૂથોના લોકોની પ્રગતિ મુશ્કેલ બનાવે છે. આ માટે સરકારે વધારે પ્રયાસો કરવાની જરૂર છે, જે સમુદાયોની અતિ

*ગરીબો અને વંચિત સમુદાયોનાં જીવનની ગુણવત્તા સુધારવા માટે પાયારૂપ કહેવાય છે કે, તમારે પ્રગતિ કરવા થોડા સાથસહકારની જરૂર છે. ભારત વિકાસશીલ રાષ્ટ્ર છે અને આપણા દેશમાં ગરીબો અને વંચિત સમુદાયોનો હિસ્સો વધારે છે. તેમનાં જીવનની ગુણવત્તા સુધારવા અને તેમને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવા સરકારના સાથસહકારની જરૂર છે. સામાજિક સુરક્ષા સાથે સંબંધિત પગલાંનો સંદર્ભ જનતા સાથે છે. સરકાર વ્યક્તિઓ અને કુટુંબોની આર્થિક સુરક્ષા અને સામાજિક કલ્યાણ માટે વિવિધ જોગવાઈઓ પૂરી પાડે છે. સામાન્ય રીતે લક્ષિત કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, જે ચોક્કસ સમુદાયો કે વિસ્તારોમાં અવરોધો દૂર કરવા ધ્યાન કેન્દ્રિત કરે છે. પણ આ અભિગમથી હંમેશાં ઇચ્છિત પરિણામો મળતાં નથી. જ્યાં સુધી આપણે આર્થિક સુરક્ષા અને સામાજિક કલ્યાણ માટેના માપદંડો વધારતાં નથી, ત્યાં સુધી લક્ષિત પ્રયાસો પાર પાડવામાં ધારી સફળતા મળતી નથી. આ કારણે જરૂરિયાતમંદ વ્યક્તિઓ, કુટુંબો અને સમુદાયો સુધી પહોંચવાની અને તેમને મદદ કરવાની જરૂર છે.*

ચોકક્સ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે હાથ ધરવામાં આવે છે, જેથી લોકોને જીવનની ગુણવત્તા સુધારવાની તકો સુલભ કરી શકાય છે.

આર્થિક અને સામાજિક પછાતપણું દૂર કરવા સાધારણ અને લક્ષિત એમ બંને પ્રકારના પ્રયાસો એકસાથે હાથ ધરવાની જરૂર પડશે.

જોકે લઘુમતિ, દલિતો અને આદિવાસી સમુદાયો માટે સાધારણ પગલાંની અસરનું મૂલ્યાંકન કર્યા વિના સરકારનાં સામાજિક સુરક્ષા અને કલ્યાણકારક પગલાંની આકારણી અસ્પષ્ટ ચિત્ર આપશે. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર અને વિવેકાનંદ જેવા મહાન સામાજિક સુધારકોએ મહિલાઓને શિક્ષિત કરવા અને તેમની સ્થિતિ સુધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે, કારણ કે કોઈ પણ સમુદાયની સ્થિતિ સુધારવા મહિલાઓને શિક્ષણ આપવું પ્રથમ મહત્ત્વપૂર્ણ પગલું છે. તાજેતરમાં આપણે જોયું છે કે મહિલાઓ માટેની લઘુધિરાણ યોજનાઓએ અનેક ગ્રામીણ સમુદાયોનાં માળખામાં સામાજિક-આર્થિક પરિવર્તનનાં બીજ રોપ્યાં છે. સરકારની ઉજ્જવલા યોજનાને આ સંદર્ભમાં સમજવાની જરૂર છે.

આ યોજના કોઈ એક સમુદાય કે જ્ઞાતિને લક્ષ્યાંક બનાવતી નથી, પણ ગરીબ રેખા હેઠળ જીવતાં કુટુંબો માટે છે. છતાં ગરીબ રેખા હેઠળ જીવતાં લોકોના વસતિવિષય રચનાને ધ્યાનમાં રાખીએ તો ૨૦ મિલિયનથી વધારે લાભાર્થીઓ (૩ એપ્રિલ, ૨૦૧૭ સુધી) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિઓ અને મુસ્લિમ સમુદાયોની મહિલાઓની છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૬માં લૉંચ કરેલી આ યોજનાનો લક્ષ્યાંક ગરીબી રેખા હેઠળ જીવતી મહિલાઓને ૫૦,૦૦૦,૦૦૦ એલપીજી કનેક્શન પ્રદાન કરવાનો છે. રાંધવા માટે ઈંધણ તરીકે લાકડાં અને ગાયના છાણનો ઉપયોગ કરતી અને જીવલેણ ધુમાડાનો ભાગ બનતી મહિલાઓને ઈંધણનો સ્વચ્છ વિકલ્પ મળ્યો છે. નિષ્ણાતોનાં મત મુજબ, લાકડાં અને છાણનો ઉપયોગ કરતી મહિલાઓ દર કલાકે ૪૦૦ સિગારેટને સમકક્ષ ધુમાડાને શ્વાસમાં લે છે.

આ એક પગલાથી મહિલાઓના સ્વાસ્થ્ય પર હકારાત્મક અસર થઈ છે, જેનાં મીઠાં ફળ લાંબા ગાળે સંપૂર્ણ પરિવારને મળશે, ખાસ કરીને બાળકોને. વળી આ કુટુંબોમાં બાળકો અભ્યાસ કરવાની વધારે સારી સ્થિતિમાં છે, શ્વાસોચ્છ્વાસ સંબંધિત રોગોને કારણે ડૉક્ટર્સ અને દવાઓના કુટુંબના ખર્ચમાં ઘટાડો થયો છે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો થયો છે. આ ખરેખર મોટું હકારાત્મક પરિવર્તન છે. સ્વસ્થ ઘર સ્વસ્થ બાળકો માટે પાયો છે, જેમની શિક્ષણ મેળવવાની ક્ષમતામાં મોટો સુધારો થયો છે. આ ગરીબીમાંથી બહાર આવવાનો માર્ગ પણ પ્રશસ્ત કરે છે.

પણ આ માત્ર શરૂઆત છે. જનધન યોજનાનો વિચાર કરો. આ યોજનાં તમામ સમુદાયો માટે લાભદાયક છે, જેઓ ઔપચારિક બૅંકિંગ વ્યવસ્થાનો લાભ અત્યાર સુધી મેળવતાં નહોતા. યોજનાનો ઉદ્દેશ નાણાકીય સેવાઓની સુલભતા સુનિશ્ચિત કરવાનો છે. આ સેવાઓમાં બૅંક સેવિંગ્સ અને ડિપૉઝિટ, રેમિટન્સ, ક્રેડિટ ઇન્સ્યોરન્સ, પેન્શન અને વાજબી કિંમતે વીમો જેવી સેવા સામેલ છે. આ યોજના ગરીબોને ઝીરો બેલેન્સ બૅંક એકાઉન્ટ ખોલાવવાનું શક્ય બનાવે છે તેમજ તેમને ક્રેડિટ/ડેબિટ કાર્ડની સુવિધા આપે છે. દરેક ચીજવસ્તુ અગાઉ સાધનસંપન્ન લોકો માટે સુલભ હતી. આ ખરેખર મોટું પરિવર્તન છે. તે સરકારી લાભની સુવિધા આપે છે, જેમકે શિષ્યાવૃત્તિ, પેન્શન, લાભાર્થીઓને સબસિડીઓનું સીધું હસ્તાંતરણ. વચેટિયાઓમાંથી છુટકારા ઉપરાંત સંસ્થાના ભાગ બનવાની સામાજિક અસર વધારે લાભદાયક છે, જેનાથી લાભાર્થીઓ સામાજિક અને આર્થિક લાભ મેળવે છે.

આ સાધારણ પગલાં સુવિધા પ્રદાન કરે છે, જેના પર વધુ લક્ષિત યોજનાઓ લાભ આપી શકે છે. ચોક્કસ સમુદાયને લક્ષ્યાંક બનાવતી સામાજિક સુરક્ષા અને કલ્યાણકારક યોજનાઓ જે તે સમુદાય માટે લાભદાયક પુરવાર થાય છે, જેમકે લઘુમતિ સમુદાયો માટે બનાવવામાં આવેલી યોજનાઓથી તેમનો સામાજિક અને આર્થિક ઉદ્ધાર થાય છે. પણ આ યોજનાઓ વિસ્તૃત સામાજિક સુરક્ષા અને કલ્યાણકારક પગલાં પર આધારિત હોવી જોઈએ. તેમાંથી ઘણી

યોજનાઓમાં સામાજિક અવરોધો દૂર કરવા જોઈએ, જે અર્થતંત્રનાં વિકાસ માટે અવરોધરૂપ છે. લઘુમતી સમુદાયોને લક્ષ્યાંક બનાવતી સામાજિક સુરક્ષા યોજનાઓ શિક્ષણ, રોજગાર અને સશક્તિકરણ પર કેન્દ્રિત હોવી જોઈએ.

સરકારે ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં અનુક્રમે નઈ મંઝિલ અને ઉસ્તાદ (અપગ્રેડિંગ સ્કિલ્સ એન્ડ ટ્રેનિંગ ઈન ટ્રેડિશનલ આર્ટ્સ/ક્રાફ્ટ ફોર ડેવલપમેન્ટ) નામનાં બે નવા કાર્યક્રમોની જાહેરાત કરી હતી, જેનો ઉદ્દેશ લઘુમતી સમુદાયોને મુખ્ય પ્રવાહમાં લાવવાનો છે. નઈ મંઝિલનો શાળામાં અભ્યાસ અધૂરો છોડનાર બાળકોને પુનઃશિક્ષણ આપવાનો અને તેમની અંદર કુશળતાઓ વિકસાવવાનો ઉદ્દેશ છે, ત્યારે ઉસ્તાદનો ઉદ્દેશ લઘુમતી સમુદાયો સાથે સંબંધિત પરંપરાગત કારીગરોની ક્ષમતા વિકસાવી પરંપરાગત કળાનું સંરક્ષણ કરવાનો છે. યુનિયન બજેટ ૨૦૧૬-૧૭માં નઈ મંઝિલ માટે રૂ. ૧૭૫ કરોડ અને ઉસ્તાદ માટે રૂ. ૨૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ બંને કાર્યક્રમો ચાર મૂળભૂત મુદ્દા પર કેન્દ્રિત છે – શિક્ષણ, કૌશલ્યવિકાસ અને આજીવિકા.

સરકાર તેની સિદ્ધિઓમાં લઘુમતી સમુદાયનાં મંત્રાલય દ્વારા શિષ્યવૃત્તિમાં વધારો ગણાવે છે. સરકારે ૧,૮,૨૦૦,૦૦૦ વિદ્યાર્થીઓને રૂ. ૪૭૪૦ કરોડની શિષ્યવૃત્તિ ફાળવી છે. વળી, બેગમ હઝરત મહલ શિષ્યવૃત્તિ યોજના હેઠળ ૧,૫૮,૪૨૬ કન્યા વિદ્યાર્થીઓને રૂ. ૧૬૬ કરોડની શિષ્યવૃત્તિ ફાળવી છે. વિવિધ રોજગારલક્ષી કૌશલ્ય તાલીમ હેઠળ આવરી લેવાયેલા ૫,૨૦,૦૦૦ યુવાનોમાં આશરે ૪૦ ટકા મહિલાઓ છે. છેલ્લાં છ વર્ષમાં સરકારે ૩૩ ડિગ્રી કૉલેજની સ્થાપના કરી છે, ૨૨૩ બહુહેતુક સદભાવમંડપ અને ૧૮ ગુરુકુળ પ્રકારની શાળાઓની સ્થાપના કરી છે.

અન્ય કેટલીક યોજનાઓનો વિચાર કરીએ. સરકારે શિક્ષણ માટે અભિયાન તહરીક-એ-તાલીમ શરૂ કર્યું છે. સમગ્ર દેશમાં કુશળ કારીગરોને બજાર પ્રદાન કરવા હુન્નરહાટનું આયોજન કર્યું છે. તમામ રાજ્યોમાં હુન્નર હબની સ્થાપના કરી છે. ઉસ્તાદ સમ્માન સમાગમનું આયોજન કર્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરની પાંચ શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપિત કરી છે. લઘુમતીની બહુમતી ધરાવતા વિસ્તારોમાં ૧૦૦ ગુરુકુળ-નવોદય પ્રકારની શાળાઓ શરૂ કરી છે, જે સામાજિક સુરક્ષાના લક્ષિત પ્રયાસોનો ભાગ છે.

આ તમામ યોજનાઓ શિક્ષણ અને રોજગારી મેળવનાર લોકોની સ્થિતિ સુધારવા પર કેન્દ્રિત છે. એ સારી અને નક્કર શરૂઆત છે. સરકારે નઈ રોશની જેવી યોજનાઓ મારફતે મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જે મહિલાઓ માટે લીડરશિપ પર કેન્દ્રિત છે અને આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. મહિલાઓનું સશક્તિકરણ સામાજિક કલ્યાણ માટે મહત્ત્વપૂર્ણ છે. અન્ય મુખ્ય પાસું યુવાપેઢી સાથે સંબંધિત છે અને સરકારે યુવાનોની ઉદ્યોગસાહસિકતાનું કૌશલ્ય વધારવા માનસ જેવી યોજનાઓ શરૂ કરી છે.

છતાં સ્પષ્ટ છે કે સરકારે વધારે કામગીરી કરવી પડશે. સરકાર માટે સૌથી મહત્ત્વપૂર્ણ કામગીરી છે – શિક્ષણનો પ્રસાર કરવો અને તેની ગુણવત્તા સુધારવી. સરકારે શૈક્ષણિક તકો વધારવા ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. શિક્ષણ રામબાણ ઉપાય છે, જે વ્યક્તિનું જીવન બદલી શકે છે તથા સામાજિક અને આર્થિક વિકાસ માટે તકો ખોલી શકે છે. વંચિત અને ગરીબ સમુદાયોનાં બાળકો સુધી પહોંચવા વિશેષ પ્રયાસો કરવાની જરૂર છે તથા વંચિત સમુદાય સુધી સરકારી શિક્ષણ પહોંચાડવાની જરૂર છે. સરકારે આ સમુદાયોમાં શાળાઓ અને શિક્ષકોમાં વધારે રોકાણ કરવું પડશે. સરકારે આ શાળાઓમાં શૌચાલયો અને પેયજલ જેવી મૂળભૂત સુવિધાઓથી લઈને પુસ્તકાલયો જેવી સુવિધાઓ ઊભી કરવી પડશે. સરકારે આ સમુદાયોનાં બાળકો માટે શિષ્યવૃત્તિ વધારવી પડશે, જેથી વધુ ને વધુ બાળકો ઉચ્ચ અભ્યાસ કરી શકે. શિક્ષણમાં રોકાણ અને ભવિષ્ય માટે તકો સામાજિક સુરક્ષા માટે અતિ મહત્ત્વપૂર્ણ રોકાણ છે, જે કોઈ પણ સરકાર કરી શકે છે.

**લેખિકા ઈકોનોમિક ટાઈમ્સમાં આસિસ્ટન્ટ એડિટર છે. તેઓ શિક્ષણ, પર્યાવરણ, સ્વાસ્થ્ય, આબોહવામાં ફેરફાર અને ઊર્જા પર કેન્દ્રિત વિકાસલક્ષી અને સામાજિક ક્ષેત્ર સાથે સંબંધિત મુદ્દાઓ પર લખે છે.**

ઈ-મેલ : **urmi.goswami@gmail.com**

# કૉર્પોરેટ સામાજિક જવાબદારી – સમાજના નબળા વર્ગો સામાજિક – આર્થિક સશક્તિકરણમાં અગ્રેસર

જતીન્દર સિંગ




*કૉર્પોરેટ કેટલાક સીએસઆર ભંડોળને સીએસઆર કાર્યક્રમોના સંશોધન અને વિકાસમાં પરિવર્તિત કરી શકે છે. સામાજિક ક્ષેત્રની મૂળભૂત સમસ્યાઓ માપણીની સમસ્યા છે. કાયમી અસર ઊભી કરવા માટે જાહેર ક્ષેત્રને આ ઉમદા મોડલ પણ ઉપલબ્ધ કરાવી શકાય. આ ક્ષેત્રમાં 'કૉર્પોરેટ સામાજિક શોધખોળે' 'કૉર્પોરેટ સામાજિક વિકાસ' સાથે હાથ મિલાવીને આગળ વધવાની જરૂર છે. નવીન મૉડલ દ્વારા સર્જાતા મૂલ્ય ઊંડાણપૂર્વક સામાજિક અસરો પેદા કરશે જે સમાજના નબળા વર્ગના લોકોને મુખ્ય પ્રવાહમાં લાવશે. કૉર્પોરેટ સંપત્તિનું સર્જન કરશે જે સીએસઆર બજેટમાં પરિવર્તિત થશે. આ માટે વિશાળ સ્રોતોના એકત્રિકીકરણ અને વ્યાજબી અને નવીન સીએસઆર પ્રોજેક્ટની રચના માટે કૉર્પોરેટ ક્ષેત્રની સંસ્થાકીય ક્ષમતાની જરૂર છે. તમામ લોકો ફળદાયી, તંદુરસ્ત અને સર્જનાત્મક જીવનનો આનંદ માણી શકે, તે માટે વાતાવરણ સર્જવા માટે લાંબાગાળાનો સામૂહિક વિકાસ કાર્યક્રમ રચવાની જરૂર છે. રાષ્ટ્રની વિકાસગાથામાં સામૂહિક ભાગીદારીના સંદર્ભમાં વિકાસની વિચારણા કરવાની જરૂર છે. લઘુમતીઓ, દલિત, આદિવાસી, મહિલાઓ અને અસંગઠિત કામદારો જેવા સીમાંત વર્ગો માટે વ્યૂહાત્મક સીએસઆર કાર્યક્રમો તેમના સામાજિક વિકાસમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી શકે છે.*

કૉર્પોરેટ સામાજિક જવાબદારી (સીએસઆર) સંસ્થાઓને લોકો, પૃથ્વી અને નફા ઉપર સર્જાતી અસર માટે જવાબદારી ધારણ કરીને સમાજના વિવિધ સમુદાયોના હિતોનું રક્ષણ કરવા પ્રોત્સાહન પૂરું પાડે છે. સીએસઆરની વૈધાનિક પ્રકારની જોગવાઈઓનું અમલીકરણ કરીને ભારત સમગ્ર વિશ્વમાં આ પ્રકારનો સર્વપ્રથમ દેશ બની ગયો છે. વર્ષ ૨૦૦૯માં કૉર્પોરેટ બાબતોના મંત્રાલયે સ્વૈચ્છિક માર્ગદર્શિકા પ્રકાશિત કરી હતી. કંપનીધારો, ૨૦૧૩ના કાયદામાં આ માર્ગદર્શિકાઓને આવરી લેવામાં આવી છે. સીએસઆરના વ્યાપ હેઠળ આવતી કંપનીઓનો સમાવેશ કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૩૫ની પેટાકલમ ૧ અંતર્ગત કરવામાં આવ્યો છે. નીચે દર્શાવેલી કંપનીઓની શ્રેણીઓએ સીએસઆરની જોગવાઈઓનું ફરજિયાત પાલન કરવું પડે છે :

(૧) રૂ. ૫૦૦ કરોડ અથવા તેથી વધુ નેટવર્ક ધરાવતી કંપનીઓ, અથવા

(૨) રૂ. ૧૦૦૦ કરોડ અથવા તેથી વધુ ટર્નઓવર ધરાવતી કંપનીઓ, અથવા

(૩) રૂ. ૫ કરોડ અથવા તેથી વધુ ચોખ્ખો નફો ધરાવતી કંપનીઓ.

એક અંદાજ અનુસાર આ કાયદા દ્વારા આશરે ૮,૦૦૦ કંપનીઓ સીએસઆરના કાયદા અંતર્ગત કરાયેલી જોગવાઈઓ હેઠળ આવી છે. આ કાયદો સૂચવે છે કે કંપનીઓએ છેલ્લા ત્રણ વર્ષમાં તેમના સરેરાશ નફાની ઓછામાં ઓછા ૨ ટકા રકમ સીએસઆર પ્રવૃત્તિઓ પાછળ ખર્ચવી પડશે. તેના પરિણામે વાર્ષિક રૂ.૧૦,૦૦૦ – ૧૨,૦૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. તાજેતરના સમયમાં વધી રહેલા જીડીપી દર અને તેના પરિણામે કંપનીઓના નફામાં થયેલા વધારાના કારણે આ ફરજિયાત ખર્ચ પ્રતિવર્ષ વધતો રહેશે. કલમ ૧૩૫ અનુસાર, કંપની એક સ્વતંત્ર ડિરેક્ટર સાથે વધુ ત્રણ ડિરેક્ટરનો સમાવેશ કરતી સીએસઆર સમિતિના મંડળની રચના કરશે. આ સમિતિ અનુસુચિ ૭માં દર્શાવ્યાં અનુસાર સીએસઆર પ્રવૃત્તિઓ સહિત નીતિઓનું ગઠન કરશે. આ કંપનીઓ તેમના પોતાના ફાઉન્ડેશન અને ટ્રસ્ટ દ્વારા અથવા એનજીઓ સાથે જોડાણ સાધીને અથવા અન્ય કંપની સાથે તેમના સીએસઆર ભંડોળનું એકત્રિકીકરણ કરીને સીએસઆર માટેની પ્રવૃત્તિઓ હાથ ધરી શકે છે. આ પૉલિસી માત્ર તેનું પાલન જ નહીં. પરંતુ સમાજના નબળા વર્ગોનું જીવન સુધારવા માટે હાથ ધરાતી યોજનાઓને મદદ પ્રત્યે કટિબદ્ધતાને પણ સ્વીકૃતિ આપે છે.

## સીએસઆર – સશક્તિકરણ માટે અગ્રદૂત

સમાજના નબળા વર્ગોના લોકોનું સશક્તિકરણ તેમની ક્ષમતાઓના વિકાસ અને નિર્માણ તથા તેમના જીવનધોરણની ગુણવત્તામાં સુધારો કરીને તેમની સામાજિક

– આર્થિક સ્થિતિમાં થયેલો સુધારો છે. આ સરકારની મહત્ત્વપૂર્ણ જવાબદારી છે, પરંતુ કૉર્પોરેટ ક્ષેત્ર દ્વારા હાથ ધરાયેલી યોજનાઓ અન્ય અનુસરે તે માટે વ્યાપ, ઝડપ અને શ્રેષ્ઠ પ્રણાલીઓના નિર્માણની જરૂર છે. વ્યવસાયો ચોક્કસ સમુદાયોની આસપાસ કેન્દ્રિત થાય છે, જ્યાં તે વસેલા હોય છે. તેના કારણે તેમના માટે આ મુદ્દાઓ, સમસ્યાઓની વિગતવાર સમજણ મેળવવી આસાન બને છે અને સીએસઆર કાર્યક્રમો દ્વારા તેઓ નબળા વર્ગોને નવી તકો પૂરી પાડી શકે છે. ભૂતકાળમાં ભારતે મર્યાદિત પ્રમાણમાં વિકાસનો અનુભવ કર્યો છે. વિકાસની મુખ્ય ધારામાંથી બાકાત રહેવાના કારણે સમાજના નબળા વર્ગોના લોકોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સમય અને પ્રયત્નની જરૂર પડશે. ખાનગી અને જાહેરક્ષેત્રના વિકાસ મોડલનું એક બીજા સાથે જોડાણ સર્જીને જ – સૌનો સાથ, સૌનો વિકાસનો વિકાસમંત્ર સાકાર કરી શકાય છે. વધી રહેલી માંગણીઓને પરિપૂર્ણ કરવા લોકોના કલ્યાણ માટે રાજ્યોનું ભંડોળ અપૂરતું છે. સમાજના છેવાડાના લોકોના સશક્તિકરણ માટે વિવિધ યોજનાઓના અમલીકરણ દ્વારા સરકાર તેમના નાણાકીય સ્રોતોનો ઉપયોગ કરી રહી છે, પરંતુ તેના દ્વારા તે ટૂંકા સમયમાં લોક કલ્યાણના સમગ્ર આયામને પહોંચી વળવા સક્ષમ નથી. કચડાયેલા વર્ગોના વિકાસનો લક્ષ્યાંક પૂર્ણ કરવા માટે ખાનગી ક્ષેત્ર સાથે ભાગીદારી આવશ્યક છે. જરૂરિયાતમંદોના વિકાસ માટે શિક્ષણનો રોજગારી સાથે સમન્વય અથવા આરોગ્ય જેવાં ક્ષેત્રો માટે ખૂબ જ મોટા પાયા ઉપર નાણાકીય સ્રોતોની જરૂરિયાત ઊભી થાય છે.

સંયુક્ત રાષ્ટ્રોના વિકાસ કાર્યક્રમ દ્વારા પ્રકાશિત કરાયેલા માનવવિકાસ અહેવાલ અનુસાર સમગ્ર વિશ્વના ૧૮૮ દેશોમાં ભારતનો ક્રમ ૧૩૧મો છે. માનવવિકાસ સૂચકાંક દેશની મૂળભૂત માનવ વિકાસ ક્ષેત્રે પ્રાપ્ત થયેલી ઉપલબ્ધિઓનું સરેરાશ માપ છે. તે માત્ર નાણાકીય કુશળતા જ નથી. જે આ વધારે સારા આંકડાઓ માટે જરૂરી છે, પરંતુ બહુવિધ હિતધારકો દ્વારા આપવામાં આવેલા પ્રદાન આવરી લેતો સર્વગ્રાહી અભિગમ છે.

સીએસઆર કાર્યક્રમો દ્વારા સરકાર સંચાલિત કાર્યક્રમો જેવા કે મેકઇન ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા, સ્કિલઇન્ડિયા અને ડિજિટલ ઇન્ડિયાને પ્રોત્સાહન પૂરું પાડી શકાય છે. આ કાર્યક્રમો સમાજના છેવાડાના લોકોના સશક્તિકરણમાં જબરજસ્ત અસર ઊભી કરે છે. આ દરમિયાનગીરી તેમને વધારે શિક્ષિત અને કૌશલ્યવાન બનાવે છે અને નોકરીની વ્યાપક તકોનું સર્જન કરે છે.

### સીએસઆર દ્વારા કોર્પોરેટ ક્ષેત્રની ભૂમિકા

સીએસઆર પ્રવૃત્તિઓના એકીકરણનો પુરવઠા સાંકળ પ્રક્રિયાઓમાં સમાવેશ કરીને અનેક કંપનીઓ સામુદાયિક રોજગારીનું સર્જન કરી રહી છે. નવા યુગના સીએસઆરના પાયાઓ ગોઠવાઈ ગયા છે. સીએસઆર વ્યવસ્થા ઝડપથી આગળ વધી રહી છે કારણ કે ૨૦૧૫માં સંયુક્ત રાષ્ટ્રો દ્વારા સ્વીકારાયેલા ૧૭ સ્થિર વિકાસ, લક્ષ્યાંકો (એસડીજીએસ) સીએસઆર પ્રવૃત્તિઓ દ્વારા કામગીરી કરવા માટે કૉર્પોરેટ ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ વિસ્તાર બની રહ્યાં છે. સૌથી કાર્યક્ષમ સીએસઆર પ્રવૃત્તિ તે છે કે જ્યારે કંપની કાયદાનું પાલન કરે છે ત્યારે તે રોકાણ સમાજના નબળા વર્ગોને સશક્ત બનાવે છે. ભારતના સંદર્ભમાં ભૂતકાળમાં સાક્ષરતા સખાવતી કાર્યક્રમોમાં ચાવીરૂપ પરિબળ હતું. આ નવા યુગમાં કૌશલ્યવિકાસ અને રોજગારીનું સર્જન ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. શિક્ષણ હવે માત્ર લખવા અને વાંચવાની ક્ષમતાથી આગળ વધી ગયું છે, હવે કૌશલ્યને સૌથી મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. સમાજના છેવાડાના લોકોને કુશળ બનાવવા પાછળ કરેલું વ્યૂહાત્મક રોકાણ વ્યવસાયની આધારરેખાને સીધી અસર પહોંચાડી શકે છે.

વિશ્વ આર્થિક મંચના ગ્લોબલ રિસ્ક પર્સેપ્શન સર્વે, ૨૦૧૬ અનુસાર એક બીજા સાથે આંતરિક રીતે જોડાયેલાં બે સૌથી મોટા જોખમો – તમામ આંતરજોડાણોના ૫ ટકા લોકોની ગંભીર સામાજિક અસ્થિરતા અને માળખાકીય નિરક્ષરતા અથવા બિન-રોજગારી છે. આંતરજોડાણોની જાણકારી આકસ્મિક બાબતો માટે આગેવાનોને કાર્ય અને આયોજન માટેનાં ક્ષેત્રોની પ્રાથમિકતા આપવામાં મદદ કરે છે. ભારતીય ઉદ્યોગ આગેવાનો આ પ્રકારના જોખમોથી વાકેફ છે અને તેમાંના ઘણા આગેવાનો આ વિસ્તારોમાં તેમની સીએસઆર પ્રવૃતિઓનું આયોજન કરી રહ્યા છે.

### સમાજના નબળા વર્ગો માટે સીએસઆર પ્રવૃતિઓ

**શારીરિક વિશિષ્ટતા ધરાવતી વ્યક્તિ માટે કુશળતા અને રોજગારીની તકોઃ** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે શારીરિક વિશિષ્ટતા ધરાવતી વ્યક્તિઓને કુદરત પાસેથી અસામાન્ય ગુણોની બક્ષિસ મળેલી હોય છે અને તેઓ માનવામાં આવે છે તેના કરતાં અનેક ગણી સક્ષમતા ધરાવતાં હોય છે. તેમના માટે નરેન્દ્ર મોદીએ 'દિવ્યાંગ' શબ્દપ્રયોગના ઉપયોગનું સૂચન કર્યું હતું. સમગ્ર વિશ્વમાં અપંગ વ્યક્તિઓની સૌથી વધુ વસ્તી ધરાવતાં દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. ૨૦૧૧ની વસ્તીગણતરી અનુસાર અપંગતા ધરાવતા લોકોની સંખ્યા ૨.૨૧ ટકા છે અને તેમાંના મોટા ભાગના લોકો ગામડાંઓમાં વસે છે. માળખાકીય સેવાઓ, શિક્ષણ અને કૌશલ્યવિકાસની નબળી ઉપલબ્ધતાના કારણે અપંગતા ધરાવતા લોકોને સામાજિક – આર્થિક રીતે બાકાત રહેવાની સંભાવના વધુ પ્રમાણમાં રહેલી છે. અગાઉના સમયમાં અપંગતા ધરાવતી વ્યક્તિઓ માટેના કાર્યક્રમો માત્ર કામગીરી પૂરતા જ સીમિત હતા, પરંતુ દિવ્યાંગો માટે સીએસઆર કાર્યક્રમોના સમાવેશ સાથે કંપનીઓ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓના પડકારો તરફ સર્વગ્રાહી

અભિગમ દાખવીને જોતી થઈ છે. સાક્ષરતા અને કૌશલ્ય તાલીમ પુરા પાડવાના અને ઉપલબ્ધિ અને રોજગારી પ્રાપ્તિ માટે વિઘ્નો દૂર કરવાના કાર્યક્રમો શારીરિક વિશિષ્ટતા ધરાવતી વ્યક્તિઓ માટે વ્યૂહાત્મક સીએસઆર કાર્યક્રમ છે.

**સ્વસહાયજૂથો (એસએચજીએસ) અને લઘુ સાહસો:** સીએસઆર કાર્યક્રમો એસએચજીએસ અને લઘુ સાહસો દ્વારા સ્થળાંતર વગર રોજગારીની તકોનું સર્જન કરીને ગ્રામીણ વિસ્તારોમાં આજીવિકાનું સર્જન કરે છે. સીએસઆર કાર્યક્રમો પેદાશો અને સેવાઓ માટે બજારની ઉપલબ્ધિ અને સુક્ષ્મ ધિરાણની સુવિધા પૂરી પાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. ઇ-કૉમર્સ સાહસો ઉત્પાદકો અને કલાકારોને તેમની પેદાશના ઑનલાઇન વેચાણ દ્વારા બજાર સાથે જોડાણ પૂરું પાડી શકે છે. આ કામગીરી માર્ગદર્શન અને વિકાસ સહાયતા દ્વારા હાથ ધરી શકાય છે. એસએચજીએસ માટે કૌશલ્ય દરમિયાનગીરીમાં નવીન સીએસઆર મૉડલ તેમની કાર્યક્ષમતા અને પરિણામોમાં વધારો કરી શકે છે.

**વૃદ્ધ વસ્તી:** ભારતમાં યુવા વસ્તીની વૃદ્ધિ સાથે સાથે, વૃદ્ધોની સંખ્યામાં પણ એકધારો વધારો નોંધાઈ રહ્યો છે જે આજે ૧૦૦ મિલિયનની નજીક છે. વસ્તીમાં વૃદ્ધોની સંખ્યા પ્રતિ વર્ષ ૩.૮ ટકાના દરે વધી રહી છે, જે સમગ્ર વસ્તીનો લગભગ ૮ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૫૦ સુધીમાં વૃદ્ધોની સંખ્યા વધીને ૨૪૦ મિલિયન સુધી પહોંચી જશે. વસ્તીમાં વૃદ્ધોની વધારે પડતી સંખ્યાના કારણે સર્જાતા અવરોધો જાણીતા છે. બિનઉત્પાદકીય શારીરિક અવસ્થા અને માનસિક રોગિષ્ઠતા ઉપરાંત તેઓને કામગીરીની મર્યાદાઓ અને મર્યાદિત નાણાકીય સાધનોનો સામનો કરવો પડે છે. નબળી માળખાકીય સુવિધાઓ તેમની સમસ્યાઓમાં ઉમેરો કરે છે આ રીતે તેઓ આરોગ્યસંભાળ, સુખાકારી અને આવાસ જરૂરિયાતોના પડકારોનો સામનો થાય છે. નવા સીએસઆર સુધારાઓ 'ઘરડાઘરો, સંભાળકેન્દ્રો અને વરિષ્ઠ નાગરિકો માટે આવી અન્ય પ્રકારની સુવિધાઓ'નો વિકાસ સુચવે છે. અનુસૂચિ ૭માં સીએસઆર પ્રવૃત્તિઓનો સમાવેશ વૃદ્ધોની સંભાળ માટે સરકારના પ્રયત્નોને પૂરક બને છે.

**સ્લમ ડેવલપમેન્ટ:** શહેરી વિસ્તારોમાં ઝૂંપડપટ્ટીની સંખ્યામાં વધારા માટે આવાસ અને રોજગારી ચાવીરૂપ પરિબળો છે. ૨૦૧૧માં ભારતમાં ઝૂંપડપટ્ટીમાં વસતાં લોકોની સંખ્યા અંદાજે ૯૩ મિલિયન હોવાની સંભાવના છે. સીએસઆર પ્રવૃત્તિઓમાં સ્લમ ડેવલપમેન્ટનો વિકાસ શહેરોને ઝૂંપડપટ્ટી મુક્ત કરવાના સરકારી પ્રયત્નોને સહાયતા કરે છે. 'સ્માર્ટ સિટી'ના કાર્યક્રમોની શરૂઆત પહેલા આપણા દેશે ઝૂંપડપટ્ટીની સમસ્યા ઉકેલવાની જરૂર છે. સ્થિર આર્થિક વિકાસ માટે ઝૂંપડપટ્ટીમાં રહેતી વસ્તી માટે લાભદાયક રોજગારીની તકો સર્જવાની જરૂર છે. સ્લમ ડેવલપમેન્ટ માટે હેતુલક્ષી સીએસઆર કાર્યક્રમો ઉદ્યોગ અને શહેરી ગરીબ માટે પુષ્કળ પ્રમાણમાં સંલગ્ન લાભો ધરાવે છે.

**ઉપસંહાર**

વ્યાવસાયિક અને બૌદ્ધિક આગેવાનો તેમનાં સાહસોની ઉચ્ચ રેખા અને આધારરેખાઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા ઉપરાંત માનવ વિકાસ પડકારોને સામનો કરવામાં પણ સૌથી આગળ છે. કારણ કે તે સીધી રીતે તેમના વ્યવસાયને અસર કરે છે. કૉર્પોરેટે તેમના સીએસઆર લક્ષ્યાંકને તેમના સંસ્થાકીય લક્ષ્યાંકો સાથે સંકલિત કરવાની જરૂર છે કારણ કે રાષ્ટ્રવિકાસના એજન્ડામાં મુખ્ય ધારા બનવા માટે તેમના માટે આ ઊજળી તક છે. પ્રતિ વર્ષ અંદાજે ૧૦,૦૦૦ – ૧૨,૦૦૦ કરોડનું સીએસઆર બજેટ સામાજિક ક્ષેત્રના વિકાસ માટે ભારત સરકારે ફાળવેલા બજેટની સરખામણીમાં ખૂબ જ ઓછું છે. તેના માટે નવીન સીએસઆર કાર્યક્રમોને આર્થિક રીતે સુગમ, માપી શકાય તેવા અને ભૌગોલિક સંદર્ભમાં પ્રતિબિંબ રજૂ કરે તે રીતે ઘડવાની જરૂર છે. કોર્પોરેટ કેટલાક સીએસઆર ભંડોળને સીએસઆર કાર્યક્રમોના સંશોધન અને વિકાસમાં પરિવર્તિત કરી શકે છે. સામાજિક ક્ષેત્રની મૂળભૂત સમસ્યાઓ માપણીની સમસ્યા છે. કાયમી અસર ઊભી કરવા માટે જાહેર ક્ષેત્રને આ ઉમદા મોડલ પણ ઉપલબ્ધ કરાવી શકાય. આ ક્ષેત્રમાં 'કોર્પોરેટ સામાજિક શોધખોળે' 'કોર્પોરેટ સામાજિક વિકાસ' સાથે હાથ મિલાવીને આગળ વધવાની જરૂર છે. નવીન મૉડલ દ્વારા સર્જાતા મૂલ્ય ઊંડાણપૂર્વક સામાજિક અસરો પેદા કરશે જે સમાજના નબળા વર્ગના લોકોને મુખ્ય પ્રવાહમાં લાવશે. કૉર્પોરેટ સંપત્તિનું સર્જન કરશે જે સીએસઆર બજેટમાં પરિવર્તિત થશે. આ માટે વિશાળ સ્રોતોના એકત્રિકીકરણ અને વ્યાજબી અને નવીન સીએસઆર પ્રોજેક્ટની રચના માટે કૉર્પોરેટ ક્ષેત્રની સંસ્થાકીય ક્ષમતાની જરૂર છે. તમામ લોકો ફળદાયી, તંદુરસ્ત અને સર્જનાત્મક જીવનનો આનંદ માણી શકે, તે માટે વાતાવરણ સર્જવા માટે લાંબાગાળાનો સામૂહિક વિકાસ કાર્યક્રમ રચવાની જરૂર છે. રાષ્ટ્રની વિકાસગાથામાં સામૂહિક ભાગીદારીના સંદર્ભમાં વિકાસની વિચારણા કરવાની જરૂર છે. લઘુમતીઓ, દલિત, આદિવાસી, મહિલાઓ અને અસંગઠિત કામદારો જેવા સીમાંત વર્ગો માટે વ્યૂહાત્મક સીએસઆર કાર્યક્રમો તેમના સામાજિક વિકાસમાં નોંધપાત્ર ભૂમિકા ભજવી શકે છે.

**લેખક નવી દિલ્હી સ્થિતિ પીએચડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સીનિયર સેક્રેટરી અને એચઆર હેડ છે, જેઓ શિક્ષણ, કૌશલ્ય વિકાસ, સીએસઆર, નવીનતા અને સ્ટાર્ટઅપ્સમાં મૂલ્ય સર્જન અને વ્યૂહરચનામાં વિવિધ પહેલોમાં ૧૮ વર્ષનો અનુભવ ધરાવે છે. તેમણે બે પુસ્તકો લખ્યાં છે.**

**ઈ-મેલ : jatinder@phdcci.in**

# ભારતમાં છેવાડાના સમૂહો અને સામાજિક સુરક્ષા

ગૌરાંગ જાની




*ભારતના બંધારણની કલમ ૪૧ અન્વયે રાજ્યે તેની આર્થિક સધ્ધરતા અને આર્થિક વિકાસને ધ્યાનમાં રાખી બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી અને વિકલાંગતાના મુદ્દા કામના, શિક્ષણના અને જાહેરસહાયના અધિકાર માટે અસરકારક પગલાં ભરવા જોઈએ. બંધારણની કલમ ૪૨ પ્રમાણે રાજ્યે કામ કરવા સંદર્ભે ન્યાયી અને માનવીય સ્થિતિઓનું નિર્માણ થાય અને પ્રસૂતિ લાભો મળી રહે એવી જોગવાઈઓ કરવી. અર્થશાસ્ત્રી અમર્ત્યસેન અને જેન ડ્રેઝ સામાજિક સલામતી સંદર્ભે બે પાસાંઓ સ્પષ્ટ કરે છે (1) Protection અને (2) Promotion આરોગ્યના પ્રશ્નો, અકસ્માતના કારણે લોકોનાં જીવનધોરણોમાં થતી પડતીથી બચવાના ઉપાયો એ પ્રથમ (Protection) પાસું છે. જ્યારે Promotion લોકોના જીવનધોરણમાં સુધારો લાવવાના પ્રયાસોને વ્યક્ત કરે છે.*

માનવસમાજના ઈતિહાસમાં સદીઓથી માનવમાત્રની સુખાકારીનો મુદ્દો મહત્ત્વનો રહ્યો છે. સમાજવ્યવસ્થા રાજાશાહી આધારે હોય કે પછી લોકશાહી આધારિત હોય, નાગરિકની સલામતી કે સુરક્ષા વિશે ચિંતા અને ચિંતન થતાં રહ્યાં છે. કુદરતી આફતો કે પછી માનવસર્જિત સમસ્યાઓમાં અસરગ્રસ્ત લોકોને રાહત અને તેમનું પુનર્વસન માનવ સભ્યતાનું મહત્ત્વનું માપદંડ છે. ઓગણીસમી સદીના અંતે અને વીસમી સદીના "આરંભે દુકાળ અને પ્લેગની મહામારીમાં લાખો ભારતીયોનાં મૃત્યુ થયાં. ત્યારે સેવાભાવી સંસ્થાઓએ જનસામાન્યનાં જીવન બચાવવા અનેકવિધ" પ્રયાસો કર્યા. વીસમી સદીની પ્રથમ પચીસીમાં ગુજરાતમાં આવેલા પૂર પછી મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં સરદાર પટેલની આગેવાની હેઠળ લોકોના પુનર્વસનનું અભૂતપૂર્વ કામ થયું. આ ઉદાહરણો કુદરતી આફતોમાં નાગરિકોને મદદ પહોંચાડવાના ગૌરવવંતા ઈતિહાસને છતો કરે છે. પરંતુ આપણી સામાજિક વ્યવસ્થાના સ્વરૂપને કારણે ભિન્ન-ભિન્ન પ્રકારના લોકોની સલામતી અને તેઓનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. વળી, આર્થિક અસલામતી પણ વ્યક્તિઓનાં જીવનધોરણને નકારાત્મક રીતે અસર કરે છે. આ સંદર્ભમાં સામાજિક સલામતીના ખ્યાલને અને તેના મહત્ત્વને અત્રે સમજવાનો પ્રયત્ન કરીએ. બાળકો, મહિલાઓ, વૃદ્ધો અને એવા અન્ય સમૂહોને સલામતીનાં પગલાંઓની કેવી અનિવાર્યતા છે અને સમાજ કે દેશ એ અંગે શું કરે છે, તેનો પણ ખ્યાલ મેળવીએ.

ભારતના બંધારણની કલમ ૪૧ અન્વયે રાજ્યે તેની આર્થિક સધ્ધરતા અને આર્થિક વિકાસને ધ્યાનમાં રાખી બેકારી, વૃદ્ધાવસ્થા, માંદગી અને વિકલાંગતાના મુદ્દા કામના, શિક્ષણના અને જાહેરસહાયના અધિકાર માટે અસરકારક પગલાં ભરવા જોઈએ. બંધારણની કલમ ૪૨ પ્રમાણે રાજ્યે કામ કરવા સંદર્ભે ન્યાયી અને માનવીય સ્થિતિઓનું નિર્માણ થાય અને પ્રસૂતિ લાભો મળી રહે એવી જોગવાઈઓ કરવી. અર્થશાસ્ત્રી અમર્ત્યસેન અને જેન ડ્રેઝ સામાજિક સલામતી સંદર્ભે બે પાસાંઓ સ્પષ્ટ કરે છે (1) Protection અને (2) Promotion આરોગ્યના પ્રશ્નો, અકસ્માતના કારણે લોકોનાં જીવનધોરણોમાં થતી પડતીથી બચવાના ઉપાયો એ પ્રથમ (Protection) પાસું છે. જ્યારે Promotion લોકોના જીવનધોરણમાં સુધારો લાવવાના પ્રયાસોને વ્યક્ત કરે છે.

વર્ષ ૨૦૧૧માં એ સમયના આયોજનપંચે તેન્ડુલકર કમિટીના અહેવાલને આધારે સ્પષ્ટ કહ્યું કે ભારતની વસ્તીના ૩૦ ટકા ગરીબાઈ રેખાની નીચે જીવે છે. આપણે ત્યાં એ હંમેશાં ચર્ચાનો વિષય રહ્યો છે કે ગરીબાઇને કેવા માપદંડથી માપવી. આ સંદર્ભે

એ પ્રશ્ન ઉપસ્થિત થયો કે શહેરી વિસ્તારોમાં પ્રતિદિન ૩૫ રૂપિયામાં અને ગ્રામીણ વિસ્તારોમાં ૨૬ રૂપિયામાં કેવી રીતે ગુજરાન ચલાવી શકાય. આટલી નિમ્ન આવક હોય તો માંદગી, વૃદ્ધાવસ્થામાં તેઓ કેવી રીતે ટકી શકે અને ગરીબાઈનો સામનો કરી શકે. ઐતિહાસિક રીતે જોઈએ તો ભારતમાં સરકાર દ્વારા ગરીબો માટેની પેન્શન યોજના વર્ષ ૧૯૯૫માં શરૂ થઈ. 'ઇન્દિરા ગાંધી વૃદ્ધાવસ્થા પેન્શન યોજના' અને 'વિધવા પેન્શન યોજના' હેઠળ અનુક્રમે પ્રતિ માસ રૂ.૨૦૦ અને રૂ.૩૦૦ આપવાનું શરૂ થયું હતું. એ સમયે હિમાચલપ્રદેશ, રાજસ્થાન અને બિહારે આ યોજના હેઠળ રૂ.૪૦૦ અને ૩૦૦ તેમજ તમિલનાડુએ પ્રતિ માસ રૂ.૧૦૦૦ આપવાનું શરૂ કર્યું હતું. આમ ભારતમાં સામાજિક સલામતી સંદર્ભે કેન્દ્ર સરકાર અને રાજ્યોના દૃષ્ટિકોણ અને અમલમાં તફાવત જોવા મળે છે.

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલૉજી, દિલ્હીના ઉપક્રમે પેન્શન યોજનાના અમલીકરણ વિશે એક સર્વે વર્ષ ૨૦૧૩માં કરવામાં આવ્યો હતો. Public Evaluation of Entitlement Programme (PEEP) સર્વેમાં દેશના ૧૦ રાજ્યોમાં ગ્રામીણ વિસ્તારના ૯૦૦ ઉત્તરદાતાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ૯૭ ટકા ઉત્તરદાતાઓ એ પેન્શનપ્રાપ્તિ થાય છે, એવો પ્રતિભાવ દર્શાવ્યો હતો. જોકે ૭૬ ટકાએ એવું પણ દર્શાવ્યું કે બૅંક અને પોસ્ટ ઑફિસ ખાતામાં એક મહિનાના વિલંબ બાદ તેઓનાં નાણાં જમા થાય છે. વર્તમાન એન.ડી.એ. સરકારે પ્રધાનમંત્રી જનધનયોજના (PMJDY)નો પ્રારંભ કર્યો જેને દેશભરમાંથી હકારાત્મક પ્રતિભાવ મળ્યો. ત્યાર બાદ ૯, મે ૨૦૧૫ના રોજ ત્રણ નવી પેન્શન યોજના અમલમાં મુકાઈ. (૧) પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમાયોજના. (૨) પ્રધાનમંત્રી સુરક્ષા વીમાયોજના અને (૩) અટલ પેન્શન યોજના.

આપણે ભારતવાસીઓ સદીઓથી વસુધૈવ કુટુંબકમ્‌ના મૂલ્યનું રટણ કરીએ છીએ, પરંતુ આપણા પરિવારના સભ્યો તરફ અનેકવાર દુર્લક્ષ સેવીએ છીએ. તેમાં ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધો, અસમાન જાતિપ્રમાણની સામાજિક કટોકટી આપણા સૌ માટે શરમની વાત છે. માતાના ગર્ભમાં જ દીકરી સલામત ના હોય એ તો કેવી કુટુંબવ્યવસ્થા અને કેવી સભ્યતા! ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગુજરાતમાં બાળ જાતિપ્રમાણ (૦-૬ વર્ષ) પ્રતિ હજાર છોકરાઓએ ૮૯૦ છોકરીઓ જેટલું નોંધાયું એ ચિંતાનો વિષય છે. PNDT કાનૂન દ્વારા ગર્ભ પરીક્ષણ અને ભ્રૂણહત્યા કરનારાઓને દંડવામાં આવે છે. સવાલ એ છે કે શું માત્ર કાનૂનથી બાળકીઓ બચશે કે પછી મહિલાઓ તરફના પ્રગતિશીલ દૃષ્ટિકોણથી તેઓની સુરક્ષા થશે! બાળકીઓને દૂધપીતી કરવાથી માંડીને ભ્રૂણહત્યા સુધીનો ઇતિહાસ મહિલાઓની અસલામતીનો ઇતિહાસ છે.

ગરીબ પરિવારોમાં બાળકોના સ્વાસ્થ્યનો પ્રશ્ન દિનપ્રતિદિન ગંભીર બની રહ્યો છે. સમગ્ર દેશની જેમ ગુજરાતમાં પણ આ સમસ્યા ગંભીર છે. ગુજરાત સરકારના સામાજિક-આર્થિક સમીક્ષા અહેવાલ (૨૦૧૪-૨૦૧૫) પ્રમાણે રાજ્યમાં ૧.૯૭ લાખ કુપોષિત બાળકો હતાં. બનાસકાંઠા, પાટણ, નવસારી, જૂનાગઢ અને ખેડા જિલ્લાઓના ૪૬ તાલુકાઓમાં અતિકુપોષિત બાળકો નોંધાયા. કમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલ (CAG)ના ઑક્ટોબર ૨૦૧૩ના અહેવાલ પ્રમાણે રાજ્યમાં અતિ કુપોષિત બાળકોનું પ્રમાણ ૪.૫૬ ટકા હતું જે રાષ્ટ્રીય પ્રમાણ (૩.૩૩ ટકા) થી વિશેષ હતું.

ભારતમા ઘરની મુખ્ય વ્યક્તિનું નામ આવે ત્યારે પુરૂષો ઘરના વડા હોય એવું સ્થાપિત થઈ ગયું છે. પરંતુ દેશના કુલ પરિવારોના લગભગ ૧૨ ટકા પરિવારો છે જેનું વડપણ મહિલાઓના હાથમાં છે. જોકે દેશમાં એવી પણ બહેનો છે. જેઓ એકલી જ રહે છે અથવા તેઓને એકલાં રહેવાની ફરજ પડી છે. તેઓની સામાજિક-આર્થિક સ્થિતિ, સમસ્યાઓથી ગ્રસ્ત હોય છે. ગુજરાતમાં એકલનારી શક્તિમંચ સંસ્થા દ્વારા 'લૅન્ડ, લાવલીહૂડ ઍન્ડ હાઉસિંગ' નામનો એક અભ્યાસ કરવામાં આવ્યો. આ અભ્યાસ હેઠળ આવરી લેવાયેલી ૧૯૪૯ એકલ નારીમાં ૧૭૧૪ વિધવા, પતિથી અલગ રહેતી ૭૦ બહેનો, છૂટાછેડા લીધેલી ૯૨, ૬૯ અપરિણીત અને પાંચ મહિલાઓ એચ.આઇ.વી.ગ્રસ્ત હતી. વિધવાઓને પેન્શન આપવામાં આવે છે, એ સૌ જાણે છે. પરંતુ તાજેતરમાં તેલંગાણા સરકારે ૧૮ વર્ષથી ઉપરની તમામ એકલ નારીને પ્રતિમાસ રૂ.૧૦૦૦ પેન્શન આપવાનું નક્કી કર્યું છે.

ભારતમાં સ્ત્રીઓ પરના અનેકવિધ અત્યાચારોમાં ઍસિડ ફેંકીને સ્ત્રીઓના ચહેરાને બદસૂરત બનાવવાનું કૃત્ય જંગલિયતનું ઉદાહરણ છે. આ સંદર્ભે મહિલાઓની સુરક્ષાનો સવાલ ઉપસ્થિત થાય છે. આ પ્રકારની હિંસાના કિસ્સાઓ વધતા જાય છે. ૨૫ જુલાઈ, ૨૦૧૪ના રોજ દેશની સર્વોચ્ચ અદાલતે ઍસિડ ઍટેકના વધતા કિસ્સાઓની ગંભીર નોંધ લઈ દેશની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને પૂછ્યું કે આ બાબતે શું સ્થિતિ પ્રવર્તે છે. ઍસિડ ઍટેકનો ભોગ બનેલી પીડિતાઓના પુનર્વસનનું કામ કેમ મંથરગતિએ ચાલી રહ્યું છે, એવા સવાલો પણ અદાલતે ઉઠાવ્યા. બિહાર સ્થિત સ્વૈચ્છિક સંસ્થા 'પરિવર્તન કેન્દ્ર' દ્વારા સર્વોચ્ચ અદાલતમાં અરજી કરવામાં આવી હતી. ઍસિડ ઍટેકથી પીડિત મહિલાઓ માટે કામ કરતી લક્ષ્મી પોતે પણ ઍસિડ ફેંકવાના કારણે

પીડા સહન કરી રહી છે. તેણે વર્ષ ૨૦૧૩માં સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી. વર્ષ ૨૦૧૩માં દેશના જાણીતા અંગ્રેજી અખબારે 'હિંદુસ્તાન ટાઈમ્સે' આ સમસ્યા અંગે જાગૃતિ અભિયાન શરૂ કર્યું હતું.

દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિક્લાંગ વ્યક્તિઓ માટે 'દિવ્યાંગ નામાભિધાન' કર્યું છે. વર્તમાન સરકારે દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, ૨૦૧૬; ૧૯, એપ્રિલ, ૨૦૧૭થી અમલમાં મૂક્યો. આ અધિનિયમ હેઠળ વિકલાંગતાઓના પ્રકારોની સંખ્યા ૭થી વધારીને ૨૧ કરવામાં આવી છે. તેમાં કુષ્ઠ રોગમુક્ત વ્યક્તિ, સ્વલીનતા સ્પેક્ટ્રમ વિકાસ, વિનિર્દિષ્ટવિદ્યા દિવ્યાંગતા, અભિવાક્ અને ભાષા દિવ્યાંગતા, ચિરકાલીન તંત્રિતા સ્થિતિઓ, શ્રવ્યક્ષીણતા (બહેરાપણું અને સાંભળવામાં તકલીફ), બધિર નેત્રહીનતા સહિત દિવ્યાંગતા બહુ સ્કેલેસેસિસ સિકલ કોશિકા રોગ, પાર્કિન્સસ રોગ, બૌદ્ધિક દિવ્યાંગતા, માંસપેશીનો નબળો વિકાસ, ઍસિડ હુમલાનો શિકાર, ગતિવિષયક દિવ્યાંગતા, નેત્રહીનતા, ઠીંગણાપણું, નિમ્ન દૃષ્ટિ, થેલેસિમિયા, હીમોફિલિયા, માનસિક આરોગ્ય અને સરેબલ પાલ્સીનો સમાવેશ થાય છે.

૨૦૧૭થી અમલમાં આવેલા આ અધિનિયમને કારણે વિકલાંગ વ્યક્તિઓને સરકારી નોકરીઓમાં આરક્ષણ ૩ ટકાથી વધી ૪ ટકા મળશે. આ ઉપરાંત અન્ય મહત્ત્વની જોગવાઈઓ કરવામાં આવી છે. અહીં સવાલ એ છે કે કાનૂન અને સરકારી યોજનાઓ દ્વારા વિકલાંગ વ્યક્તિઓને રાજ્ય મદદ કરે છે. પરંતુ સમાજનો દૃષ્ટિકોણ વિશેષ બદલાયો નથી. ખાસ કરીને માનસિક વિકલાંગ બાળકો અને મોટેરાઓ આજે હાંસિયામાં ધકેલાઈ ગયા છે. તેઓ ક્યાં તો હાંસીપાત્ર બને છે અને તેઓ તરફ અમાનવીય દૃષ્ટિકોણ રાખવામાં આવે છે. શહેરી સ્લમ વિસ્તારોમાં અને ગ્રામીણ વિસ્તારોમાં આવાં બાળકોના તંદુરસ્ત ઉછેરના અનેક પ્રશ્નો ઊભા થાય છે. તેઓ વિશેની વૈજ્ઞાનિક માહિતીનો અભાવ હોવાને કારણે તેઓને હડધૂત કરવામાં આવે છે. માનસિક વિકલાંગ બાળકો માટેની શાળાઓની અછત છે. વળી મુખ્ય ધારાની શાળાઓમાં 'ઇન્ટિગ્રેટેડ અભિગમ' ભાગ્યે જ જોવા મળે છે. પરિણામે વિક્લાંગ અને બિનવિકલાંગ બાળકો સાથે ભણે એવું ભાગ્યે બને છે. વળી માનસિક વિકલાંગ છોકરાઓ અને છોકરીઓનું શારીરિક શોષણ થવાના બનાવો અવારનવાર બને છે. પરિવાર, પડોશ અને જાહેરસ્થળોએ તેઓની સલામતી સામે અનેક ભયસ્થાનો છે. શાળાઓનાં પાઠ્યપુસ્તકોમાં પણ આવાં બાળકો અને વ્યક્તિઓ વિશે સમજ આપતાં પાઠ આપણે સામેલ કરી શક્યા નથી.

વર્ષ ૨૦૦૯ના શિક્ષણના અધિકારમાં એચ.આઇ.વી.ગ્રસ્ત બાળકોને શાળામાં પ્રવેશ મળે અને તેઓનું ભણવાનું સલાતમ બને એ માટેની જોગવાઈ છે. તેને કારણે હવે એ શક્ય બન્યું છે કે આવાં બાળકો અન્ય સાથે સમાનતાના ધોરણે શાળા અભ્યાસ કરી શકે. જોકે દેશભરમાંથી એવા દાખલાઓ મળે છે. જ્યાં આ બાળકોને નથી શાળા પ્રવેશ મળતો કે ના તો તેઓ સાથે સમાનતાભર્યું વર્તન કરવામાં આવતું. તેઓ પ્રત્યેના ભેદભાવ તેમજ પુખ્ત વયની એચ.આઇ.વી.ગ્રસ્ત વ્યક્તિઓ સાથેનો ભેદભાવ એક મહત્ત્વની સામાજિક સમસ્યા છે. આ સ્થિતિમાં ક્યારેક આત્મહત્યાના બનાવો પણ બને છે. તેઓને નોકરી ના મળે અને નોકરીમાંથી કાઢી મુકયા સુધી ભેદભાવનો સામનો કરવો પડે છે. વળી એચ.આઇ.વી.ગ્રસ્ત વિધવા બહેનોને ભારે સામાજિક વિરોધ સહન કરવો પડે છે. મિલકતમાંથી બેદખલ કરવાથી માંડી ઘરમાંથી કાઢી મૂકવાના અનેક ઉદાહરણો દેશભરમાંથી નોંધાયા છે. આ સ્થિતિમાં જનજાગૃતિ અનિવાર્ય બને છે. અત્રે એ પણ નોંધીએ કે એચ.આઇ.વી.ગ્રસ્ત વ્યક્તિઓના સંગઠનો તેઓના અધિકારો માટે અસરકારક રીતે પ્રયત્નો કરી રહ્યાં છે. ભારત સરકાર પણ આવાં સંગઠનોને સહાય અને માર્ગદર્શન આપે છે.

દેશની સર્વોચ્ચ અદાલતે વર્ષ ૨૦૧૫માં કિન્નરોને થર્ડ જેન્ડરની માન્યતા આપીને તેઓના અધિકારની દિશામાં મહત્ત્વનું પગલું ભર્યું છે. સદીઓથી સમાજથી હડધૂત થતાં આ સમુદાયના લોકો હવે સ્ત્રી, પુરૂષ અને (T) ટ્રાન્સજેન્ડર કે (O) અન્ય તરીકે ઔપચારિક રીતે ઓળખાવા લાગ્યા છે. શાળા-કૉલેજમાં પ્રવેશ કે સરકારી નોકરીઓમાં તેઓને અન્ય સમાન ગણવામાં આવી રહ્યા છે. કેરાલાના કોચી ખાતે શરૂ થયેલ મેટ્રોસેવામાં આવી ૨૩ વ્યક્તિઓને નોકરીમાં રાખવામાં આવ્યા. એ દર્શાવે છે કે સરકારનો અભિગમ હકારાત્મક બનતો જાય છે. આ સ્થિતિ હોવા છતાં સમગ્ર એલીજીબીટી સમુદાયને સમાજ સ્વીકૃતિ માટે લાંબો સમય રાહ જોવી પડશે એવું સમજાય છે. કેટલાક દેશોમાં તો તેઓનાં લગ્ન, પરિવાર અને સંબંધોને કાનૂની માન્યતા મળી છે. આયર્લેન્ડના નવા વરાયેલ પ્રમુખ સમલૈંગિક છે. આવાં અનેક ઉદાહરણો દ્વારા સમાજ પરિવર્તનથી દિશા કંડારાઈ રહી છે.

**ગૌરાંગ જાની, ગુજરાત યુનિવર્સિટીમાં એસોસિએટ પ્રોફેસર છે. ગુજરાતના અગ્રણી અખબારમાં કટાર લેખક છે.**

# સ્વાવલંબન - સ્કીમ અને અટલ પેન્શન યોજના/NPS-Lite




*સંગઠિત વર્ગના વંચિત સમુદાયનાં જૂથો સ્વેચ્છાથી પોતાની વૃદ્ધ અવસ્થા માટે બચત તરફ પ્રોત્સાહિત થાય તે હેતુથી કેન્દ્ર સરકારે ઑક્ટોબર ૨૦૧૦માં યોગદાન (contribution) ને આધારે ચાલતી સ્વાવલંબન પેન્શન યોજના રજૂ કરી છે. આ યોજના હેઠળ સરકાર NPS-Lite /સ્વાવલંબન યોજનામાં દાખલ થનારના ખાતામાં પાંચ વર્ષ માટે અથવા તો વર્ષ ૨૦૧૬-૧૭ સુધી બંનેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી સરકાર રૂ.૧૦૦૦નું યોગદાન આપશે. વ્યક્તિ ઓછામાં ઓછા વાર્ષિક રૂ.૧૦૦૦ થી માંડીને મહત્તમ રૂ.૧૨,૦૦૦ સુધીની રકમ પોતાના સ્વાવલંબન ખાતામાં જમા કરાવી શકશે. આ યોજના NPS-Lite ફિચર્સ ઑપ્ટિમાઇઝ્ડ કોસ્ટ ઈફેક્ટિવ ગ્રુપ મૉડેલ દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનામાં દાખલ થનાર વ્યક્તિઓના નાનકડા યોગદાનનું મૂડીરોકાણ કરવામાં આવે છે તથા વ્યક્તિગત રીતે તેનો રેકૉર્ડ રાખવામાં આવે છે. આ પદ્ધતિમાં વ્યક્તિ, કેન્દ્ર અને રાજ્ય સરકારો તરફથી અપાતા યોગદાનમાં સુગમતા (flaxibility) દાખવવામાં આવી છે. કેટલીક રાજ્ય સરકારોએ NPS-Lite / સ્વાવલંબન યોજના આંગણવાડી કામદારો અને સહાયકો, આશાવર્કર્સ, બાંધકામક્ષેત્રના મજૂરો વગેરે જેવાં સુનિશ્ચિત વ્યવસાયી જૂથો માટે અમલમાં મૂકી છે.*

અસંગઠિત વર્ગના વંચિત સમુદાયનાં જૂથો સ્વેચ્છાથી પોતાની વૃદ્ધ અવસ્થા માટે બચત તરફ પ્રોત્સાહિત થાય તે હેતુથી કેન્દ્ર સરકારે ઑક્ટોબર ૨૦૧૦માં યોગદાન (contribution) ને આધારે ચાલતી સ્વાવલંબન પેન્શન યોજના રજૂ કરી છે. આ યોજના હેઠળ સરકાર NPS-Lite / સ્વાવલંબન યોજનામાં દાખલ થનારના ખાતામાં પાંચ વર્ષ માટે અથવા તો વર્ષ ૨૦૧૬-૧૭ સુધી બંનેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી સરકાર રૂ.૧૦૦૦નું યોગદાન આપશે. વ્યક્તિ ઓછામાં ઓછા વાર્ષિક રૂ.૧૦૦૦ થી માંડીને મહત્તમ રૂ.૧૨,૦૦૦ સુધીની રકમ પોતાના સ્વાવલંબન ખાતામાં જમા કરાવી શકશે. આ યોજના NPS-Lite ફિચર્સ ઑપ્ટિમાઇઝ્ડ કોસ્ટ ઈફેક્ટિવ ગ્રુપ મૉડેલ દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનામાં દાખલ થનાર વ્યક્તિઓના નાનકડા યોગદાનનું મૂડીરોકાણ કરવામાં આવે છે તથા વ્યક્તિગત રીતે તેનો રેકૉર્ડ રાખવામાં આવે છે. આ પદ્ધતિમાં વ્યક્તિ, કેન્દ્ર અને રાજ્ય સરકારો તરફથી અપાતા યોગદાનમાં સુગમતા (flaxibility) દાખવવામાં આવી છે. કેટલીક રાજ્ય સરકારોએ NPS-Lite / સ્વાવલંબન યોજના આંગણવાડી કામદારો અને સહાયકો, આશાવર્કર્સ, બાંધકામક્ષેત્રના મજૂરો વગેરે જેવાં સુનિશ્ચિત વ્યવસાયી જૂથો માટે અમલમાં મૂકી છે. રાજ્યવાર લાભાર્થીઓની કેટેગરીઝ અને રાજ્ય સરકારના યોગદાન અંગેની રાજ્યવાર વિગતો નીચે ટેબલ નં.૧માં દર્શાવી છે. આ યોજના "Aggregatros" નામની પાયાના સ્તરે કામ કરતી મધ્યસ્થ સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે. આ સંસ્થાઓને PFRDA દ્વારા રજિસ્ટર્ડ કરવામાં આવે છે અને સંસ્થાઓ PFRDAના એગ્રીગેટર્સ માટેની ધોરણો અનુસાર યોજનામાં દાખલ થનાર લોકોને તેમના પેન્શનનાં ખાતા ખોલવામાં રકમ એકત્ર કરવામાં અને ટ્રસ્ટી બેંક સાથેના NPS ટ્રસ્ટ એકાઉન્ટમાં સમયાંતરે યોગદાન જમા કરાવવામાં સહાય કરવા જેવી કામગીરી બજાવે છે.

૨. તા.૩૧ માર્ચ, ૨૦૧૭ની સ્થિતિએ NPS-Lite/ સ્વાવલંબન યોજનામાં અંદાજે ૪૨.૩૯ લાખ લોકો જોડાયા હતા. મે, ૨૦૧૫માં અટલ પેન્શન યોજના શરૂ કરવાને પગલે સ્વાવલંબન યોજના હેઠળ નવી નોંધણી રદ કરવામાં આવી હતી અને ૧૮ થી ૪૦ વર્ષની વયજૂથના લોકોને અટલ પેન્શન યોજનામાં તબદીલ થવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. NPS-Lite યોજનામાંથી APY યોજનામાં તબદીલ થવા માટે સ્વાવલંબન યોજનામાં જોડાનારે જ્યાં તેમનું બચત ખાતું ચાલતું હોય તે બૅંકમાં જવાનું રહેશે અને

**ટેબલ- ૧: NPS- સ્વાવલંબન યોજનામાં કામદારોના સુનિશ્ચિત સમુદાયો માટે યોગદાન આપતી રાજ્ય સરકારો :**

| ક્રમ | રાજ્ય સરકારનું નામ | લાભાર્થીઓ | રાજ્ય સરકારનું સહ-યોગદાન |
|---|---|---|---|
| ૧. | આંધ્ર પ્રદેશ બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ વેલફેર બોર્ડ | બિલ્ડિંગ અને કન્સ્ટ્રક્શન વર્કર્સ | વાર્ષિક રૂ.૧,૦૦૦ |
| ૨. | ડિરેક્ટોરેટ ઑફ વિમેન ઍન્ડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ, કર્ણાટક | આંગણવાડી કામદારો અને સહાયકો | આંગણવાડી કામદારો માટે વાર્ષિક રૂ.૧૮૦૦, આંગણવાડી સહાયકો માટે વાર્ષિક રૂ.૧૦૦૪ |
| ૩. | કર્ણાટક સ્ટેટ અન-ઑર્ગેનાઇઝ્ડ વર્કર્સ સોશિયલ સિક્યોરિટી બોર્ડ | સુનિશ્ચિત યાદી મુજબ અસંગઠિત ક્ષેત્રના કામદારો | વાર્ષિક રૂ.૧૦૦૦ |
| ૪. | ઝારખંડ બિલ્ડિંગ ઍન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ વેલફેર બોર્ડ, રાંચી | બિલ્ડિંગ ઍન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ | વાર્ષિક રૂ.૧,૦૦૦ |
| ૫. | બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ વેલફેર બોર્ડ, રાજસ્થાન | બિલ્ડિંગ ઍન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ | વાર્ષિક રૂ.૧,૦૦૦ |
| ૬. | છત્તીસગઢ સરકાર | સુનિશ્ચિત યાદી મુજબ અસંગઠિત ક્ષેત્રના કામદારો | વાર્ષિક રૂ.૧,૦૦૦ |
| ૭. | દિલ્હીની એનસીટી સરકાર | સુનિશ્ચિત યાદી મુજબ અસંગઠિત ક્ષેત્રના કામદારો | વાર્ષિક રૂ.૧,૦૦૦ |
| ૮. | આસામ સરકાર | સુનિશ્ચિત યાદી મુજબ અસંગઠિત ક્ષેત્રના કામદારો | વાર્ષિક રૂ.૧,૦૦૦ |
| ૯. | હરિયાણા સરકાર | શેરડી ઉગાડતા ખેડૂતો, મંડળીઓ/ સહકારી ખાંડ મિલો/ હાફેડ સુગરમિલ / દૂધસહકારી મંડળીઓ અને આંગણવાડી કાર્યકરો | રૂ.૧૨૦૦ |
| ૧૦. | મધ્ય પ્રદેશ સરકાર | બિલ્ડિંગ એન્ડ કન્સ્ટ્રક્શન વર્કર્સ | રૂ.૧૦૦૦ |

પોતાની બૅંકની પાસબુક, NPS-Lite/ સ્વાવલંબન PRAN કાર્ડ સાથે રાખવાનાં રહેશે. જો, યોજનામાં જોડાયેલી વ્યક્તિનું બચતખાતુ અને અથવા આધારકાર્ડ ના હોય તેમણે પહેલાં બચતખાતુ ખોલાવવાનું રહેશે અને આધારકાર્ડ માટે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ૪૦ વર્ષથી વધુ ઉંમરના સ્વાવલંબન યોજનામાં જોડાયેલા લોકો તેમની ઉંમર ૬૦ વર્ષ થાય, ત્યાં સુધી જ યોજનામાં ચાલુ રહી શકશે.

**અટલ પેન્શન યોજના**

૩. ભારત સરકાર કામકાજ સાથે જોડાયેલા ગરીબોની વૃદ્ધાવસ્થાની આવક અંગે ખૂબ જ ચિંતિત છે અને તેમને પેન્શન પદ્ધતિમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરી રહી છે. અસંગઠિત ક્ષેત્રના કામદારોને ઉંમર વધવા સાથે સંકળાયેલાં જોખમો હલ કરવા માટે અને તેમને સ્વેચ્છાએ પોતાની વૃદ્ધ અવસ્થા/ નિવૃત્તિ માટે બચત કરવા પ્રોત્સાહિત કરી રહી છે. સરકારે મે, ૨૦૧૫માં અટલ પેન્શન યોજના (APY) શરૂ કરી છે. કોઈ પણ ભારતીય નાગરિક કે જેણે રજિસ્ટ્રેશનના દિવસે ૧૮ વર્ષની વય પૂરી કરી હોય, પરંતુ ૪૦ વર્ષની વય સુધી પહોંચ્યા ન હોય તે અટલ પેન્શન યોજના (APY) માં જોડાઈ શકે છે. વ્યક્તિ જાહેરક્ષેત્રની કોઈપણ બૅંક, ખાનગી ક્ષેત્રની બૅંકો, પ્રાદેશિક ગ્રામ્ય બૅંકો, સહકારી બૅંકો અને ઇન્ડિયા પોસ્ટની નિર્ધારિત બૅંકો કે જે કોર બૅંકીંગ સૉલ્યુશન (સીબીએસ) સાથે જોડાયેલી હોય અને સીબીએસ સાથે APY મોડ્યુલ સાથે સંકલન કર્યું હોય ત્યાં યોજનામાં જોડાઈ શકે છે. કેટલીક જૂજ બૅંકો ઈન્ટર્નલ બૅંકિંગના પોર્ટલ માટે ગ્રાહકોને તૈયાર કરીને પેપરલેસ વાતાવરણનું નિર્માણ કરે છે. હાલમાં અંદાજે ૨૨૮ બૅંકો અને ઇન્ડિયા પોસ્ટ દેશમાં આવેલી તેમની ૧,૪૫,૦૦૦ શાખાઓ દ્વારા આ યોજનાનું અમલીકરણ કરી રહ્યા છે. APY યોજનામાં સામેલ થનાર વ્યક્તિને ઓછામાં ઓછું રૂ.૧,૦૦૦ અને રૂ.૫,૦૦૦ સુધીનું પેન્શન તેમના યોગદાનને આધારે ૬૦ વર્ષની વય પૂરી થતાં મળશે, જે APY યોજનામાં જોડાયાના વર્ષ ઉપર અને પસંદ કરેલા માસિક પેન્શન ઉપર આધાર રાખશે. રૂ.૧,૦૦૦ના માસિક પેન્શન માટે ૧૮ વર્ષની ઉંમરે સામેલ થનાર વ્યક્તિએ માસિક યોગદાનની આપવાની થતી રકમ રૂ.૪૨ જેટલી ઓછી રહેશે અને ૩૯ વર્ષની ઉંમરે રૂ.૫,૦૦૦ના માસિક

પેન્શન માટે જોડાનાર માટે રૂ.૧,૦૫૪ રહેશે. આ યોજનામાં જોડાનાર દરેક વ્યક્તિને કેન્દ્ર સરકાર અન્ય કોઈ વૈધાનિક સામાજિક સુરક્ષા યોજનામાં નહીં જોડાયેલ હોવી જોઈએ તથા આવકવેરો નહીં ભરતી હોવી જોઈએ. વ્યક્તિ તા.૩૧ માર્ચ, ૨૦૧૬ના રોજ અથવા તે પહેલાં કુલ યોગદાનના ૫૦ ટકા અથવા તો વાર્ષિક રૂ. ૧,૦૦૦નું યોગદાન બંનેમાંથી જે રકમ ઓછી હોય તે આપશે. વ્યક્તિ વર્ષમાં એક વાર એપ્રિલ માસમાં પોતાની પસંદગીના પેન્શનની રકમ, એકત્રિકીકરણના ગાળા દરમિયાન વધારી કે ઘટાડી શકે છે. તે મુજબ યોગ્ય સમય ગાળે આપવાની થતી રકમને એડ્જસ્ટ કરવામાં આવશે. યોજનામાં જોડાનાર વ્યક્તિનું ૬૦ વર્ષની ઉંમર પછી પેન્શન મેળવતા જો મૃત્યુ થાય તો તેના જીવનસાથીને જીવનકાળ દરમિયાન પેન્શનની તેટલી જ રકમ આપવામાં આવશે. યોજનામાં જોડાનાર વ્યક્તિ અને તેના જીવનસાથી એમ બંનેનું મૃત્યુ થાય તો નૉમિનીને એકત્ર થયેલ રકમ પેન્શન કૂપન્સ મારફતે પરત કરવામાં આવશે. આમ છતાં, યોજનામાં જોડાનાર વ્યક્તિનું યોજનાના ગાળા પહેલાં, ૬૦ વર્ષની ઉંમર થાય તે પહેલાં મૃત્યુ થાય તો જીવનસાથીને પેન્શન મળી રહે તે માટે આ ખાતામાં બાકીના ગાળા દરમ્યાન બાકી રહેતી રકમનું યોગદાન આપવાનો વિકલ્પ રહે છે અને યોજનામાં સામેલ થનાર મૂળ વ્યક્તિને જે સમયે પેન્શન મળવાપાત્ર બનતું હોય તે સમયે પેન્શન મેળવવાપાત્ર બનશે. જો કોઈ વ્યક્તિ આ યોજનામાંથી નીકળી જવા ઇચ્છતી હોય, તો તેને માત્ર તેણે જમા કરાવેલી રકમ, જાળવણી અને મૂડીરોકાણના સંચાલનનો ચાર્જ બાદ કરીને મળવાપાત્ર રકમ મળશે. ભારત સરકારે લઘુતમ પેન્શનની ગેરંટી આપેલી છે. જો એકત્રિકીકરણના ગાળા દરમિયાન પેન્શનના યોગદાન ઉપરનું વાસ્તવિક વળતર જે લઘુતમ પેન્શનની રકમની ખાત્રી અપાઈ હોય તેના ધારણા મુજબના વળતર કરતાં ઊંચુ હોય તો આવું વધારાનું વળતર યોજનામાં જોડાનારને આપવામાં આવશે અને તેનાથી વધુ લાભ પ્રાપ્ત થશે. આનો અર્થ એ થયો કે નીચલા સ્તરે જે જોખમ રહે છે, તે સરકાર ભોગવે છે, જ્યારે વળતરમાં જો વધુ લાભ થાય, તો તે લાભાર્થીઓ/ યોજનામાં જોડાનારને આપવામાં આવે છે. આ રીતે સ્વાવલંબન યોજનાની તુલનામાં APY યોજનામાં સુધારો કરાયો છે. આનો અર્થ એ થયો કે સરકારના યોગદાન ઉપરાંત તેને ખાત્રી મુજબનું લઘુતમ પેન્શન મળે છે. આ યોજનામાં કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટેની NPS યોજનામાં મૂડીરોકાણની જે તરાહ અપનાવવામાં આવી છે, તે તરાહને જ અનુસરવામાં આવી છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન આ યોજનામાં વળતરનો જે દર પ્રાપ્ત થયો છે, તે ૧૩.૯૧ ટકા જેટલો છે.

૪. યોજનામાં જોડાનાર વ્યક્તિ અટલ પેન્શન યોજના વિભાગમાં જઈને તેના વ્યવહારોનું સ્ટેટમેન્ટ (SOT) અને e-PRAN ઑનલાઇન જોઈ શકે છે તથા SOT અને e-PRAN કાર્ડની પ્રિન્ટ www.npscra.nsdl.co.in અથવા www.npstrust.rog વેબસાઇટની મુલાકાત લઈને SOT અને e-PRAN કાર્ડની પ્રિન્ટ મેળવી શકશે. APYPRN No. અને બૅંકના બચતખાતાના નંબરની વિગત આપીને મેળવી શકાશે. જે વ્યક્તિ પાસે APYPRN No. તુરંત ઉપલબ્ધ ન હોય, તો તે આ સગવડ પોતાની જન્મ તારીખ અને બૅંકના બચતખાતાનો નંબર આપીને મેળવી શકશે. આ ઑનલાઇન ટુલયોજનામાં જોડાનારને પોતાના APY એકાઉન્ટની સંપૂર્ણ વિગત પૂરી પાડશે. આવી વિગતમાં આર્થિક વ્યવહારોની વિગત, પેન્શનની વિગત, પેન્શન મેળવવાની તારીખ, નૉમિનીનું નામ, સહયોગી બૅંકનું નામ વગેરે વિગતનો સમાવેશ થાય છે. યોજનામાં જોડાનાર વ્યક્તિ પોતાનું e-PRAN કાર્ડ પ્રિન્ટ કરીને, જો જરૂર પડે તો ભવિષ્યના રેફરન્સ માટે સલામતીપૂર્વક જાળવી શકશે. જો પેન્શનની રકમમાં, યોગદાન આપવાના સમયગાળામાં કોઈ ફેરફાર કરવામાં આવે, તો યોગદાન આપવાનો ગાળો વગેરે બદલાય તો યોજનામાં જોડાયેલી વ્યક્તિ પોતાનું e-PRAN રિ-પ્રિન્ટ કરાવી શકશે અને તે તેના અપડેટ થયેલા રેકર્ડમાં પ્રતિબિંબિત થશે. વધુમાં યોજનામાં જોડાનાર વ્યક્તિ પોતાની ફરિયાદ /મુશ્કેલીઓ https://npslite-nsdl.com/CRAlite/griievance ઉપર નોંધાવી શકશે.

૫. તા.૧૩ જૂન, ૨૦૧૭ની સ્થિતિએ અંદાજે ૫૪.૭૧ લાખ વ્યક્તિઓ APY યોજનામાં નોંધાયેલા હતા, જેમાં ૬૨ ટકા ખાતાં પુરુષોનાં અને અંદાજે ૩૮ ટકા ખાતાં મહિલાઓનાં હતાં. મોટા ભાગની વ્યક્તિઓએ માસિક યોગદાન આપવાનો વિકલ્પ સ્વીકાર્યો છે. અંદાજે ૯૭.૫ ટકા લોકો દર મહિને યોગદાન આપે છે. અંદાજે ૦.૮ ટકા લોકો દર ત્રણ મહિને યોગદાન આપે છે અને અંદાજે ૧.૭ ટકા લોકો દર અડધા વર્ષે યોગદાન આપે છે. યોજનામાં જોડાયેલ મહત્તમ લોકો (૫૧.૫ ટકા) રૂ.૧,૦૦૦ના માસિક પેન્શન માટે જોડાયા છે, જ્યારે ૩૪.૫ ટકા લોકો માસિક રૂ.૫,૦૦૦ના પેન્શન માટે યોજનામાં જોડાયા છે. ઉંમર મુજબ તથા પેન્શન મુજબ માસિક, ત્રિમાસિક અને અર્ધ વાર્ષિક યોગદાનના હપતા નીચે ટેબર-૨માં દર્શાવ્યા છે.

## ટેબર-૨ અટલ પેન્શન યોજના હેઠળ આપવાના થતા યોગદાનનો ચાર્જ નીચે મુજબ છે.

| | | Minimum Guaranteed Pension of Rs. 1000/month | | | Minimum Guaranteed Pension of Rs.2000/month | | | Minimum Guaranteed Pension of Rs.3000/month | | | Minimum Guaranteed Pension of Rs.4000/month | | | Minimum Guaranteed Pension of Rs.5000/month | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Indicative Return of Corpus Amount to the Nominee | | Rs. 1.7 Lakh | | | Rs. 3.4 Lakh | | | Rs. 5.1 Lakh | | | Rs. 6.8 Lakh | | | Rs. 8.5 Lakh | | |
| Age at entry | Vesting period | Monthly contribution | Quarterly contribution | Half yearly contribution | Monthly contribution | Quarterly contribution | Half yearly contribution | Monthly contribution | Quarterly contribution | Half yearly contribution | Monthly contribution | Quarterly contribution | Half yearly contribution | Monthly contribution | Quarterly contribution | Half yearly contribution |
| 18 | 42 | 42 | 125 | 248 | 84 | 250 | 496 | 126 | 376 | 744 | 168 | 501 | 991 | 210 | 626 | 1239 |
| 19 | 41 | 46 | 137 | 271 | 92 | 274 | 543 | 138 | 411 | 814 | 183 | 545 | 1080 | 228 | 679 | 1346 |
| 20 | 40 | 50 | 149 | 295 | 100 | 298 | 590 | 150 | 447 | 885 | 198 | 590 | 1169 | 248 | 739 | 1464 |
| 21 | 39 | 54 | 161 | 319 | 108 | 322 | 637 | 162 | 483 | 956 | 215 | 641 | 1269 | 269 | 802 | 1588 |
| 22 | 38 | 59 | 176 | 348 | 117 | 349 | 690 | 177 | 527 | 1045 | 234 | 697 | 1381 | 292 | 870 | 1723 |
| 23 | 37 | 64 | 191 | 378 | 127 | 378 | 749 | 192 | 572 | 1133 | 254 | 757 | 1499 | 318 | 948 | 1877 |
| 24 | 36 | 70 | 209 | 413 | 139 | 414 | 820 | 208 | 620 | 1228 | 277 | 826 | 1635 | 346 | 1031 | 2042 |
| 25 | 35 | 76 | 226 | 449 | 151 | 450 | 891 | 226 | 674 | 1334 | 301 | 897 | 1776 | 376 | 1121 | 2219 |
| 26 | 34 | 82 | 244 | 484 | 164 | 489 | 968 | 246 | 733 | 1452 | 327 | 975 | 1930 | 409 | 1219 | 2414 |
| 27 | 33 | 90 | 268 | 531 | 178 | 530 | 1050 | 268 | 799 | 1582 | 356 | 1061 | 2101 | 446 | 1329 | 2632 |
| 28 | 32 | 97 | 289 | 572 | 194 | 578 | 1145 | 292 | 870 | 1723 | 388 | 1156 | 2290 | 485 | 1445 | 2862 |
| 29 | 31 | 106 | 316 | 626 | 212 | 632 | 1251 | 318 | 948 | 1877 | 423 | 1261 | 2496 | 529 | 1577 | 3122 |
| 30 | 30 | 116 | 346 | 685 | 231 | 688 | 1363 | 347 | 1034 | 2048 | 462 | 1377 | 2727 | 577 | 1720 | 3405 |
| 31 | 29 | 126 | 376 | 744 | 252 | 751 | 1487 | 379 | 1129 | 2237 | 504 | 1502 | 2974 | 630 | 1878 | 3718 |
| 32 | 28 | 138 | 411 | 814 | 276 | 823 | 1629 | 414 | 1234 | 2443 | 551 | 1642 | 3252 | 689 | 2053 | 4066 |
| 33 | 27 | 151 | 450 | 891 | 302 | 900 | 1782 | 453 | 1350 | 2673 | 602 | 1794 | 3553 | 752 | 2241 | 4438 |
| 34 | 26 | 165 | 492 | 974 | 330 | 983 | 1948 | 495 | 1475 | 2921 | 659 | 1964 | 3889 | 824 | 2456 | 4863 |
| 35 | 25 | 181 | 539 | 1068 | 362 | 1079 | 2136 | 543 | 1618 | 3205 | 722 | 2152 | 4261 | 902 | 2688 | 5323 |
| 36 | 24 | 198 | 590 | 1169 | 396 | 1180 | 2337 | 594 | 1770 | 3506 | 792 | 2360 | 4674 | 990 | 2950 | 5843 |
| 37 | 23 | 218 | 650 | 1287 | 436 | 1299 | 2573 | 654 | 1949 | 3860 | 870 | 2593 | 5134 | 1087 | 3239 | 6415 |
| 38 | 22 | 240 | 715 | 1416 | 480 | 1430 | 2833 | 720 | 2146 | 4249 | 957 | 2852 | 5648 | 1196 | 3564 | 7058 |
| 39 | 21 | 264 | 787 | 1558 | 528 | 1574 | 3116 | 792 | 2360 | 4674 | 1054 | 3141 | 6220 | 1318 | 3928 | 7778 |

**Source: PFRDA (Pension Fund Regulatory and Development Authority)**

# શ્રી વૈંકયા નાયડુએ અમદાવાદમાં ધ કલેક્ટેડ વર્ક્સ ઓફ મહાત્મા ગાંધી (સીડબલ્યુએમજી)નાં ૧૦૦ વોલ્યુમ સાબરમતી આશ્રમને અર્પણ કર્યા

કેન્દ્રિય માહિતી અને પ્રસારણ, શહેરી વિકાસ, મકાન અને ગરીબી નાબૂદી મંત્રી શ્રી વૈંકયા નાયડુએ અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં પબ્લિકેશન ડિવિઝન દ્વારા પ્રકાશિત ધ કલેક્ટેડ વર્ક્સ ઓફ મહાત્મા ગાંધી (સીડબલ્યુએમજી)નાં ૧૦૦ વોલ્યુમ સાબરમતી આશ્રમને અર્પણ કર્યા હતા. તેમણે જણાવ્યું કે ગાંધીજીના સંદેશ અને ઉપદેશ સનાતન અને અમર છે તથા માનવ સૃષ્ટિના તમામ પ્રશ્નોના જવાબ પૂરા પાડે છે.



કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી વૈંક્યા નાયડુએ અમદાવાદમાં સાબરમતી આશ્રમમાં પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત ધ કલેક્ટેડ વર્કસ ઑફ મહાત્મા ગાંધી (CWMG)ના ૧૦૦ વોલ્યુમ સાબરમતી આશ્રમને અર્પણ કર્યા હતાં. આ પ્રસંગે પ્રકાશન વિભાગના ડાયરેક્ટર જનરલ શ્રીમતી સાધના રાઉત, ગાંધીઆશ્રમના ચેરપર્સન અને ગુજરાત વિદ્યાપીઠના ચાન્સેલર શ્રીમતી ઈલાબેન ભટ્ટ, ગાંધી આશ્રમના ટ્રસ્ટીશ્રી કાર્તિકેય સારાભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે શ્રી નાયડુએ કહ્યું હતું કે, આ વોલ્યુમ્સ સામાન્ય પ્રકાશન નથી અને તેમનાં પાનાંમાં શાશ્વત શાણપણ રહેલું છે. આ વોલ્યુમ પ્રકાશન જગત માટે ગર્વ કરવાને યોગ્ય છે. તેમણે જણાવ્યું હતું કે, ''આ પુસ્તકોમાં તમને જે તે સમયની સામાજિક, રાજકીય અને વ્યક્તિગત સ્થિતિમાં ગાંધીજીનું ગંભીર, સ્પષ્ટ અને નૈતિક વિશ્લેષણ મળશે. વળી તમને તેમાં જીવનનાં દરેક પાસાં, તમામ પરિબળોમાં મહાત્માનાં વિચારોની જાણકારી મળશે. આ વારસાને ભાવિ પેઢીઓ માટે તેનાં મૂળ સ્વરૂપે જાળવવો આપણી પવિત્ર ફરજ છે, કારણ કે તે ભારતીય ઇતિહાસનો મહત્ત્વપૂર્ણ ભાગ છે.''

મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમનાં મંત્રાલય હેઠળ પ્રકાશન વિભાગ ગાંધીવાદી વિચારોને પ્રોત્સાહન આપવા સતત કાર્યરત છે, જે માટે મહાત્મા ગાંધી પર ઐતિહાસિક વારસા સમાન પુસ્તકોની આવૃત્તિને પુનઃપ્રકાશિત કરવા ગાંધીવાદી વિચારોને વરેલી સંસ્થાઓ સાથે સંકલન કરે છે. શ્રી નાયડુએ જાણકારી આપી હતી કે ગાંધીવાદી વિચારો નવી પેઢીનાં વાચકો સુધી પહોંચે એ સુનિશ્ચિતતા કરવા આ તમામ પુનઃપ્રકાશિત આવૃત્તિઓ ઇ-બુક્સ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવી છે તેમજ ઓનલાઇન સેલ માટે પણ ઉપલબ્ધ છે. મંત્રીએ ઉમેર્યું હતું કે, ''વર્ષ ૨૦૧૯માં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીની તૈયારીનાં ભાગરૂપે હું તમને જણાવું છે કે અનેક ઐતિહાસિક વારસાગત પ્રકાશનોનું પુનઃપ્રકાશન કરવાની પ્રક્રિયા ચાલી રહી છે અને તેનું પ્રકાશન ટૂંક સમયમાં થશે.''

સીડબલ્યુએમજી (૧૯૫૬થી ૧૯૯૪)ની મૂળ આવૃત્તિ તૈયાર કરવા દરમિયાન સાબરમતી આશ્રમની ભૂમિકાની જાણકારી આપતાં શ્રી નાયડુએ કહ્યું હતું કે, સાબરમતી આશ્રમે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી, કારણ કે સીડબલ્યુએમજી સલાહકાર બોર્ડનાં ઘણાં સભ્યો સાબરમતી આશ્રમ સાથે સંકળાયેલા હતાં અને સમગ્ર દુનિયામાં છૂટાછવાયાં મૂળ દસ્તાવેજોનું એકત્રીકરણ, સંગ્રહ, જાળવણી મુખ્યત્વે ગાંધી સ્મારક નિધિ, નવી દિલ્હી અને સાબરમતી આશ્રમનાં નેજાં હેઠળ થઈ હતી.

મંત્રીએ પ્રકાશન વિભાગને આ ૧૦૦ વોલ્યુમની ઝીણવટભરી તપાસમાં સાથસહકાર આપવા બદલ ગુજરાત વિદ્યાપીઠમાં સીડબલ્યુએમજીનાં હેડ શ્રીમતી દિના પટેલનાં પ્રદાનની પ્રશંસા કરી હતી. તેમણે સાબરમતી આશ્રમનાં ડિરેક્ટર શ્રી ત્રિદીપ સુહૃદ અને ગુજરાત વિદ્યાપીઠનાં ભૂતપૂર્વ કુલનાયક ડો. સુદર્શન આયંગરનાં સીડબલ્યુએમજીની ડિજિટલ માસ્ટર કોપી તૈયાર કરવામાં અમૂલ્ય માર્ગદર્શનને બિરદાવ્યું હતું. સાબરમતી આશ્રમ દ્વારા જાળવવામાં આવતી ધ ગાંધી હેરિટેજ પોર્ટલ ઇ-સીડબલ્યુએમજીનું હોસ્ટિંગ પણ કરે છે. આ પ્રસંગે પ્રકાશન વિભાગના ડાયરેક્ટર જનરલ શ્રીમતી સાધના રાઉત તેમજ ગાંધીઆશ્રમ અને ગુજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

પ્રકાશન તા. ૨૪ જૂન, ૨૦૧૭
પોસ્ટિંગ તા. ૧ જુલાઈ, ૨૦૧૭

R.N.I. 48778/90
REGD. NO. GAMC 222/2015-2017
VALID UPTO 31-12-2017 ISSUED BY SSP AHMEDABAD
PERMITTED TO POST AT PSO AHMEDABAD ON 1ST OF EVERY MONTH
Licence to Post Without Prepayment No. CPMG/GJ/71/2014-15 VALID UPTO 31-12-2017

**YOJANA (GUJARATI), July 2017** | **O.I.G.S.**

પ્રતિશ્રી,

પ્રેષક :
તંત્રીશ્રી,
'યોજના' કાર્યાલય
પ્રકાશન વિભાગ, ભારત સરકાર
અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બૅન્કની ઉપર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

## નીચેના પુસ્તકો ૫૦ ટકા વળતર ઉપર ઉપલબ્ધ છે

### બી.એમ. આઈ. સીરીઝ

| | | |
|---|---|---|
| ૧ | મૌલાના અબુલ કલામ આઝાદ | ૭૫.૦૦ |
| ૨ | માદામ ભિખાઈજી કામા | ૬૦.૦૦ |
| ૩ | સી. એફ. એન્ડ્રયુઝ | ૧૫૦.૦૦ |
| ૪ | કાલિદાસની કહાની | ૩૨.૦૦ |
| ૫ | કાકા સાહેબ કાલેલકર | ૨૧૦.૦૦ |
| ૬ | સ્વામી દયાનંદ સરસ્વતી | ૮૦.૦૦ |
| ૭ | ઠક્કરબાપા | ૮૦.૦૦ |
| ૮ | આપણો રાષ્ટ્રધ્વજ | ૧૧૦.૦૦ |
| ૯ | ભારતના ગૌરવ ગ્રંથ - ગુજરાતી | ૭૦.૦૦ |
| ૧૦ | ભારતીય જનજાતિઓ અતીતના ઝરૂખેથી | ૧૦૦.૦૦ |
| ૧૧ | ભારતીય જનતાના ઈતિહાસની રૂપરેખા | ૭૦.૦૦ |
| ૧૨ | ગુજરાતમાં જાગૃતિની લહેરો | ૭૨.૦૦ |
| ૧૩ | ગુજરાતના આદિવાસી નૃત્યો | ૭૦.૦૦ |
| ૧૪ | દ્રષ્ટાઓ અને ચિંતકો | ૫૦.૦૦ |
| ૧૫ | સંગીતજ્ઞો | ૪૫.૦૦ |
| ૧૬ | કવિઓ, નાટ્યલેખકો અને આખ્યાનકારો | ૭૫.૦૦ |
| ૧૭ | તત્વજ્ઞાનના આદ્યસ્થાપકો | ૩૮.૦૦ |
| ૧૮ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૧) | ૪૫.૦૦ |
| ૧૯ | સંતો અને ભક્તકવિઓ (ભાગ-૨) | ૫૬.૦૦ |
| ૨૦ | દાર્શનિક અને ધાર્મિક અગ્રેસરો | ૨૮.૦૦ |
| ૨૧ | વૈજ્ઞાનિકો | ૪૫.૦૦ |
| ૨૨ | સૌંદર્ય મીમાંસકો | ૫૦.૦૦ |
| ૨૩ | વાલ્મીકિ અને વ્યાસ | ૨૨.૦૦ |
| ૨૪ | રામાયણ, મહાભારત અને ભાગવતના લેખકો | ૮૫.૦૦ |
| ૨૫ | રાજકુમારી નિહાલદે | ૧૨.૦૦ |
| ૨૬ | સરકતા સર્પગૃહની વાર્તા | ૪૮.૦૦ |
| ૨૭ | આંગણબાગની માર્ગદર્શિકા | ૧૧૫.૦૦ |

Printed & Published by **Dr. (Ms) Sadhana Rout,** D.G. and Head on behalf of Publication Division, Soochna Bhawan, C.G.O. Complex, New Delhi-110 003.
Printed by Mirror Image Pvt. Ltd., A-40/41, GIDC Electronics Estate, Sector-25, Gandhinagar-382016. Phone: 079-23287291
**Director & Chief Editor : Deepika Kachhal** **Assistant Director : Ajay Indrekar**
For business queries/subsciption, please email at **pdjucir@gmail.com or call on (011) 24367260 / 24365609 / 24365610**